SMT. HANSA MEHTA LIBRARY BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja University
Call No. 7D 199.3 .K2
G.12312

D.L.

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધીઆ ગ્રન્થમાળા.

# મુસલમાનોની રાજકીય તથા વિદ્યા સંબંધી ચઢતીનો ઈતિહાસ અને તેમની પડતીનાં કારણો.

ઉર્દુ ઉપરથી લખનાર,
મહેબુબમિયાં ઇમામબક્ષ કાદરી,
બી. એ. એલ. એલ. બી.

---:xx:---

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ,
આસિ. સેક્રેટરી.– અમદાવાદ.

અમદાવાદ.
ધી. 'યુનિયન' પ્રિ. પ્રેસ, કંપની લીમીટેડમાં
મોતીલાલ સામળદાસે છાપ્યું.

આવૃત્તિ ૩ જી. ] સને ૧૯૨૦. [ પ્રત. ૧૦૦૦

કીંમત ચાર આના.

( સર્વ પ્રકારના હક્ક ગુ. વ. સોસાઇટીને સ્વાધીન છે )

અમદાવાદ.
ટંકશાળમાં ધી " યુનિયન " પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યું.

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધીઆ ગ્રન્થમાળાનો

# ઉપોદ્ઘાત.

મુસલમાન કોમમાં સાંસારિક રીતરિવાજોમાં સુધારો થાય, નીતિની વૃદ્ધિ થાય અને સામાન્ય જ્ઞાન તથા વિદ્યાનો પ્રસાર થાય તેવાં પુસ્તકો ઇનામ આપીને રચાવવા માટે કાઠિઆવાડના ધોરાજી ગામના વતની અને વેપાર અર્થે દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રહેતા, તથા " પૃથ્વી પ્રદક્ષિણા " નામના પુસ્તકના કર્તા, **મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધીઆએ** રૂ. ૨૫૦૦ ની ત્રણ ટકાની સરકારી પ્રોમીસરી નોટો સન ૧૯૦૩ માં સોસાઇટી હસ્તક સોંપી હતી. ફંડની આવકમાં કાયમનો વધારો થાય તે માટે સોસાઇટીએ તેજ સાલમાં સદરહુ નોટો વેચી તેનાં અમદાવાદ મ્યુનિસિપાલીટીનાં સવાચાર ટકાનાં રૂ. ૨૨૦૦) નાં ડીબેંચરો લીધાં છે. તેના વ્યાજમાંથી **"મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધીઆ ગ્રન્થમાળા"** ના નામથી આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો રચાવી સોસાઇટીએ પોતાના ખર્ચે છપાવી પ્રસિદ્ધ કર્યાં છે.

| | | |
|---|---|---|
| ૧ | મુસલમાનોની રાજકીય તથા વિદ્યા સંબંધી ચઢતીનો ઇતિહાસ અને તેમની પડતીનાં કારણો. | ૦-૪-૦ |
| ૨ | સર સૈયદ એહેમદનું ચરિત્ર. | ૦-૮-૦ |
| ૩ | મિરાતે સિકંદરી. | ૧-૦-૦ |
| ૪ | અયામા. | ૦-૬-૦ |

Gurjar.
PURCHASED
Date 23-10-59
Initial hrn
G·12312.
Rs: 0=25.
7D
199-3
K2
SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.



# મુસલમાનોની રાજકીય તથા વિદ્યા સંબંધી ચઢતીનો ઈતિહાસ, અને તેની પડતીનાં કારણો.

પૃથ્વીની સપાટી ઉપર મુસલમાનોની કોમ એકલી જ એવી નથી કે જેની ચઢતી પછી પડતી થઇ હોય. બીજી પણ એવી ઘણી પ્રજાઓ થઇ ગઇ છે કે, જેમની ચઢતી, મોટાઇ અને દરજ્જો મુસલમાનો કરતાં કોઇપણ રીતે ઉતરતાં હોય નહી અને જેમની પડતી મુસલમાનો કરતાં ઘણે અંશે વધારે થઇ હોય. મુસલમાન કોમ હજુ સુધી કાયમ છે અને ઇસલામ હાલમાં પણ કરોડો માણસોનાં અંતઃકરણમાં ઉભરાઇ રહ્યો છે ઘણી કોમો એવી પણ થઈ ગઇ છે કે જે પોતાના વખતમાં હકુમત, મોટાઇ અને સુધારાવધારાને લીધે અનુપમ હતી; અને જો કે હજુ સુધી પણ તેઓનું નામ સૃષ્ટિના પૃષ્ટ ઉપરથી તદન ભુસાઇ ગયું નથી; તોપણ તેમની ઘણીજ નજીવી તથા ઝાંખી યાદગીરી બાકી રહી છે. એવી પ્રજાઓ તથા ધર્મોની ભવિષ્યમાં ચઢતી થવાની કાંઇ આશા નથી; પરંતુ જે કોમનો સંબંધ પૃથ્વીની સપાટીની સાથે જોડાએલો છે તે કોમની ચઢતીની આશા રાખવાને સંપૂર્ણ કારણો છે; અને ભૂતકાળના ઇતિહાસ તથા વૃત્તાંતો ઉપરથી અમે જે સારાંશ નીપજાવી શકીએ તે અમારા ભવિષ્યના અનુવર્તન સારૂ બેશક કામ લાગી શકે.

બળવાન પ્રજા એક મજબુત તથા ઉંચી સડકના જેવી છે. જ્યારે આપણે તેની તરફ નજર કરીએ છીએ ત્યારે તેની મોટાઇ, મજબુતી તથા કદાવરપણું જોઇને આપણને એમ લાગે છે કે આની પાયમાલી કોઇ દિવસ થશે નહિ. પણ ઘણી વાર એવું બને છે કે લાંબી મુદત પછી તે સડકનો પત્તો પણ રહેતો નથી. કોઇ વેળા તો ધરતીકંપ અથવા જ્વાળામુખી જેવાં કુદરતી કારણોને લીધે એમ બને છે. એવી રીતે ભુતકાળમાં વખતોવખત આખી પૃથ્વીની સપાટીના દેખાવો બદલાતા રહ્યા છે અને હાલમાં પણ કદી કદી તેવા ફેરફારો થાય છે. વળી આ જમાનામાં ભૂસ્તરવિદ્યાના એક ગહન તથા મુશ્કેલ સવાલનો ફડચો કરનારાઓએ નવી શોધથી સાબીત કરી આપ્યું છે કે મોટામાં મોટા અને મજબુતમાં મજબુત પર્વતો માત્ર પાણી, સૂર્ય અથવા હવાની અસરથીજ નાશ પામતા નથી, પરંતુ લાખો કરોડો અતિ ઝીણા કીડાઓ આ પર્વતોને રજકણે રજકણે ખાઇ જાય છે. સ્વિટ્ઝર્લાંડના ઉંચામાં ઉંચા ફ્રાન્સહૉર્ન પર્વતના સંબંધમાં એમ કહેવાય છે કે તે આવી જાતના કીડાઓની અસરથી ભાંગી જવાની હાલતમાં છે; અને લાંબી મુદત પછી રેતી થઇને વહી જશે અને તેનું નામ નિશાન પણ નહિ રહે. પ્રજાઓની પણ એવીજ હાલત છે. ઘણાં નજીવાં કારણો કે જેમના તરફ કદી ધ્યાન પણ અપાતું નથી, તે એકઠાં થઇને આ નાનાં જીવડાઓની પેઠે પ્રજાઓનો નાશ કરે છે. જે પર્વત કેટલાંક સૈકાં પહેલાં મોટાઇ અને મજબુતીમાં અનુપમ માનવામાં આવતો હતો તે અંતે આ નાના નાના કીડાઓથી ખવાઇને નાબુદ થઇ જાય છે, એવીજ રીતે જે કોમ પોતાની શક્તિ, દોલત તથા મોટાઇના વખતમાં દુનીઆના ફેરફારોની સામે ટકી શકે એવી ગણવામાં આવે છે, તે પણ નજીવાં



કારણો એકઠાં થવાને લીધે, નબળી તથા શક્તિહીન થતાં થતાં અંતે એવી પાયમાલ થઇ જાય છે કે તેનો પત્તો પણ મળતો નથી.

જે પ્રજાઓ ભૂતકાળમાં ચઢતીએ પહોંચી ને પછી નાશ પામી ગઇ તેમાં પ્રખ્યાત ઇરાની, યુનાની ( ગ્રીક ), રોમન, મીસરી તથા યાહુદી પ્રજાઓ છે. યાહુદીઓની સ્થિતિ અમારી સાથે ઘણે દરજ્જે મળતી આવે છે, તેથી પહેલાં હું તેજ પ્રજાની ટુંકી હકીકત વર્ણવું છું.

"બની ઇસરાઇલ" ની પ્રજા હઝરત યુસુફના વખતથી મીસરમાં આબાદ થઇ. તેમની ઘણીએક પેઢીઓ મિસરના "ફિરયોન" ના નામથી ઓળખાતા રાજાઓની ગુલામગીરીમાં રહી. તેઓને જાતજાતની મુશ્કેલી તથા હાડમારી ભોગવવી પડી. હઝરત મુસાએ તેમને મીસરમાંથી કાઢી એ દુઃખમાંથી છોડવ્યા, અને સિરિયા ( શામ ) નો આબાદ તથા ફળદ્રુપ મુલક ઇશ્વર તરફથી મળશે એવું વચન આપ્યું. ફિરયોન પાદશાહોની ગુલામગીરીની સ્થિતિમાં રહ્યાથી એ પ્રજાની હિમ્મત તથા બહાદુરી નષ્ટ થઇ હતી. તેથી જ્યારે હઝરત મુસાએ તેમને કહ્યું ત્યારે તેઓ બોલી ઉઠ્યા કે "અરે મુસા તેમાં તો એક બળવાન પ્રજા વસે છે, તેઓ ત્યાંથી નીકળશે નહિ ત્યાં સુધી અમે ત્યાં જવાના નથી. જો તેઓ નીકળી જાય તો અમે બેશક ત્યાં દાખલ થઇશું." ( કુરાન ) હઝરત મુસાએ તેમને ઘણી રીતે સમજાવ્યા તથા હિમ્મત આપી પણ તેઓએ એ વાત બિલકુલ માન્ય કીધી નાહ, અને જ્યારે જ્યારે તેઓને કહેવામાં આવતું ત્યારે ત્યારે તેઓ એજ જવાબ આપતા કે, "જ્યાં સુધી તેઓ ત્યાં છે ત્યાં સુધી અમે બિલકુલ તે દેશમાં દાખલ થઇશું નહિ. તમારા ઇશ્વરને લઇને તમેજ ત્યાં જાઓ અને બન્ને લડો. અમે અહીંજ બેસી રહીશું." (કુરાન) છેવટે પરમેશ્વરે પોતાની કુદરતના ધોરણ પ્રમાણે,

લાંબા વખતની ગુલામગીરીને લીધે, તેમને લડાઈને માટે લાયક ધાર્યા નહિ અને ચાળીસ વર્ષ સુધી તેમને જંગલમાં દુઃખી તથા ભટકતા રાખ્યા; એટલે સુધી કે તે કોમ કે જેની નસોમાં સુરતી તથા નામોશી પ્રસરેલી હતી તે તેજ જંગલમાં નાશ પામી, અને વીસ વર્ષની ઉમરની ઉપરનો કોઈ પણ માણસ જીવતો રહ્યો નહિ, અને જે નવી પ્રજા પેદા થઈ તે મહેનત તથા હાડમારીમાં ઉછરી હતી અને તેમાં સ્વાભિમાન તથા બહાદુરીનો નવો જુસ્સો પેદા થયો હતો, તેમને લઈને હઝરત મુસા આગળ વધ્યા. "પછી ત્યાં દાખલ થયા અને તે બળવાનોને હરાવ્યા." ( કુરાન ) બની ઇસરાઇલ કોમના લોકો પોતાને ઇશ્વરના ખાસ સેવક ગણતા હતા. તેમને ખાતરી હતી કે આખી પૃથ્વીપર પરમેશ્વરનું રાજ્ય સ્થાપવાના તથા આખી દુનિયામાંથી મૂર્તિપૂજા દૂર કરીને લોકોનું વલણ એકજ પરમેશ્વરની પ્રાર્થના તરફ ખેંચવાના હેતુથીજ અમે સરજાયા છીએ, કેટલીક મુદત સુધી પેલેસ્ટાઇન તથા પવિત્ર ભૂમિમાં તેઓ સિરિઆના મોટા માણસો તથા કાઝીઓની તાબેદારીમાં રહ્યા પછી આખી પ્રજા એક રાજાના વાવટા હેઠળ એકઠી થઇ. આ જમાનો તેઓની ચઢતામાં ચઢતી સ્થિતિનો હતો; અને આ વખતે હઝરત સુલેમાનનું રાજ્ય મોટાઇ તથા વિસ્તારમાં પૂર્ણ કળાએ પહોંચ્યું હતું. તેમના અમલ દરમિયાન ચોતરફના રાજા તથા રાણીઓ જેરૂસાલમના આ નિર્દોષ તથા ડાહ્યા રાજા આગળ માથું નમાવતા, એટલુંજ નહિ પણ હિંદુસ્તાનનું સોનું અને ઝવેરાત તથા મોર પક્ષી પણ નજરાણા તરીકે તેમની પાસે મોકલવામાં આવતાં. ચારે દિશાએથી ત્યાં દોલતની વૃદ્ધિ થતી હતી. આખી કોમ એકજ રાજાના અમલ હેઠળ હતી; પરંતુ યાહુદી કોમના સ્વભાવમાં તકરાર, ટંટા તથા નાફરમાનીનો અંશ હમેશાં



હસ્તી ધરાવતો આવ્યો છે. તેઓએ પોતાના ઇશ્વર તથા ધર્મની સામે બળવો ઉઠાવ્યો હતો, એટલુંજ નહિ પણ પોતાના રાજાઓની સામે થવામાં પણ તેઓ અચકાયા નહિ. એજ દુર્ગુણ વધતાં વધતાં સામાન્ય પ્રજામાં પ્રસરી ગયો, અને અંતે એજ કારણને લીધે તે પ્રજાનો નાશ થયો. હઝરત સુલેમાનના રાજ્યના અંત સુધી યાહુદીઓની બાર શાખાઓમાં પાંચસો વર્ષ સુધી સંપ રહ્યો, જો કે તે દરમિયાન પણ કદી કદી માંહેમાંહે લડી પડતા; પણ હઝરત સુલેમાનના મરણ પછી દસ શાખાઓએ બળવો કરીને એક નવું રાજ્ય સ્થાપન કર્યું. આ ફાટફુટને લીધે બીજી કોમોને તેમના ઉપર ચઢાઇ કરવાની તક મળી. પેલેસ્ટાઇનમાં ઓગણીસ રાજાઓ સલાહસંપમાં રાજ્ય કરી ચુક્યા હતા. પણ તેમની પછી જે ફાટફુટ થઇ તેને લીધે એસિરિયાના રાજા શાહમેન શેરને તેમના મુલક ઉપર ચઢાઇ કરવાની હિંમત થઇ. આ હુમલાનું પરિણામ એ આવ્યું કે ઘણા ખરા યાહુદીઓને કેદ કરીને તે લઇ ગયો. તે પછી એ દસ શાખાઓનું શું થયું તેની કોઇને ખબર નથી. તેમનું નામ કે નિશાન પણ બાકી રહ્યું નહિ. આ દસ શાખાની જે દશા થઇ તેજ દશા બાકીની જે બે શાખાઓ જેરૂસાલેમમાં રહી હતી તેમની પણ થઇ. આશરે સો વર્ષના અરસામાં બાબીલનના રાજાએ તેમના મુલકને જીતી લઇને તેમને સીત્તેર વર્ષ સુધી પોતાના શહેરમાં કેદ રાખ્યા. આ જમાના પછી યાહુદીઓના દેશનો ઇતિહાસ નાબુદ જેવો થઇ ગયો. તેમનું રાજ્ય તો ગયું પણ તેની સાથે વળી તેમને સ્વભૂમિ પણ છોડવી પડી. કેદમાંથી છૂટીને જ્યારે આ લોક પોતાના દેશમાં પાછા આવ્યા ત્યારે તેમને નાના ભાગોમાં વહેંચી લીધો, તેથી માંહોમાંહેની લડાઇ શરૂ થઇ તે એટલે સુધી કે હઝરત ઇસાના જન્મની સો વર્ષ પહેલાં

તેમનો દેશ રોમન લોકોના હાથમાં ગયો અને તેમના ઉપર રાજ્ય ચલાવવાને એક રોમન હાકેમ મુકરર કરવામાં આવ્યો. આ સ્થિતિ પણ ઠીક હતી પરંતુ લડાઇ ટંટાનો જે અંશ યાહુદીઓની પ્રકૃતિમાંજ હતો તેને લીધે આવી સ્થિતિ પણ કેમ ચાલુ રહે? જ્યારે તેમણે ઉઘાડી રીતે રોમનોની સામે બળવો કર્યો ત્યારે તેમને એવી ભારે સજા કરવામાં આવી કે તેનને પૃથ્વીની સપાટી ઉપર વિખરાઇ ગયા સિવાય છુટકોજ ન રહ્યો. પરંતુ જે જે જગોએ એ લોકો ગયા ત્યાં ત્યાં પોતાનો ધર્મ સાથે લેતા ગયા, અને હજુ સુધી એ લોકોના મનમાં આશા છે કે અમને જે ભૂમિ બાબત વચન આપવામાં આવ્યું છે તે પાછી મળશે.

આ ટુંકા ઐતિહાસિક વર્ણન પછી જે કારણોને લીધે આ કોમની ચઢતી અને પડતી થઇ તેનો વિચાર કરીએ. ગુલામગીરીની સ્થિતિમાં રહેવાથી તેઓ બીકણ તથા નામરદ થયા. પછી દુઃખ અને મહેનત ઉઠાવવાથી તથા જગતમાં રહેવાથી તેઓમાં ફરી શૌર્ય પેદા થયું. ધર્મ તથા સંપ, હિંમત તથા બહાદુરીને લીધે તેઓ ઉંચે દરજ્જે પહોંચ્યા પછી તેઓમાં કુસંપ ફેલાયો અને ઝગડો ઉઠયો; અને મગરૂરી, અહંકાર તથા હુંપદ તેઓમાં દાખલ થયાં. દરેક માણસ પોતાને ઇશ્વરના ખાસ સેવક તરીકે ગણતો અને બીજી કોમોના લોકો તરફ તિરસ્કારની લાગણીથી જોતો. રાજ્યની સાથે દોલત તેમના હાથમાં આવ્યાથી તેઓ મોજશોખમાં પડયાં. ઇશ્વરી મદદ ઉપર ભરોંસો રાખીને તેઓએ હાથપગ હલાવવાનું તથા પોતાના ભલા માટે શ્રમ કરવાનું કામ તદન મુકી દીધું. તેમના ધર્મગુરૂઓ, વિદ્વાનો તથા કાઝીઓ સ્વાર્થી તથા ધર્માંધ બનીને ધર્મમાં ફેરફાર કરવા લાગ્યા. સાધારણ તથા અજ્ઞાન લોકો અસલ ધર્મને છોડીને



પોતાના ધર્મગુરૂઓ તથા વિદ્વાનોને પૂજવા તથા પેગંબર સમજવા લાગ્યા. અરૂં જોતાં બહારની ખોટી વડાઇ સિવાય તેમનામાં રાજ્ય કરવાની શક્તિ કે ધર્મની શ્રેષ્ઠતા રહ્યાં નહિ. એનું પરિણામ એ થયું કે વખતના ફેરફારની સામે તેઓ ટકી શક્યા નહિ; અને જ્યારે બીજી કોમોએ તેમના ઉપર ચઢાઇઓ કરી ત્યારે તેઓ હાથ ઘસતા રહી ગયા. તેઓની પાસે એવી કોઇપણ સામગ્રી નહતી કે જેના ઉપર ભરોંસો રાખીને શત્રુની સામે થવાનું તેઓ નામ પણ લઇ શકે. પછી જે કોમ દુનિયામાં સૌથી વધારે આબરૂદાર હતી, જે પ્રજા પૃથ્વી ઉપર ઇશ્વરની ખાસ વહાલી ગણાતી હતી, જે લોકોમાં પરમેશ્વરે મોટામોટા નામાંકિત પેગંબરો તથા ધર્મગુરૂઓ ઉત્પન્ન કર્યા હતા, જેમની આગળ પૃથ્વીની સપાટી ઉપરના સઘળા રાજાઓ માથું નમાવતા હતા, જે કોમને પરમેશ્વરે બીજી બધી કોમો ઉપર શ્રેષ્ઠ બનાવી હતી તે કોમ પોતાની ગફલત, સુસ્તી, મગરૂરી, નાલાયકી તથા અયોગ્યતાને લીધે એવી તુચ્છ તથા ફજેત થઇ કે જાણે પરમેશ્વરની પૃથ્વી ઉપર તેમનો કાંઇ હિસ્સોજ ન હોય. તેમનું રાજ્ય ગયું તો ગયું પણ સાથે આબરૂએ ગઇ. પૃથ્વીના દરેક ભાગમાંથી તેમને કુતરાની પેઠે હાંકી કાઢવામાં આવે છે. "તેમના ઉપર નામોશી તથા દરિદ્રતા મોકલવામાં આવ્યાં અને તેઓ ઇશ્વરી કોપમાં સપડાયા." ( કુરાન ).

હવે મુસલમાન કોમની સ્થિતિ તપાસીએ. જે વખતે ઇસલામનો પ્રકાશ "બની ઇસિરાઇલ" કોમ ઉપર પડયો તે વખતે તેમની સ્થિતિ તેમના બંધુ "બની ઇસરાઇલ" થી જુદી હતી. યાહુદીઓની માફક ગુલામગીરીની દોરી તેમના ગળામાં નહતી. તેમજ મિસરના ફિરઔનોની પેઠે કોઇ જોરાવર નિર્દય રાજા તેમના ઉપર ન હતો. આખી કોમ છૂટી

તથા સ્વતંત્ર હતી. મહાન સીકંદરની ફોજોએ પૂર્વ તરફનાં બધાં રાજ્યોને પાયમાલ કર્યા હતાં, પરંતુ માત્ર અરબસ્તાન તરફ તેના પગલાં ગયાં નહતાં. જો કે બધાઓએ તેના ઝુંડા હેઠળ પોતાનું માથું નમાવ્યું હતું તોપણ અરબસ્તાને એક એલચી સરખો પણ તેની આગળ મોકલ્યો નહીં. હઝરત ઇસાના જન્મની ત્રણસો વર્ષ અગાઉ તેઓએ પોતાના સૂકા, પહાડી તથા ઉજ્જડ દીપકલ્પમાં છુટાપણું તથા સ્વતંત્રતા સ્થાપ્યાં, અને એક હજાર વર્ષ સુધી કોઇના આજ્ઞાધીન થયા નહિ. ઇસલામના પ્રકાશ વખતે જો કે તેઓ અજ્ઞાનતા તથા મૂર્તિપૂજાના ખાડામાં ડુબેલા હતા તોપણ તેઓ ચાલાક તથા ચપળ, ઘોડેસ્વારીમાં અનુપમ, લડવામાં કુશળ, ઉદ્યોગી, મુસાફરીનો શોખ ધરાવનારા, પ્રચંડ, દીલના મજબુત, અને દુઃખ સહન કરવાને તૈયાર હતા. માત્ર એક એવા ઉપદેશકની તેઓને જરૂર હતી કે જે તેમનાં જંગલી કામો તથા માંહોમાંહેની લડાઇઓમાં વ્યર્થ જતી તેમની ઉંચી શક્તિઓને ધાર્મિક તથા રાજ્ય સંબંધી ઉન્નાત કરવામાં કામે લગાડે; અને જે કળ અવળી ચાલતી હતી તેને સવળી કરી નાંખે. અને અમારા ઉપદેશક અને અમારા સરદારે એમજ કર્યું કે આખી કોમને સીધા તથા ઉપયોગી રસ્તા ઉપર લગાડી દીધી; અને તેમના મતભેદ, કુસંપ તથા માંહોમાંહેની લડાઇઓને બદલીને, સંપ, ભ્રાતૃભાવ તથા ધર્માભિમાન તેમનામાં ઉત્પન્ન કર્યા. જ્યારે પેગંબર સાહેબની ખુબીઓનો પડછાયો તેમના ઉપર પડ્યો, તથા મહમદી પ્રકાશથી તેમનાં અંતઃકરણ પ્રકાશિત થયાં ત્યારે તેઓ પરમેશ્વરના પ્રતિનિધિ થવાને લાયક થયા, અને પરમેશ્વરે જે વચન તેમને આપ્યું હતું તે પરિપૂર્ણ થયું.

જો કે બની ઇસરાઇલની પેઠે મુસલમાનોએ પણ પરમેશ્વરની એકતાનું આકીન ફેલાવીને પોતાના ધર્મની શરૂઆત કરી, પરંતુ યા-



હુદીઓએ કદી પારકી પ્રજાઓને પોતાગાં ભેળવી નહોતી. તેઓ તો પોતાના ધર્મને પોતાની ખાસ મીલકત સમજતા રહ્યા. પણ ઇસલામી ધર્મનો ઉપદેશ દુનિયાંના સઘળા લોકો માટે હતો. તેમનો એજ પ્રયત્ન હતો કે આખી દુનિયાંનાં માણસો એકજ ધર્મવાળા તથા એકજ પ્રજા થઇ જાય, અને દરેક જણ ઇશ્વરનું ઐક્ય માનનારો તથા ઇસલામપર ચાલનારો થઇ જાય અને થયું પણ તેમજ. આ સાચો ધર્મ બધા કરતાં શ્રેષ્ઠ નીવડ્યો; અને એક કરતાં વધારે ઇશ્વરની માન્યતા તથા મૂર્ત્તિપૂજાને અરબસ્તાનની પવિત્ર ભૂમિમાંથી ઉખેડી કાઢ્યાં; એટલુંજ નહિ, પણ પૃથ્વીના મોટા મોટા ભાગોમાંથી દૂર કર્યા. પહેલા ચાર ખલીફાઓના વખતમાં ઇસલામની ફત્તેહોનો દોર બરાબર ચાલુ રહ્યો, અને જો કે આ ખલીફાઓના અંતના સમયે બળવાઓ જાગ્યા તથા જે તલવાર ઇશ્વરે દુશ્મનો સામે લડવાને મુસલમાનોને આપી હતી તે અંદર અંદર ચાલવા લાગી; અને અણબનાવ, શત્રુવટ તથા કુસંપનું ઝેરી બી રોપાયું, તોપણ આ ખલીફાઓના અમલ દરમિયાન ઘણાએક દેશો જીતાયા. પરંતુ આ વખત પણ જલદીથી વહી ગયો અને હઝરત ઇમામ હસનની અકલમંદ તથા દયાળુ વર્ત્તણુકથી તે આગપર પાણી રેડાયુ. મુસલમાનો પાછા મુલકો સર કરવા લાગ્યા. સિરિયાના અમીર અંબાવીના પછી એવા બનાવો બન્યા કે જેનાં દુઃખકારક પરિણામો અદ્યાપિ પર્યંત મુસલમાનો ભોગવે છે અને જેને લીધે મુસલમાની ઇતિહાસના નાપસંદ બનાવોથી ભરપુર છે. અંતે જ્યારે બની ઉમૈયા કુળનું રાજ્ય મક્કમપણે સ્થપાયું ત્યારે ફત્તેહનો દોર ફરીથી શરૂ થયો. દમારકસથી લઇને પોરટુગાલની હદ સુધી ઇસલામી રાજ્ય સ્થપાયું, જે ફક્ત એકજ ખલીફાના હાથમાં હતું. જ્યારે માંહેમાંહેની ખટપટ તથા છુપા અસંતોષને લીધે મર-

વાનના કુળનો અંત આવ્યો અને અબ્બાસી વંશ સ્થપાયો ત્યારે પણ ફત્તેહનો દોર બરાબર ચાલુ રહ્યો. એશિયામાઇનર તથા સિરિયા જીત્યા પછી ઇસ્લામી લશ્કર કૉન્સ્ટાન્ટીનોપલ સુધી પણ પહોંચી ગયું, અને થોડા દિવસમાં વિએનાપર હુમલો કર્યો. યુરોપમાં ફ્રાન્સના મધ્ય ભાગ સુધી ઇસલામનો વાવટો ઉડવા લાગ્યો અને સ્પેનમાં ઘણું મજબુત રાજ્ય સ્થપાયું. પૂર્વ તરફ ઇરાનમાં થઇને હિંદુસ્તાન સુધી ઇસલામી વાવટા પહોંચી ગયા, અને એવી દબદબા ભરેલી શહેનશાહત સ્થપાઈ કે જે ૧૮ મી સદીની આખર સુધી હસ્તી ધરાવતી હતી. પરંતુ આ ચઢતી જેવી આશ્ચર્યકારક હતી તેવીજ આશ્ચર્યકારક પડતી પણ થઇ. ઇસલામીઓની ચઢતી એક અમુક હદ સુધી પહોંચ્યા પછી અટકી ગઇ અને પડતી શરૂ થઇ.

ફત્તેહોનો દોર હીજરી ત્રીજા સૈકા સુધી સારી પેઠે ચાલુ રહ્યો તે પછી પડતીનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. આ દોર ત્રણ સૈકા સુધી ચાલુ રહેવાનું કારણ એ હતું કે દેશો જીતવાનો જે ઉત્સાહ અરબોમાં ફેલાઇ ગયો હતો તેને લીધે આખી પ્રજા લડાયક તથા બહાદુર બની ગઈ હતી, અને હઝરત ઉમરે જે કાયદા ચાલુ કર્યા હતા તેને લીધે દરેક અરબ એક લડાયક સિપાઈ જેવો હતો. જે હાર વખતે પોતાના દેશ, પોતાની કોમ, તથા પોતાના ધર્મ સારૂ જીવ આપવાને તૈયાર હતો. સર વિલ્યમ મૂરના શબ્દોમાં કહીએ તો એ કાયદાઓને લીધે આખી કોમમાં એક લડાયક ચૈતન્ય પ્રસરી ગયું હતું, અને સઘળા અરબો જોદ્ધાઓ બની ગયા હતા. જેમનું કામ માત્ર એટલુંજ હતું કે બીજા દેશો તથા બીજી કોમોને જીતવી અને તેમનામાં ઇસ્લામનો ફેલાવો કરવો. આ કાયદાઓ એવા મજબુત પાયાપર સ્થાપ્યા હતા કે ધર્મનો ઉભરો દબાઇ ગયા પછી પણ અરબ



લોકોમાં પૂરા અઢીસો વર્ષ સુધી લડાઇનો ઉત્સાહ ચાલુ રહ્યો. આખી પ્રજા જાણે એક ફોજ હતી અને તે હમેશાં ગતિમાં રહેતી હતી. તેમની છાવણીઓ તેમનાં ઘર હતાં, ઘોડાઓના પીઠ એમની પથારી હતી; ટુંકામાં અરબ કોમ એવી થઇ હતી કે કેટલીક પેઢીઓ સુધી એક મિનિટની નોટીસ ઉપરથી મુલક જીતવા તથા ચડાઇ કરવા માટે તૈયાર રહેતી. બની ઉમૈયા તથા બની અબ્બાસ વંશના વખતમાં જો કે માંહોમાંહેની લડાઇઓ તથા અંદર અંદરની ખટપટ જાગી, પરંતુ લશ્કરી કાયદા તથા તૈયારીનો દોર તો ચાલુજ રહ્યો. પણ જ્યારે તે કાયદાઓ તરફ દુર્લક્ષ થયું અને અબાસી ખલીફાઓએ અરબોના બદલામાં બીજી કોમોને દાખલ કરી; અને મોજમજા, સુસ્તી, ઉડાઉપણું અને નામરદી એમના સ્વભાવમાં આવી ગયાં ત્યારે તેમની પડતી શરૂ થઇ.

જે બંધન હઝરત ઊમરે સ્થાપ્યું હતું તેને મોઅતસિમબિલ્લાહે તોડયું. તેણે તુર્કી ગુલામોને લશ્કરી કામ ઉપર નીમ્યા; તેમને પોતાના બૉડીગાર્ડ ( અંગ રક્ષક ) બનાવ્યા. અરબોને બદલે તેમના ઉપર વિશ્વાસ મેલવા લાગ્યો તેથી અરબોમાં એટલો બધો અસંતોષ ફેલાયો કે તેઓ બળવો કરવાને તૈયાર થયા; અને તેમનાથી બ્હીને તેને બગદાદ છોડીને સુરમનરાયા ( સ્મર્રા ) શહેર વસાવવાની જરૂર પડી. તેના દીકરા મુતવક્કિલ અલ્લાહે તો આ તુર્કો ઊપર એટલે સુધી ભરોંસો મૂકયો કે પોતાનો જીવ પણ તેમને સોંપ્યો. તેને તુર્કો ઉપર એટલો ભરોંસો હતો કે પોતાની દસ હજાર દિરહમની કિંમતની તરવાર પોતાના રક્ષણ સારૂ પોતાના તુર્કી ગુલામને આપી, જેણે તેજ તરવારથી પોતાના માલીકનો જીવ લીધો.

જ્યારે આવી રીતે ભાડુતી સિપાઇઓ અને પરદેશી લોક

લશ્કરમાં દાખલ થયા તથા આરબોની કિંમત ઘટી ગઇ તેમના પગાર તથા વર્ષાસન ઓછાં કરવામાં આવ્યાં, તથા લશ્કરી કામમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા, ત્યારે ખેતી તથા વેપારમાં કુશળ ન હોવાને લીધે તેઓએ રખડી ખાવાનું પસંદ કર્યું; અને ઘોડા, બંદુક તથા ભાલાથી કામ લેવા માંડયું. અરબોની લશ્કરી સ્થિતિમાં આ ફેરફાર થવાથી ખલીફાઓની મોટાઇનો વખત ચાલ્યો ગયો, પરગણાંઓમાં બંડ ઉઠયાં, રાજાઓ તથા અમીરો સ્વતંત્ર બની ગયા, અંદર અંદરની લડાઇ તથા ગેરબંદોબસ્ત રાજયધાનીમાં ફેલાયો, અને જે ભાડુતી ફોજોને બહારથી બોલાવીને નોકર રાખવામાં આવી હતી તે પોતાના શેઠની સામે થઈ અને નોકરને બદલે શેઠ બની ગઇ; તથા તુર્કી ગુલામો તુર્કી સિપાઇઓ, તુર્કી લશ્કરી અમલદારો તથા તુર્કી ખલીફાઓના જાનમાલના માલીક બન્યા. તેઓએ ખલીફાની ગાદીને પોતાનું રમકડું બનાવ્યું; કોઇને ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો, કોઇને બેસાડયો, કોઇને મારી નાંખ્યો, કોઇની આંખો કાઢી લીધી અને કોઇને એકો પગાર ખાનાર બનાવ્યો. એક પ્રસિદ્ધ ઇતિહાસકર્તાએ કેવું સારૂં વર્ણવ્યું છે કે જે લાકડી ઉપર ખલીફાએ હાથ ટેકીને આશરો લીધો હતો તેજ તેમને માટે ઝેરી સર્પરૂપ થઇ ગઇ.

જો કે અબ્બાસી ખલીફાઓનું રાજ્ય હીજરી ત્રીજી સદીમાં ઘણુંજ નબળું થઇ ગયું હતું તોપણ નામ તો બાકી હતું. સ્પેન, તુર્કસ્તાન, ઇરાન વગેરે દેશોમાં *અમીર–ઉલ–મોમેનીનના નામથી તેઓ ઓળખાતા હતા. કોઈ ખંડણી મોકલતું નહોતું પણ નામની ખાતર ખુતબામાં ખલીફાનું નામ વંચાતું હતું. પરંતુ પાંચસો વર્ષોના રાજ્ય પછી આ નામ પણ બાકી રહ્યું નહિ, અને જંગીઝખાનના

* મુસલમાનોના સરદાર.



પૌત્રે અબ્બાસી ખીલાફતનું નામ પણ પૃથ્વીની સપાટીપરથી ભુસી નાખ્યું, અને તેમની સાથે અરબી રાજ્યના ઇતિહાસનો પણ અંત આવ્યો. જો કે આવી રીતે અરબસ્તાન અને સિરિયામાં અરબ લોકોના રાજ્યનો અંત આવ્યો પરંતુ તેની જે શાખાઓ બીજા દેશોમાં ફેલાઇ હતી, તે કેટલાક વખત સુધી જીવતી રહી. તેમાં સૌથી મોટું રાજ્ય મુસલમાનોએ સ્પેનમાં સ્થાપેલું હતું.

આ રાજ્યની હકીકત એવી છે કે સાતમા સૈકાની શરૂઆતમાં ખલીફા અબદુલ મલિકના વખતમાં ઇસ્લામી લશ્કર આફ્રિકાથી નીકળીને સેન્ટા (Centa) સુધી પહોંચ્યું હતું. અહીંથી જીબ્રાલ્ટરની સામુદ્રધુનીમાંથી સામી બાજૂએ સ્પેન દેશ દેખાતો હતો. તે વખતના ખલીફાના હાકેમ મૂસાએ આ દેશ જીતવાનો વિચાર કર્યો, અને પોતાના લશ્કરના વડા તારેકને પાંચ હજાર માણસનું લશ્કર લઇને મોકલ્યો. જે જગાએ હાલ જીબ્રાલ્ટરનો કિલ્લો આવેલો છે ત્યાં એ લોકો ઉતર્યા. જાણે તે આ નામ તારેકજ આજ દીન સુધી આપણને સ્પેન દેશ જીતનારના નામનું સ્મરણ કરાવે છે. જો કે આ લશ્કર ફક્ત સ્પેનની સ્થિતિ તપાસવાને ગયું હતું પરંતુ પહેલીજ લડાઇમાં ત્યાંના રહેવાશીઓને તેણે એવી સજ્જડ હાર ખવરાવી કે આખો દેશ ચઢાઇ કરનારાઓના હાથમાં આવી ગયો. મુસાએ પોતાના સરદારની અદેખાઇ કરીને તેને હુકમ મોકલ્યો કે મારા આવવા સુધી આગળ વધશો માં. પરંતુ તારેક ફતેહની કેફમાં મસ્ત થઇને આગળ વધ્યો, અને જ્યારે હાકેમ મુસા ત્યાં પહોંચ્યો ત્યારે ફતેહમંદ જનરલ તારેકને ઇનામમાં ચાબુકનો માર પડયો. પરંતુ ગવરનરને પણ અંતે એજ ઇનામ મળ્યું. ખલીફાએ મુસાને બોલાવી

મંગાવ્યો અને જ્યારે તે હાજર થયો ત્યારે તેણે જનરલને જે સજા કરી હતી તેજ સજા એને સારૂ પણ ફરમાવવામાં આવી. પણ તે પહેલાં મુસાએ સ્પેનના આખા દ્વીપકલ્પને જીતી લીધો હતો, અને પીરનીઝ પર્વતો આગળથી ફ્રાન્સનો ફળદ્રુપ મુલક તેના પગ આગળ પથરાએલો જણાતો હતો. મુસલમાનોની સ્પેનમાં ચઢતી એટલી હદ સુધી થઇ હતી કે હમણાં તે માનવા જોગ પણ લાગતી નથી. સ્પેન જીત્યાને બે વર્ષ થયાં નહિ એટલામાં તો ફ્રાન્સ ઉપર હુમલો કરવામાં આવ્યો. આ કામ સારૂ પહેલાં પાંચ હજાર બરબરી સિપાઇઓને મોકલવામાં આવ્યા હતા. તેમની મદદે મુસાએ બીજા અઢાર હજાર સિપાઇઓ મોકલ્યા અને પોતાના લશ્કરને એવું મજબુત બનાવ્યું કે કોઇ તેની સામે ટક્કર ઝીલી શકે નહિ. ઇસ્વીસનના સાતમા સૈકાની શરૂઆતમાં એમ જણાતું હતું કે આખો યુરોપખંડ મુસલમાનોને તાબે થઇ જશે, અને ખ્રિસ્તી ધર્મની રાજ્યધાની રોમમાં ઇસ્લામના ખુતબા પઢવાની જે ધમકી એક વખત આપવામાં આવી હતી તે ખરી પડેલી બતાવી આપવામાં આવશે. પરંતુ જીતોના (ફતેહોના) આ દોરનો ઇસ્વી સન ૭૩૩ માં ટોર્સ મુકામે એકાએક અંત આવ્યો. આ સ્થળે મુસલમાનોની એવી હાર થઇ કે પીરીનીઝ પર્વતોની પેલી બાજુએ તેમનાં પગલાં વધી શક્યાં નહિ. એ હારનું કારણ એ હતું કે ઇસ્લામી સૈન્ય જોયા તપાસ્યા વગર બહુ આગળ વધી ગયું હતું. અને સરદારોમાં માંહેમાંહે કુસંપ ફેલાયો હતો. છેવટે ઇસલામનું બળ સ્પેન જેવા નાના દેશમાં અટકી રહ્યું. સાતસો વર્ષ સુધી સ્પેનમાંનું મુસલમાની રાજ્ય તમામ દુનિયાંને માટે મોટાઇ તથા દબદબાનો નમુનો હતું. સ્પેનના મુસલમાન લોકોએ પોતાની જીતેલી રૈયત તરફ જે ઉદારતા તથા દયા દેખાડી તેની બરાબરી કરી શકે એવો કોઇ



પણ દાખલો ઇતિહાસમાં મળતો નથી. જો કે સ્પેન દેશ "બની ઉમૈયા" વંશના ખલીફાઓના વખતમાં જીતાયો હતો તોપણ તેમના રાજ્યની પડતી થયા પછી તે દેશનું રાજ્ય તેમના હાથમાંથી ગયું નહિ. જ્યારે "બની ઉમૈયા" નો વંશ પાયમાલ થયો ત્યારે સામાન્ય કતલમાંથી બચીને અબદુર રહેમાન નામનો એક માણસ સ્પેનમાં પહોંચ્યો. ત્યાંના લોકોએ તેને સારો આવકાર દીધો અને ગાદીપર બેસાડયો. પણ જે જુલમ તથા બેદાદી અરબસ્તાનમાં ચાલતી હતી તેજ તેની સાથે સ્પેનમાં દાખલ થઇ; અને જેવી રીતે અરબસ્તાન દેશ પાયમાલ થયો તેવીજ રીતે સ્પેનના મુસલમાની રાજ્યની પાયમાલી થઇ. દેશમાં બંડો જાગ્યાં અને ત્યાંના ત્રણ મુખ્ય સરદારોએ ખટપટ કરીને ફ્રાન્સના રાજા શાર્લમેનને સ્પેનના રાજ્ય ઉપર હુમલો કરવાનું નોતરૂં દીધું. માત્ર અનુકૂળ સંજોગોને લીધેજ આટલી મહેનતથી સ્થપાએલું રાજ્ય તેજ વખતે પાયમાલ ન થયું. શાર્લમેનને પોતાના બળવાખોર અમીરોને શિક્ષા કરવામાંથી એટલી ફુરસદ ન મળી કે સ્પેન ઉપર ચઢાઇ કરે. અબદુર રહેમાનને આ સારી તક હાથ આવતાં પેલા દેશદ્રોહી સરદારોથીજ બદલો લેવાની તક મળી. આનું વેર એવી સખતાઇ તથા નિર્દયપણાથી લેવામાં આવ્યું કે ફરીથી તેની સામે ખટપટ કરવાને કોઇની છાતી ચાલી નહિ. મી. લેનપૂલ લખે છે કે ગેર બંદોબસ્ત તથા ખુનરેજીને લીધે પ્રમાણિક લોકોએ તેની નોકરી કરવાની ના પાડી, અને જે જુના શુભેચ્છકોએ સ્પેનમાં આવતાં તેને સારૂં સન્માન આપ્યું હતું તેમણે તેનો જુલમ તથા ઘાતકીપણું જોઇને વફાદારીમાંથી મ્હોડું ફેરવી લીધું. તેના જે સગાંવહાલાંઓ અબ્બાસી વંશના ખલીફાંઓની બીકથી નાસીને તેના દરબારમાં એકઠા થયા હતા તેઓ તેના જુલમી અમલથી એટલા

બધા કંટાળી ગયા કે તેને ગાદી ઉપરથી ઉઠાડી મેલવાની ખટપટમાં સામેલ થયા અને પોતાના જીવ ગુમાવી બેઠા. અબદુર રહેમાન એકલો રહી ગયો. તેના જુના મિત્રો તેને છોડી ચાલ્યા ગયા. તેના સગાંવહાલાં તથા નોકરો પણ તેના દુસ્મન બની ગયા. તે સ્વભાવેજ કેટલેક દરજ્જે નિર્દય હતો, અને અંદર અંદરની ખટપટોથી તેનો ક્રોધ ઉસ્કેરાયો. જે કારણથી બગદાદના ખલીફાઓનો નાશ થયો હતો તેજ રસ્તો અબદુર રહેમાને દગલબાજી તથા મોતથી બચવા સારૂ ધારણ કર્યો. તેણે પણ બગદાદના ખલીફાઓની પેઠે પારકી કોમના બાહુતી લશ્કરની ભરતી કરવા માંડી, એટલે સુધી કે ચાળીસ હજાર આફ્રીકન સિપાહો તેની જાતના રક્ષણ સારૂ રાખ્યા હતા. અબદુર રહેમાનના મરણ પછી કેટલાક દિવસ સુધી તો તેના જુલમના સ્મરણને લીધે બળવો કરવાની લોકોની છાતી ચાલી નહિ. તેની પછી ગાદીએ આવનાર ઘણો નમ્ર સ્વભાવનો તથા ચોખ્ખા મનનો હતો, અને લોકો તેને 'લોકપ્રિય' તથા 'ઇન્સાફી' ના નામથી યાદ કરતા હતા. પરંતુ આ સઘળું છતાં તેને રાજ્ય કરતાં પૂરાં આઠ વર્ષ થયાં નહિ એટલામાં બળવાઓનું તોફાન જારી થયું. ખટપટ ઉપર ખટપટ તથા સામાન્ય કતલો થવા લાગી અને માંહોમાંહેની લડાઇ શરૂ થઇ. આ વખતે એક નવી પ્રજા એટલે કે દેશના નવા મુસલમાન થએલા રહેવાસીઓ પણ મેદાનમાં આવી ચુકયા હતા. સ્પેનના જે વતનીઓએ ત્યાંના શરૂઆતના હાકેમોની ઉદારતા જોઇને ઇસલામી ધર્મ ધારણ કર્યો હતો તેના તેઓ વંશજો હતા. બધા નવો ધર્મ ધારણ કરનારાઓમાં હોય છે તેમ આ લોકોમાં પણ અરબો કરતાં ધર્માંધપણું વિશેષ હતું, અને પોતાના ભટકતા ધર્મગુરૂઓ મારફત અસંતોષ તથા બંડ ફેલાવતા હતા, ગેરબંદોબસ્ત એટલી હદ સુધી



પહોંચી ગયો કે ઘણા હાકેમો સ્વતંત્ર થઇ અને જુદા જુદા રાજાઓ બની ગયા. *સેવિલના રાજા અબુ હુજાજના દરબારમાં શેહેનશાહી ઠાઠ થતો, તથા પારકા દેશના રાજાઓના એલચીઓ અહીં હાજર રહેતા, તથા મદીના અને બગદાદથી ભેટો મોકલવામાં આવતી. અબુ હુજાજની ઉદારતાથી તેના નામના એટલી તો ફેલાઇ હતી કે કૉર્ડીવાના કવિઓનાં ટોળેટોળાં તેના દરબારમાં જઇને હાજર થયાં. ટુંકમાં આ પ્રમાણે નાના રાજાઓએ પોતપોતાનાં છુટાં છુટાં તથા સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાથી અસલી બળ ઘટી જઇ નબળાઇ એટલી બધી વધી ગઇ હતી કે તે ઉપરથી એમ માલમ પડતું હતું કે મુસલમાની રાજ્યનો છેડો આવી પહોંચ્યો છે. લુટારાઓનાં ટોળાં દેશને પાયમાલ કરતાં હતાં. અને તેમની હિંમત એટલી બધી વધી ગઇ હતી કે કૉર્ડીવાના દરવાજા સુધી તેઓ લુંટફાટ ચલાવતા. તે વખતના એક ગ્રંથકર્ત્તાએ પોતાની નજરે જોએલી હકીકત આ શબ્દોમાં લખી છે, "દેશપર પાયમાલી ફેલાઇ રહી છે; રાજ્યપર એટલી બધી આફતો છે કે તેનો અંત આવતોજ નથી. લુંટફાટ એક સરખી ચાલુ છે. સ્ત્રીઓ તથા છોકરાં ગુલામીમાં વેચાઇ રહ્યાં છે." આવી દુર્દશાના વખતમાં અબદુર રહેમાન બીજો ઇ. સ. ૯૧૨ માં એટલે પહેલી ફત્તેહની લગભગ બસો વર્ષ પછી કોરડોવાની ગાદીએ આવ્યો. આ રાજાની દઢતા તથા બહાદુરીથી પરિણામ એ આવ્યું કે આખરે રાજ્યમાં શાંતિ પ્રસરી, તથા જે બળવાઓ લાંબા વખતથી ફેલાયા હતા તે બંધ પડયા. એક પછી એક એમ બધાં પરગણાં જીતી લેવામાં આવ્યાં તે એટલે સુધી કે અબદુર રહેમાનને છેવટે આખા

* આ સ્પેનના એક પ્રગણાનું નામ છે.

સ્પેનના હાકમ તરીકે સ્વીકારવામાં આવ્યો; આખરે તેણે ખલીફાનો ઇલ્કાબ ધારણ કર્યો. પરંતુ આ બધી મતલબો પાર પાડવા સારૂ અબદુર રહેમાનને પણ ભાડુતી સિપાઇઓ કામે લગાડવા પડ્યા. તેમાં સૌથી ચઢીઆતી ટુકડી તેના જીવના રક્ષણ સારૂ પારકા દેશમાંથી ખરીદેલા ગુલામોની હતી. સ્પેનની એવી સ્થિતિ થઇ ગઇ કે ભાડુતી સિપાઇઓ વગર કામ ચાલી શકતું નહોતું, કેમકે કૉરડોવાના ખલીફાના દુશ્મનો તેની રૈયતમાંનાજ હતા, અને તે રૈયતમાંથી ચુંટી કાઢેલા સિપાઇઓ ઉપર ખલીફા ભરોંસો રાખી શકતો નહોતો. દેશના દુશ્મનો ઉપરાંત પરદેશના શત્રુઓનો ભય પણ અબદુર રહેમાનને હતો. ઉત્તર આફ્રિકાના ખલીફાઓ હમેશાં લડવા ઝગડવા સારૂ તૈયાર રહેતા. સ્પેનની ઉત્તરમાં એક એવા મજબુત શત્રુનું બળ વધતું જતું હતું કે જેથી મુસલમાનોના રાજ્યનો સૂર્ય અસ્ત પામે તથા અંતે તેઓ સ્પેનમાંથી હાંકી કઢાય એવી તૈયારીઓ થતી હતી. તે લોકો ખ્રિસ્તી હતા. મુસલમાનોની સુસ્તી તથા બેદરકારીને લીધે આ શત્રુઓ હસ્તીમાં આવ્યા હતા. જ્યારે ખ્રિસ્તીઓને સ્પેનમાંથી હાંકી કાઢવામાં આવ્યા ત્યારે તેઓમાંના થોડાઓએ એસ્ટુરિયા તથા લિઓનના પર્વતોમાં આશરો લીધો હતો. એમના સરદાર પીલેગો—અથવા કવિતાઓમાં લખાયું છે તેમ પીલેજીઅસ—ની સાથે ત્રીસ માણસ તથા દસ સ્ત્રીઓએ કોરડોવાની ગુફામાં આશરો લીધો હતો. અરબોએ પોતાના અહંકારને લીધે આ નાની જેવી ટુકડીની દરકાર ન રાખી તેમને ત્યાંથી કાઢી મૂક્યા નહિ, જેથી કેટલીક મુદત પછી આ ભરાઈ બેઠેલી નાની ટુકડી વધતાં એક લશ્કરી ટોળી બની ગઇ અને મુસલમાનો પાસેથી પોતાના બાપદાદાનું વેર લેવાની તેમના મનમાં મજબુત ઉત્કંઠા ઉત્પન્ન થઇ. જ્યારે અબદુર રહેમાન ત્રીજો ગાદીએ



બેઠો ત્યારે આ ટોળાની સંખ્યા મુસલમાનોને ભય ઉપજાવે તેટલી થઇ ચુકી હતી. તેમના રાજા ઓરડોંડ બીજાએ સ્પેનના મુલક ઉપર હુમલો કર્યો, અને કૉર્ડોવાથી થોડે છેટે આવેલા બૅડેમેઝ શહેરમાંથી ખંડણી ઉઘરાવી. તેમની સામે ખલીફા પોતે લશ્કર લઇને આવ્યો અને વેલ ઑફ રીશ્સ આગળ તેઓને હરાવ્યા. આ જીત પછી અબદુર રહેમાને ખલીફાનો ખિતાબ ધારણ કર્યો, અને એ ખિતાબ ધારણ કર્યા પછી ત્રીસ વર્ષ સુધી રાજ્ય કર્યું. પણ પંદર વર્ષ થયાં નહિ એટલામાં તો જે ખ્રિસ્તી ટોળાઓનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તેઓ લડવાને ફરીથી તૈયાર થયા અને તેમના રાજા રૂમિરોએ ઇ. સ. ૯૩૯ માં અલહાન્ડેગા આગળ અબદુર રહેમાનને સજડ હાર ખવરાવી. એમ કહેવાય છે કે આ જગાએ પચાસ હજાર મુસલમાનો માર્યા ગયા અને ખલીફા પચાસ સવાર લઇને પોતાનો જીવ બચાવવા સારૂ નાઠો. ખ્રિસ્તીઓમાં માંહોમાંહે લડાઇટંટો હતો તેથી તેઓ આ ફતેહનો પુરો લાભ લઇ શક્યા નહિ. તેથી ખલીફાએ તેઓની સાથે સુલેહ કરી અને તે વખતના રાજાને પોતાને ત્યાં પરોણો રાખ્યો, તથા લીઓનના દેશનીકાલ કરેલા રાજાને પોતાની ગાદી પાછી મેળવવા ફોજની મદદ કરી. આ ખલીફાના સમયમાં સ્પેન દેશમાં મુસલમાનોનો દબદબો ભરપુર હતો. મી. લેનપૂલ લખે છે કે, કોરડોવામાં પહેલાં કોઇ પણ વખતે આટલી બધી દોલત તથા આબાદી માલમ પડી નહોતી. એન્દલુશીઆ પ્રગણાની ખેતીવાડીમાં આવી વૃદ્ધિ કોઇ દિવસ થઇ નહોતી. કુદરતી ફળદ્રૂપ જમીન માણસના હુન્નર તથા મહેનતને લીધે સંપૂર્ણતાએ પહોંચી હતી. ભય તથા જોખમનું નામ પણ નહોતું. કાયદાને માન આપવામાં આવતું તથા તેનો અમલ પૂરી રીતે કરવામાં આવતો હતો. કૉન્સ્ટાન્ટીનોપલ,

ફ્રાન્સ, જર્મની તથા ઇટાલીના રાજાઓના એલચી તેના દરબારમાં હાજર રહેતા. અબ્દુર રહેમાનનો દીકરો મોટો વિદ્વાન હતો, પરંતુ સિપાઇગીરી તથા રાજ્યદ્વારી યુક્તિઓથી તે વાકેફગાર હતો. એમાં કાંઇ પણ શક નથી કે તેના વખતમાં વિદ્યાકળાની બહુ ચઢતી થઇ, પણ તે બળવાઓને પૂરી રીતે અટકાવી શક્યો નહિ. તેના મરણ પછી કેટલાક એવા બનાવો બન્યા કે જેને લીધે બગદાદના ખલીફાઓની જે સ્થિતિ થઇ હતી તેજ પ્રત્યક્ષ સ્થિતિ અહીં પણ થઇ. રાજા ઘણોજ નાની ઉંમરનો હતો. તેથી રાજ્યનો બધો કારભાર તેના વઝીર અલ મનસૂરને સોંપવામાં આવ્યો હતો. તેણે થોડા વખતમાં પાદશાહનું પદ ધારણ કરી ખલીફાને બાજુએ મેલી દીધો.

ખલીફા પોતાના ઝનાનખાનામાં મોજશોખ કરતા અને વજીર રાજ્ય કરતો. ઘણા દબદબાભરેલા રાજ્ય પછી ઈ. સ. ૧૦૦૨ ની સાલમાં વજીર મરણ પામ્યો, અને તેના પછી સ્પેનમાં આમલો જ ગેરબંદોબસ્ત શરૂ થયો. એંશી વર્ષ સુધી જુદા જુદા સરદારો તથા જુલમી હાકેમો જુલમ તથા તોફાન કરતા રહ્યા. રોજ રોજ નવા ખલીફા તથા પાદશાહ પેદા થતા. જે ગુલામોનું લશ્કર પહેલાં પાદશાહી ગાદીનું રક્ષણ કરવા સારૂ રાખવામાં આવ્યું હતું તેણે ખલીફાને શેતરંજના પ્યાદા જેવો બનાવી દીધો. અબ્દુર રહેમાનના દીકરાને તેની પોતાની એક દીકરી સહિત મસજીદના એક ગંદા ભોંયરામાં કેદ રાખવામાં આવ્યો હતો. અહીં આ બન્નેને અન્ન પાણી વગર રાખવામાં આવ્યાં. તે વખતે "અમીરૂલ મોમેનીન" ના મનમાં એટલીજ ઇચ્છા હતી કે એક કડકો રોટલી તથા એક દીવો મળે. ખ્રિસ્તી લોકો કે જેમનું બળ દરરોજ વધતું જતું હતું તેમને આ ગેરબંદોબસ્તથી ઘણો ફાયદો થયો. રાજા આલફાન્સો એસ્ટૂરીયા,



લીઑન તથા કેસ્ટાઇલ એ ત્રણે ઠેકાણાના રાજાઓને પોતાની સરદારી હેઠળ લઇને એક સૈન્ય સાથે સ્પેનની દક્ષિણમાં જીબ્રાલ્ટર સુધી પહોંચ્યો, તથા ત્યાં દરિયામાં નહાવાની પોતાની બાધા પૂરી કરી. આ સ્થિતિ જોઇને સ્પેનના મુસલમાનોએ, આફ્રિકામાં વસતા પોતાના ધર્મબંધુઓની મદદ માગી. મદદ તો આવી, પરંતુ બારબરીની એક આખી કોમની કોમ આવીને સ્પેનમાં વસી. અને જો કે તેમની મદદથી રાજ્યમાં સુલેહ અને શાંતિ ફેલાઇ, પરંતુ તેઓ પોતેજ રાજ્યના ધણી થઇ બેઠા. ઇ. સન ૧૧૦૨ માં જ્યારે યુસુફ મરી ગયો ત્યારે સ્પેનનો જે ભાગ મુસલમાનોના કબજામાં હતો તે આફ્રિકાના રાજ્યનું એક પ્રગણું બન્યું. તેના મરણ પછી બારબરીના જે લોકો સ્પેનમાં રહી ગયા હતા તે તદ્દન બેલગામ થઇ ગયા. નાના નાના રાજાઓ તથા સરદારોએ બળવા કરીને કોરડોવા, કાવિઝ, ગ્રેનેડા અને વેલેનશીઆમાં જુદાં જુદાં રાજ્યો સ્થાપ્યાં. પણ ફરી એક એવો માણસ પેદા થયો કે જેણે સ્પેનના મુસલમાની પ્રગણાંઓને એકત્ર કરીને રાજ્ય સ્થાપ્યું, અને સુલેહ શાંતિ ફેલાવી. આ માણસનું નામ અબદુલ મોમેન હતું. પરંતુ આ વખતે મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચે મોટી તથા છેવટની લડાઇઓ શરૂ થઇ; જેનું પરિણામ એ આવ્યું કે સ્પેનના મુસલમાની રાજ્યનું નિશાન પણ રહ્યું નહિ. બારમી સદીની આખરે ઇ. સ. ૧૧૯૪ માં સિડે વૅલેન્શીઆનું પ્રગણું જીતીને પાદશાહીપદ ધારણ કર્યું. આ પછી તો સ્પેનના મુસલમાનોના રાજ્યની પડતી જાણે બિલકુલ પાસેજ હતી. આફ્રિકાના રાજ્યમાંથી જે કાંઇ બાકી રહ્યું તેના ઉપર મહેદીઓના વંશનું રાજ્ય સ્થાપ્યું. સ્પેનમાં જે મુસલમાની બાદશાહો હતા તેઓમાં અંદર અંદર સખ્ત દુશ્મનાઇ હતી. ખ્રિસ્તીઓએ એક પછી એક એમ કરીને

બધાં શહેરો જીતી લીધાં, 'અને મહેદીઓને સ્પેનની બહાર કાઢી મેલ્યા. છેવટે ઇ. સ. ૧૨૩૮ માં મુસલમાનોના તાબામાં સ્પેનનું માત્ર એક પ્રગણું ગ્રેનેડા બાકી રહ્યું હતું, અને તેનો અંત પણ ઘણો નજીક હતો. આ નાના સરખા પ્રગણામાં પણ કજીઆ તથા ટંટા ફેલાયલા હતા. છેવટે માંહેમાંહેના કુસંપને લીધે આ પ્રગણું પણ મુસલમાનોના હાથમાંથી જતું રહ્યું, અને આઠસેં વર્ષના મુસલમાની રાજ્ય પછી ઇ. સ. ૧૪૯૧ ની સાલમાં છેલ્લો મુસલમાની બાદશાહ અબુ અબદુલ્લાહ ગ્રેનેડાથી સીધાર્યો, તથા તેણે ફરડીનેંડને કુંચીઓ સોંપીને પોતાના શહેર તરફ અફસોસની એક નજર નાંખીને દેશવટો લીધો. આ જગ્યા આજ દીન સુધી ' આહે મૂર ' એટલે ' મૂર લોકનો નિસાસો ' એ નામથી ઓળખાય છે. આ તે છેલ્લો નિસાસો હતો કે જેની સાથે સ્પેનમાંના મુસલમાની રાજ્યનો અંત આવ્યો.

જે વખતે મુસલમાનોને સ્પેનમાંથી હાંકી કાઢવામાં આવતા હતા અને બગદાદની બદશાહીની પડતી થઇ ચૂકી હતી, તે વખતે તુર્કસ્થાનમાં મુસલમાનોનું એક રાજ્ય સ્થાપ્યું જે હજી સુધી કાયમ છે. દુનિયાના બધા ઇતિહાસો કરતાં ઉસ્માની તુર્કોનો ઇતિહાસ વધારે હેરત પમાડે એવો છે; અને બીજાં ઇસ્લામી રાજ્યોમાં જે ગુણો હતા તે આમાં પણ હસ્તી ધરાવે છે. શરૂઆતમાં ચોતરફ એમની જીત થવા લાગી. તેમના લશ્કરો પોતાના દુશ્મનોને એવી હાર આપતાં કે જાણે એમ લાગતું કે આખી દુનિયા તેમના કબજામાં આવી જશે. ચઢતી રોકનારાં ઘણાં કારણો તુર્કોમાં હતાં તેઓ પોતાની ફત્તેહની ધૂનમાં બીજાઓ પાસેથી કાંઇ શીખતા નહોતા. અને બીજા દેશોમાં આખરે જ્યારે ફ્રાન્સની ઢબ ઉપર નવું તોપખાનું તૈયાર કરવાનો સુલતાને ઇરાદો કર્યો ત્યારે જેનીઝરી ફોજે હથિયારો સજવા તથા



ફ્રાન્સની ઢબ ઉપર કવાયદ શીખવાને ચોખ્ખી ના પાડી. પણ જે સુધારાઓ ગયા સૈકાના છેલ્લા પચીશ વર્ષમાં મહમૂદે ચાલુ કીધા હતા તે દબાણથી અમલમાં મેલવામાં આવ્યા.

જેનીઝરી લશ્કરનું બળ તોડવા તથા જુના કાયદા અને વિચારોને નાબુદ કરવા ઘણી મોટી ખૂનરેજીઓ થઇ છે. આ મામલો ભવિષ્યને માટે આપણામાં વિચાર પેદા કરે છે કે જે સુધારાઓ તે વખતથી ચાલુ થાય છે તે તુર્કીના રાજ્યને ફરીથી સજીવન કરવાને પુરતા થશે કે નહિ. ઘણાખરા યુરોપિયન વિદ્વાનોનો અભિપ્રાય એમ છે કે તે સુધારા કોઇ મડદાપર વીજળીના અખતરા કરવા કરતાં વધારે અસર ઉપજાવનારા નથી. અને કેટલાક એમ ધારે છે કે મહમૂદ તથા તેના પછીના સુલતાનોએ ચાલુ કરેલા સુધારાનું એ પરિણામ આવ્યું કે જે કાંઇ ગુસ્સો બાકી રહ્યો હતો તેને ઠંડો પાડી દેવાથી રાજ્યની વધારે પડતી થઇ, અને નવું જીવન આવ્યું નહિ. જો કે હું એ અભિપ્રાયને મળતો આવતો નથી તોપણ એમાં તો કાંઇ શક નથી કે સુલેમાનના વખતથી તે ૯ મી સદીની શરૂઆત સુધી અસેં વર્ષની મુદતમાં તુર્કીઓનું રાજ્ય મંદ હાલતમાં રહ્યું, જ્યારે બીજી યુરોપિયન પ્રજાઓ ઝડપથી પોતાની ચઢતી કરતી રહી. જે પ્રજાની હાલત મંદ રહેશે તેની જરૂર પડતી થવાની. તુર્ક લોકોની હાલની હાલત કાંઇ તેમના જાતિ કૌવતને લીધે નથી. પશ્ચિમ યુરોપનાં રાજ્યોની મદદ તથા તેઓની માંહોમાંહે અદેખાઇનો લાભ તુર્કીને મળવાથી તેમની ફુલવાડી હજી આબાદ રહેવા પામી છે. નહિ તો તે ક્યારનીએ ભુંસાઇ ગઇ હોત, અને યુરોપમાં ઇસ્લામના નામ સિવાય કાંઇ પણ નિશાની બાકી રહેત નહિ.

મુસલમાનોની હિંદુસ્તાનની સલતનતથી તો ઘણાખરા વાંચ-

નારાઓ સારી પેઠે જાણીતા છે તેથી હું તે વિષે વિવેચન કરવાની
જરૂર જોતો નથી. શરૂઆતમાં મુસલમાનોએ હિંદ પર જે હુમલા
કર્યા તેથી કોઈ કાયમના ફાયદા થયા નહિ, તેમજ કોઇ એવું સ્વ-
તંત્ર રાજ્ય પણ સ્થપાયું નહિ કે જેની હકુમત આખા હિંદ ઉપર
ફેલાઇ હોય. અલબત તૈમુરના વંશના વખતથી સ્વતંત્ર રાજ્યના
નિશ્ચિંત ફેલાવાની નિશાનીઓ જણાવા લાગી. જો કે તૈમૂરે પણ
મહમૂદ ગિઝનીની પેઠે ચઢાઇ કરીને દેશને જીતી લીધો. પણ તેણે
હિંદુસ્તાનમાં પોતાનું રહેઠાણ કર્યું નહિ; જે કાંઇ મળ્યું તે લઇને
પોતાને દેશ ચાલ્યો ગયો. બાબરના વખતથી હિંદુસ્તાનની કાયમ
સલતનત તથા શહેનશાહી વંશ સ્થપાયાં પરંતુ બાબર પણ પોતાનું
પ્યારૂં વતન છોડવાનો નિત્ય અફસોસ કરતો હતો. તૈમૂરવંશની
માયાળુ છત્રછાયા હેઠળ મુસલમાનો ઝડપથી ચઢતી હાલત ઉપર
આવ્યા; ચારે તરફ ચઢાઇઓ શરૂ થઇ તથા હિંદુ રાજાઓને દક્ષિણ
તરફ ખસેડતા ગયા, તથા યોગ્ય તક મળતાં તેમના બળવા રોકવા
માટે પોતાના હાથ નીચે નાનાં નાનાં રાજ્યો સ્થાપ્યાં. મુગલોની
સલતનત અકબરના જમાનામાં ઘણી ચઢતી કળાએ પહોંચી. અક્કલ,
જ્ઞાન, સ્વતંત્ર t તથા ધર્માધર હેતપણાની બાબતમાં કોઇ પણ ઇતિ-
હાસમાં એ બાદશાહનો મુકાબિલદાર મળતો નથી. હિંદુ રાજાઓમાં
પોતાને માટે એવો પ્યાર ઉત્પન્ન કરવો કે તેઓ તેના ભલા તથા
બુરામાં ભાગ લે એ એતુંજ કામ હતું. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રજપૂત રાજા-
ઓએ પોતાની કન્યાઓ એ બાદશાહ સાથે પરણાવી હતી. અકબર
જાણતો હતો કે હિંદુઓમાં બંદોબસ્ત કરવાની ઘણી કાબેલીયત છે,
તેથી તેણે મોટા દીલથી એ લોકોને રાજ્યના અંદરના કારભારમાં
દાખલ કર્યા. ખજાના તથા જકાત ખાતાનો બધો કારભાર એજ



લોકોને હસ્તક હતો. અને આ બન્ને ખાતાંઓનો બંદોબસ્ત બીજા
કોઈ પણ બાદશાહના વખતમાં એનાથી વધારે સારો નહોતો એમ
કહેવામાં કાંઈ પણ અતિશયોક્તિ નથી. હિંદુસ્તાનમાં અકબરના દ-
રબાર કરતાં બીજો કોઇ પણ દરબાર મોટાઇ તથા દબદબામાં ચઢી-
આતો નહોતો એમ કહેવામાં કોઇ પણ વાંધાનો શબ્દ ઓચરી
શકશે નહિ. આખી દુનિયા તથા સઘળા ધર્મના ગુરૂઓ એના દર-
બારમાં તુટી પડતા હતા, અને દરેક ધર્મ તથા દરેક કોમના લોકોની
સાથે એક સરખી રીતે વર્ત્તવામાં આવતું હતું. જો અકબર પછીના
કેટલાક શહેનશાહો તેની રાજ્યનીતિ ઉપર ચાલ્યા હોત તો હિંદુસ્તાન
કવી હાલતમાં આવત એ કહેવું મુશ્કેલ છે. પણ એમાં તો કાંઇ શક
નથી કે સલતનત ઘણીજ મજબુત પાયાપર બંધાઇ જાત; અને એ
પણ અસંભવિત નહોતું કે થોડી મુદત પછી હિમાલયથી લઇને ક-
ન્યાકુમારી સુધી હિંદુસ્તાનના લોકો એકજ પ્રજા થઇ જાત અને
એકજ ધર્મ કબુલ કરત; જો કે એ કહેવું મુશ્કેલ છે કે કયો ધર્મ
કબુલ કરવામાં આવત. પરંતુ અકબર પછીના બાદશાહો તેના નિયમો
ઉપર ચાલ્યા નહિ. ટંટા ફીસાદની શાક્તઓ પોતાનું કામ શરૂ કરતી
હતી તથા પડતીનો અમલ ચાલુ થઇ ચૂક્યો હતો. પ્રગણાઓમાં
દુર્મતિનું જોર કાયમ થઇ ચૂક્યું હતું. અને માંહોમાંહેનીજ લડાઇ
(ઝગડા) માં ન રોકાતાં તેઓ શહેનશાહી હકુમતમાંથી છૂટા પડવાના
પ્રયત્ન કરવા લાગ્યા. પણ સૌથી કમનસીબની વાત તો એ હતી કે
કે ખુદ બાદશાહી કુટુંબમાં દ્વેષનાં બી રોપાઇ ચૂક્યાં હતાં. રાજકુંવરો
એક બીજાની સાથે કાવત્રાં રચવામાં મચેલા હતા, અને રાજ્ય મેળ-
વવામાં ભાઇઓ તથા પિતાઓનાં ખુન કરવામાં પણ અચકાતા
નહોતા. ઔરંગઝેબ પચાસ વર્ષ કરતાં વધારે વર્ષ ગાદી ઉપર રહ્યો.

અને તેની અનુપમ યોગ્યતા, પ્રખ્યાત કાબેલીયત, તથા આશ્ચર્ય પમાડે એવી મહેનત અને બહાદુરીથી રાજ્યનો વિસ્તાર એટલો બધો વધ્યો કે તેના પછીના કોઇ પણ શહેનશાહના વખતમાં તેટલો વધ્યો નહિ. પરંતુ તેના રાજ્યના અમલમાંજ પડતીનાં ચિન્હો શરૂ થઇ ચૂક્યાં હતાં. તેની સખ્તીઓ તથા ધર્મની ઉત્કંઠાને લીધે મરાઠા લુંટારૂઓની સંખ્યા દિવસે દિવસે વધતી ગઇ, અને મુગલ રાજ્યને હાનિ પહોંચાડી શકે તેટલા શક્તિવાન તેઓ થઇ ગયા હતા. તેનાં ડહાપણ તથા કૌશલ્યથી સઘળાં પ્રગણાં એક પછી એક જીતી લેવામાં આવ્યાં તોપણ જે સુબાને મુકરર કરવામાં આવતો તે સ્વતંત્ર થઇ જવાનો પ્રયત્ન કરતો. વળી તેના દીકરા બંડ ઉઠાવવાને નિત્ય તત્પર રહી તેની સામે કાવતરાં કરતા રહેતાં, જેથી તેમના ઉપર તેને સખ્તીઓ કરવી પડતી અને તેમને બેડીઓમાં જકડવાની જરૂર પડતી. એટલુંજ નહિ પણ રાજ્યકુંવરીઓ પ્રત્યે પણ બાદશાહી ક્રોધ બતાવવો પડતો.

ઔરંગઝેબની હયાતીમાં તેની બાદશાહી આખા દ્વિપકલ્પમાં કાયમ રહી પરંતુ લડાઇ બખેડાની જે આગને તે પોતે મુસ્કેલીથી રોકી શક્યો હતો, તે તેના મરણની સાથેજ એકદમ ભડકી ઉઠી. તેના દીકરા તથા પૌત્રો પોતપોતામાં એક બીજાના લોહીના તરસ્યા થયા. એક તરફ આ ઝગડા–ટંટા ચાલતા હતા, અને બીજી તરફ હિંદુ રાજાઓ પોતાની સ્વતંત્રતાની ધજાઓ ઉંચે ચઢાવતા હતા. રાજ્ય મેળવવાને જે ઝઘડાઓ ઉઠયા હતા તે સમી જાય ત્યાં સુધીમાં તો તે રાજ્યનો ફક્ત એક નાનો જેવો કડકોજ બાકી રહ્યો હતો. દક્ષિણમાં આર્કોટનો નવાબ સ્વતંત્ર થયો. હૈદરાબાદમાં આસફશાહે એક સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું જે ઇશ્વરની મહેરબાનીથી આજ



સુધી કાયમ છે. લખનોનું રાજ્ય બંગાળાના અમલ સુધી પહોંચી ગયું, અને પૂર્વમાં મરેઠાઓનો દોર પૂનાથી અજમેર સુધી ફેલાયો. અને તેમની સેનાઓ તાંજોરથી બંગાળા સુધી પ્રસરી ગઇ, અને સઘળા સુબાઓ પાસેથી ખંડણી લેવા શરૂ કરી દીધી. આ સઘળી ઉથલપાથલ વચ્ચે દિલ્હીના શહેનશાહની એ સ્થિતિ હતી કે જાણે તે એક લાકડાનું પૂતળું હોય. તેની હકુમત તેના મહેલની ચાર દીવાલોમાં સમાએલી હતી. મરેઠા, મુગલ તથા અફગાનોએ પોતપોતાના સરદારો હેઠળ જુદા જુદા વખતમાં દિલ્હીનો કબજો કીધો, અને જે ખજાનો મળ્યો તે લઇને ચાલ્યા ગયા. અંતે ગુલામકાદીરે દીલ્હી સર કર્યું, અને રાજકુંવરીઓ ઉપર ઘણીજ ક્રુરતા તથા સખ્તી ગુજારી, છતાં કાંઇ હાથ લાગ્યું નહિ ત્યારે તેણે ખજાનાની પેટી ખાલી જોઇને બુઢા શાહને જમીન ઉપર ફેંકી માર્યો! અને પોતાના ખંજરથી તેની આંખો કાઢી લીધી. કાવતરાં તથા બંડો ચારે તરફ ફેલાઇ રહ્યાં હતાં, અને જો એક નવો તથા અણધારેલો સબબ પેદા ન થાત તો બનવા જોગ છે કે મરાઠાઓનું રાજ્ય દિલ્હીમાં કાયમ થઇ જાત અને મુસલમાન શહેનશાહની જગ્યાએ હિંદુ મહારાજા રાજ્ય કરત. ૧૯ મા સૈકાની શરૂઆતમાં અંગ્રેજોએ મરાઠાઓને તદન તોડી નાંખ્યા. જેથી હિંદુસ્તાનનું રાજ્ય તેમના કબજામાં આવ્યું. જો કે અમારૂં રાજ્ય તો ગયું, પરંતુ અમારી હસ્તી તથા અમારો ધર્મ બાકી રહ્યાં

અઢારમા સૈકાની આખેરીએ દિલ્હીની શહેનશાહત ઉપરાંત હિંદુસ્તાનમાં મુસલમાનોનાં બીજાં ત્રણ નાનાં રાજ્યો કાયમ હતાં. કર્ણાટક, હૈદરાબાદ તથા અયોધ્યા. કર્ણાટકના નવાબો તો થોડી મુદતમાં અંગ્રેજોના સાલીઆણાં ખાતા થઇ ગયા. અને તેમનું રાજ્ય

અંગ્રેજી રાજ્યની સાથે જોડાઇ ગયું, ત્યારથી ઇસ્લામી રાજ્યની પડતી થઇ. આ સ્થિતિને માત્ર નેવું વર્ષ થયાં છે, પરંતુ મુસલમાનોની જે નઠારી હાલત મદ્રાસમાં છે તેવી પૃથ્વીની સપાટી ઉપર બીજી કોઇ પણ પ્રજાની નહિ હોય. હું મારા અંગત અનુભવ ઉપરથી કહી શકું છું કે બીચારા મદ્રાસના મુસલમાનો ખરેખર તદન નિર્ધનતામાં સપડાએલા છે. ખાનદાનના ખાનદાન પાયમાલ તથા તારાજ થઇ ગયા અને થતા જાય છે. જે લોકો પચાસ વર્ષ ઉપર મદ્રાસના શણગાર તથા તેને મોભો વધારનાર ગણાતા હતા, તેમની ઓલાદ નિર્ધનતા –ખરાબીને લીધે આજે બારણે બારણે ભટકતી ફરે છે. અયોધ્યાનું રાજ્ય પણ તારાજ તથા ફના થઇ ગયું છે, આ પુરાણા રાજ્યના નાશ પામવાપર જેટલો અફસોસ કરીએ તેટલો ઓછો છે, પરંતુ એમાં કાંઇ શક નથી કે છેલ્લા બાદશાહોનું અંધેર, ગેરબંદોબસ્ત તથા જુલમ એટલી હદ સુધી વધી ગયાં હતાં કે અંગ્રેજોને હાથ ઘાલવું જરૂરનું થઇ પડયું હતું. આ રાજ્યના જતા રહેવાથી, ઉત્તર હિંદુસ્તાનના રહ્યાસહ્યા મુસલમાનો તારાજ તથા નિર્ધન થઇ ગયા. અને ત્યાંના છેલ્લા બાદશાહના અફસોસકારક મરણથી મુસલમાની બાદશાહીનું નામ પણ હિંદુસ્તાનમાંથી જતું રહ્યું. હૈદરાબાદનું રાજ્ય ઇશ્વરની કૃપાથી કાયમ છે, અને ત્યાંના મુસલમાનોની હાલત આવા હિંદુસ્તાનના મુસલમાનોની સ્થિતિથી વધારે સારી છે. દોલત તથા હકુમત તેમના હાથમાં છે. સરદારી તથા દબદબાનાં ચિન્હો દરેક ઠેકાણે નજરે પડે છે, અને આજે તેજ કટકો હિંદુસ્તાનના મુસલમાનોનું આશ્રમસ્થાન છે.

મુસલમાનોની રાજકીય ચઢતીઓ જેટલી વિસ્મય પમાડે છે તેના કરતાં તેમની વિદ્યાકળા તથા સુધારાની ઉન્નતિ કાંઇ ઓછી



આશ્ચર્યકારક નથી. જે જુસ્સો ધર્મે તેમનામાં ઉત્પન્ન કર્યો હતો તેનું કુદરતી કાયદા પ્રમાણે જે પરિણામ આવવું જોઇતું હતું તેજ આવ્યું. એટલે કે તેમની ચઢતી, પછી તે રાજ્યદ્વારી હોય કે વિદ્યાસંબંધી કે ઘરસંસારી–જ્યાં સુધી તે ઉત્સાહ ચાલુ રહ્યો ત્યાં સુધી કોઇ મુશ્કેલી તેમને અટકાવ કરી શકી નહિ. શરૂઆતમાં મુસલમાનોએ કુરાને શરીફના જુદા જુદા ફકરા એકત્ર કર્યા. પછી તેના અર્થ કરવા તથા સમજવા તરફ ધ્યાન લગાડ્યું, અને જેવી રીતે હિંદુસ્તાનમાં બધી વિદ્યાનો આરંભ વેદના અર્થ સમજવાની અગત્યતાને લીધે થયો, તેવાંજ કારણોને લીધે મુસલમાનોએ વ્યાકરણ, વ્યાખ્યાન, પિંગળવિદ્યા તથા જે વિદ્યાઓ ઉપર ભાષાની સમજણનો તથા તેની બારીકીઓ જાણવાનો આધાર છે તેમનો પ્રચાર કર્યો. પછી હઝરત પેગંબર સાહેબના અમૃતવચનો તથા ધર્મનું જ્ઞાન ફેલાવવામાં તેઓ રોકાયા, અને આ વિદ્યાઓને સંપૂર્ણ સ્થિતિએ પહોંચાડી. બની ઉમૈયા વંશના ખલીફાઓના વખતમાં સાહિત્યની ઘણી ઉન્નતિ થઇ, સંગીતશાસ્ત્રનો પાયો યઝીદ બીજાના વખતમાં નંખાયો, શાહઝાદા યઝીદે રસાયણશાસ્ત્રમાં નામ કાઢયું; ઇમારતો બાંધવાના હુન્નરમાં વધારો શરૂ થયો. દમાસ્કસમાં "ઉમૈયાની મસજીદ" બાંધવામાં આવી, અને કેટલાંક નવાં શહેરો વસાવવામાં આવ્યાં. ઇસ્લામનો પહેલો સૈકો પૂરો થતામાં તો માત્ર વિદ્યાકળાનો પાયો મજબુત થઇ ગયો એટલુંજ નહિ પણ મોટાં તથા સંખ્યાબંધ નાનાં નાનાં શહેરો અને કેટલીએક દબદબા ભરેલી મસજીદો બંધાઇ ગઇ. "બનીઅબ્બાસ" વંશના ખલીફાઓના અમલમાં ફિલસુફી તથા વૈદકશાસ્ત્રની પૂર્ણ ચઢતી થઇ. ત્રીજા સૈકા સુધી અબ્બાસી ખલીફાઓના રાજ્યમાં મુસલમાનોએ વિદ્યા તથા વહેવાર સંબંધી એટલી બધી ચઢતી કરી

કે ખલીફાઓ પોતે વિદ્યાને ચાહતા હતા એટલુંજ નહિ, પણ તેમના પ્રધાનો તથા રાજ્યના અમીરોમાં દરેક જણ વિદ્યા તથા વિદ્વાનોની કદર તથા ચઢતી કરવામાં અને વિદ્યાસંબંધી પુસ્તકો એકઠાં કરવામાં એક બીજાની હરીફાઇ કરતા. અને સઘળા ઇસ્લામી દેશોના પ્રવીણ લોકો—પછી તે મુસલમાન હોય કે યાહુદી કે ખ્રિસ્તી હોય તેનું આ-શ્રયસ્થાન રાજધાનીનું શહેર બગદાદ હતું. જ્યારે ત્રીજી સદીના આખરે ખલીફાઓના રાજ્યનું બળ ઘટી ગયું અને નાનાં નાનાં રાજ્યો હજાઝ, ખુરાસાન અને બીજા ઇસ્લામી મુલકોમાં કાયમ થઇ ગયાં ત્યારે એક લાંબી મુદત સુધી એમાંનું દરેક રાજ્ય પોતપોતાની જગ્યાએ એક ઉદ્દારતાનો ઝરો બની ગયું, અને એમાંના દરેકમાં સંખ્યાબંધ ઇસ્લામી વિદ્વાનો તથા ફિલસુફો પેદા થયા, અને તેમનાં રચેલાં પુસ્તકો બધા ઇસ્લામી દેશોમાં ફેલાઇ ગયાં. મુસલમાનોની દરેક જાતની વિદ્યામાં થએલી ચઢતી અને તેમના ગ્રંથોની ઘણી મોટી સંખ્યાનો કિંચિત્ આભાસ હેમર પ્રાગસ્ટલના ઇતિહાસ ઉપરથી થઇ શકે છે. જર્મનીનો આ એક નામાંકિત વિદ્વાન છે. તેણે મુસલમાનો વિષે સાત મોટા ભાગોમાં એક ગ્રંથ રચ્યો છે, જેનાં પાનાંની સંખ્યા ૭૦૦૦ કરતાં વધારે છે, અને તે પણ ઇસલામની શરૂઆતથી ખલીફા મુક્તશી બે અમરિલ્લાહના રાજ્યના અમલના દસમા વર્ષ એટલે કે હીજરી સન ૬૫૬ સુધીજ. જે અરબી ઇતિહા-સનાં પુસ્તકો તથા કર્તાઓ ઉપરથી લેખકોના આધારે તેમણે પોતાનો ગ્રંથ ઉપજાવી કાઢયો છે તેમના નામની એક ટીપ ગ્રંથકર્ત્તાએ પો-તાની પ્રસ્તાવનામાં દાખલ કીધી છે. આ ટીપમાં ૭૫૦ પુસ્તકોનાં નામ છે, જેમાંનાં ઘણાંખરાંઓનાં નામ પણ અમે મુસલમાનોએ સાંભળ્યાં નથી. એક બીજા ગ્રંથકર્ત્તાએ સ્પેનના મુસલમાનોની વિદ્યા



તથા સુધારાઓની ઉન્નતિનો અહેવાલ લખ્યો છે. જેમાં તે વર્ણવે છે કે સ્પેનમાં મુસલમાનોએ સાહિત્ય, વિદ્યા તથા કાવ્યકળામાં જે ચઢતી કરી હતી, તેનાં વખાણ થઇ શકે તેમ નથી. મુસલમાનોની મગજશક્તિ તથા તેમનો 'ટેસ્ટ' એટલે વિદ્યાની રસજ્ઞતા ઘણાંજ નાજુક તથા ચોખ્ખાં હતાં. તેમનામાં સુધારાનો ઉત્સાહ એટલો બધો હતો કે તે માત્ર સુધરેલી, લાયકીવાળી તથા ઉંચી કેળવણી પામેલી પ્રજાઓમાંજ હોઇ શકે. તેમનાં સૌથી જુલમગાર તથા ખુની રાજા-ઓમાં પણ સાહિત્યનો શોખ જણાતો હતો. જે માણસ હાસ્ય છટા તથા સુભાષણની કાંઇ નહિ તો કદર કરવાની પણ શક્તિ ધરાવતો ન હોય તેના તરફ તિરસ્કારની નજરથી જોવામાં આવતું. આ વિ-શાળ મગજવાળા તથા પ્રકાશિત અંતઃકરણવાળા મુસલમાનો ગાયન-શાસ્ત્ર તથા બીજા મોટી પંકિતના હુન્નરોની સાથે જાણે કે કુદરતી રીતેજ સંબંધ ધરાવતા હતા. જે હાલ ફ્રેન્ચ લોકોમાં મળી આવે છે તે બારીક તુલનાશક્તિ તથા સાહિત્યની નાજુકીઓ તેમનામાં મળી આવતી. આ ગ્રંથકર્ત્તાના કહેવા મુજબ સ્પેનનાં પુરૂષ હકીમો તથા ડાકટરો થતા એટલુંજ નહિ, પણ સ્ત્રીઓ પણ એવી વિદ્વાન થતી કે કૉરડોવામાં લેડી ડાકટર હોવાની કાંઇ નવાઇ જેવી વાત નહોતી. ગણિતશાસ્ત્ર, ઇતિહાસ, ફિલસુફી, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીવિદ્યા—ટૂંકામાં વિદ્યાની દરેક શાખાની પુરેપુરી કેળવણી સ્પેનમાં આપવામાં આવતી હતી. સાહિત્યના સંબંધમાં એમ કહીએ કે યુરોપમાં કોઇ પણ જ-માનામાં તેની એટલી ચઢતી થઇ નહોતી, તો એ કાંઇ તેનાં ખોટાં વખાણ નથી. મુસલમાનોએ આ વિદ્યાને એટલી હદ સુધી વધારી દીધી હતી કે જાણે કવિતા એ દરેક જણની સ્વભાષા થઇ ગઇ હતી; તથા દરેક જાતના લોકો એવી મીઠી તથા પવિત્ર કવિતા

લખતા, અને એવાં છટાદાર તથા સુભાષિત ભાષણો કરતા કે "ખરે-
ખર તેમનું વર્ણન જાદુ જેવું છે" એ વાક્યનો નમુનો નજરે પડતો.
કળા કૌશલ્યની એવી ચઢતી હતી કે દરેક શહેરમાં તેનાં ઉમદાં
ચિન્હો નજરે પડતાં. દબદબા ભરેલી, ઉંચી, મજબુત તથા મોહ
પમાડે એવી ઇમારતો ચારે તરફ દેખાતી. આરસપહાણના મહેલો,
સુંદર બગીચાઓ, સુશોભિત ફુવારાઓ તથા દબદબા ભરેલી મસ-
જીદો એવી તો હતી કે તેમના મુકાબલામાં ફ્રાન્સ તથા જર્મનીના
પાદશાહી મહેલો તબેલા સમાન હતા. પાદશાહી મહેલોમાં માત્ર એક
ઝાડ એવું હતું કે તેમાં ૧૮૦૪ બત્તીઓ સળગાવવામાં આવતી.
અમીર અબદુર રહેમાન ત્રીજાએ એક બગીચો બનાવ્યો હતો, તેમાં
એક એવી ઇમારત હતી કે જે બારસો સ્તંભ ઉપર ઉભી હતી તેજ
અમીર અબદુર રહેમાને હુન્નરની ઘણી ઉન્નતિ કરી. તેણે ચીનથી
કારીગરો બોલાવ્યા હતા. જેઓ રેશમી તથા સુતરાઉ કામ મુસલ-
માનોને શીખવતા હતા. વળી દરેક જાતના કારીગરો ત્યાં હાજર
હતા. રેશમનાં કારખાનાં એટલી બધી સંખ્યામાં હતાં કે ફક્ત કોર-
ડોવામાં એક લાખ ત્રીસ હજાર કારીગરો તેમાં કામ કરતા હતા.
અલમિરિયાનાં રેશમી લુગડાં તથા ગલીચાઓ આજ સુધી યુરોપમાં
મશહૂર છે. માટીનાં વાસણો ઉપર સોના તથા ચાંદીનો ચમકદાર
ઢોળ મેજોરકાના ટાપુમાં મુસલમાનોજ ચઢાવતા હતા. તે ઉપરથી
ઇટાલીનાં માટીનાં વાસણોનું નામ મેજોલિકા પડી ગયું છે.
અલમિરિયામાં કાચ, પીતળ તથા લોઢાનાં વાસણો એવાં સુંદર બનતાં
કે તેઓ ભૂષણ તથા મકાનોના શણગાર માટે કામમાં લેવામાં આવતાં.
હાથીદાંત ઉપરની નાજુક નકશી તથા કોતરકામના ઉંચા નમુનાઓ
હજુ સુધી મોજુદ છે. જેની ઉપર કોરડોવાની દરબારના મોટા મોટા



મુસલમાન અમીરોના નામ કોતરેલાં છે. દાગીનાઓ તૈયાર કરવામાં
ઘણી નાજુકાઈ, સુંદરતા તથા હુન્નર કામે લગાડવામાં આવતાં.
જીનરોનાના દેવળના યજ્ઞકુંડમાં આજ સુધી તે જમાનાની એક મોહક
યાદગીરી જળવાઇ રહી છે તે એક ચાંદીનો દાબડો છે, જેની ઉપર
સોનેરી કામ છે તથા મોતી જડેલાં છે, અને તે વખતે રાજ્ય ચ-
લાવતા ખલીફાના હકમાં દુઆઓ ( આશીર્વાદ ) તેમાં કોતરેલી છે.
એજ સાચા ઇતિહાસકર્ત્તાએ જે બાબતોનું વિગતવાર વર્ણન આપ્યું
છે તે સઘળું છોડી દઇને, તેનું એક વાક્ય અહીંઆં રજુ કરીશ. તે
લખે છે કે "હુન્નર અને કારીગરીમાં, વિદ્યા તથા કળામાં, અને
સામાન્ય રીતે સઘળી જાતના સુધારાઓમાં, કોરડોવાનું શહેર મુસ-
લમાનોના જમાનામાં દુનિયાનો સૌથી વધારે ઝળકતો તારો હતો."
એક બીજો ગ્રંથકર્તા લખે છે કે, વિદ્યા તથા હુન્નરની ચઢતીએ ત્યાં
ધર્માંધપણાને એટલું દાબી દીધું હતું કે હાલના જમાનામાં તે વાત
માની શકાતી નથી. ખ્રિસ્તી, યાહુદી અને મુસલમાનો એકજ જાતના
વિચારો ધરાવતા, એકજ ભાષા બોલતા, એકજ રાગથી ગાતા,
એકજ તરેહની કવિતા તથા વચનોથી પોતાનું મન રીઝવતા. મુસ-
લમાનોના ધર્માંધપણા વિષે જે સાધારણ ખ્યાલ બેશી ગયો છે તે
જો સાચો હોત તો એવી મિત્રાચારી, એવું ઐક્ય તથા વિદ્યાનો
એવો શોખ કદી ન હોત. સ્પેનની ઉત્તરે મુસલમાનોની વિદ્યા તથા
હુન્નરની ખ્યાતી ફેલાઇ હતી, અને અરબી પુસ્તકો આતુરતાથી વાં-
ચવામાં આવતાં. ફ્રાન્સ, જર્મની તથા ઇંગ્લાંડના લોકોમાં મુસલમા-
નોનાજ પ્રતાપથી ઘોડેસ્વારીનો શોખ ઉત્પન્ન થયો, અને તેઓ
અરબી ઘોડાઓના શોખીન થયા. આ જમાના પહેલાં યુરોપમાં
ઘોડાઓનો ઉપયોગ થોડો હતો. એ દેશમાં શિકારનો શોખ પણ

મુસલમાનોએ ઉત્પન્ન કર્યો. વળી તે વખતના યુરોપના વિદ્વાનો તથા કવિઓ જ્યાં સુધી થોડી મુદત કોરડોવામાં રહેતા નહિ, ત્યાં સુધી તેઓ પ્રતિષ્ઠિત વિદ્વાન તથા કવિ ગણાતા નહિ. અંગ્રેજીમાં સૌથી પહેલો કોષ બનાવવાનું માન જો કે ડાકટર જોન્સનને મળ્યું છે તોપણ શબ્દકોષ લખનારા મુસલમાન ગ્રંથકર્તાઓ તેની બહુ પહેલા થઈ ગયા છે. તેઓમાંનો શબ્દકોષનો એક ગ્રંથ સાઠ વિભાગોમાં છે. જેમાંના દરેક શબ્દના અર્થ તથા ઉપયોગ, વિદ્વાનો તથા કવિઓના ફકરા તથા કહેવતોના આધારો સાથે આપવામાં આવ્યા છે. સાઇકલોપીડીયા (સર્વ જ્ઞાન સંગ્રહ) નું પણ એક સંપૂર્ણ પુસ્તક અરબીમાં હતું. હસન બીન અબ્દુલ્લાહે કળા કૌશલ્યની ઐતિહાસિક ડીક્ષનરી પણ લખી હતી. મુસલમાનો કાવ્યશાસ્ત્રના સજીવન કરનારા છે. તેઓ કાવ્યનાં ચરણ હસ્તીમાં લાવ્યા તેની અસર ખ્રિસ્તીઓ ઉપર પણ થઇ, અને તેઓ તે જમાનામાં પાદરીઓની ધર્મને લગતી કવિતાને બદલે મોહક ગઝલો તથા ઇશ્કની કહાણીઓ કાવ્યમાં લખવા લાગ્યા. ફ્રાન્સ, ઇટાલી તથા સિસિલીમાં કાવ્યનો શોખ મુસલમાનોને લીધેજ પેદા થયો. મુસલમાનોમાં ઇતિહાસકર્તા તો કવિઓના જેટલીજ મોટી સંખ્યામાં થઇ ગયા છે. ઇતિહાસની સાથે સ્ટેટિસટિક્સ (લોકની સ્થિતિ વગેરેની હકીકતનો સંગ્રહ) પણ ચાલુ હતો. વસ્તીની ગણત્રી, ઉપજ ખર્ચની વિગત, વેપારની સ્થિતિ તથા એના જેવી બીજી બાબતોનો પુસ્તકોમાં સમાવેશ કરવામાં આવતો. તે જમાનામાં મુસાફરો તથા પ્રવાસીઓ પણ ઘણા નજરે પડતા. જેઓ માત્ર વિદ્યાની ચઢતી કરવાને માટે જુદા જુદા દેશોમાં મુસાફરી કર્યા કરતા, તથા તે દેશોની સ્થિતિ નોંધી લેતા અને મુસાફરીનાં પુસ્તકો રચતા. યુરોપના ઘણાખરા ભાગોમાંથી લોકો આવતા તથા



ઇસ્લામી મદ્રેસાઓમાં વિદ્યા સંપાદન કરતા. જીરબટ નામના એક પુરૂષે કોરડોવામાં વિદ્યા સંપાદન કરી પોતાના દેશમાં પાછા ફરી ફ્રાન્સના કીનારા ઉપર પોતાની એક શાળા સ્થાપી હતી. ડ્રેપર સાહેબ લખે છે કે આજકાલના યુરોપના વિદ્વાનો તથા ગણિતશાસ્ત્રીઓ એમ ઇચ્છે છે કે પોતાની મોટાઇ કાયમ કરે, અને અસલના વિદ્વાનોને અંધારામાં મૂકી દે; પણ ઇન્સાફની નજરમાં તેમના યત્નો બીલકુલ તુચ્છ થઇ જાય છે. યુરોપના ખ્રિસ્તી વિદ્વાનોને કબુલ કરવું પડે છે કે તેમની વિદ્યાનો પાયો તે અરબોએ નાંખ્યો છે કે, જેમને તેઓ જંગલી તથા અણસુધરેલા કહે છે. અરબોએ પોતાનું નામ આકાશના તારાઓ ઉપર લખી રાખ્યું છે, એટલે કે આ જમાનાના ખગોળવેતાઓને ઘણે ભાગે અરબી નામો વાપરવાં પડે છે. તેઓએ જીંદગીની રોજના વપરાશની ચીજો ઉપર પણ લક્ષ આપ્યું, તેઓએ ખેતીવાડીને ઘણીજ વધારી તથા ઘોડાઓ અને ઘેટાંમાં વધારો કરવાનાં સાધનો ઉત્પન્ન કીધાં. ચોખા, શેરડી તથા રૂનો ઉપયોગ એજ લોકોએ આપણને શીખવ્યો. બગીચાના મેવાઓ, તેમનો ઉપયોગ તથા તેમને કેળવવાની રીત અમે તેમની પાસેથીજ શીખ્યા. રેશમની પેદાશ અને તેમાંથી ઉમદા કાપડ વણવાની રીત આપણે તે પહેલાં જાણીજ નહોતી. તેમનેજ પ્રતાપે આપણને તેનું જ્ઞાન થયું. તેમણે બંદુક તથા તેનો દારૂ પણ શોધી કાઢયો. જે બંદુકો તેઓ વાપરતા હતા તે ઢાળેલા લોઢાની બનાવેલી હતી. તેમના જમાનામાં વેપાર એટલી ટોચે પહોંચ્યો હતો કે એકલા અબદુર રહેમાન ત્રીજાના ખજાનામાં પંચાવન લાખ દીરમની આમદાની હતી. એટલી મોટી રકમ તે જમાનામાં ખેતી કે રૈયત પાસેથી જુલમથી કદી વસુલ થઇ શકતી

નહોતી. એકલા સ્પેનની ઉપજ તે જમાનાના સઘળા ખ્રિસ્તિ રાજાઓની ભેગી ઉપજથી વધારે હતી. આ જમાનાના લખનારાઓ અરબ લોકોની કેળવણીમાં ઘણી ખોડખાંપણ કાઢે છે, પણ તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે કોઇ પણ પ્રજાની વિદ્યા સંબંધી ઉન્નતિ તે જમાનાની સ્થિતિ તથા બીજી પ્રજાઓની સરખામણી સાથે જોવી જોઇએ. આપણી વિદ્યાઓ જેમને આપણે આજે સંપૂર્ણ ગણીએ છીએ, તેમાં આપણી પછી હજારો ભૂલો નીકળે તો અચંબો કરવા જેવું શું છે ? જેવી રીતે મીસરનાં પીરામીડો જોઇને તે જમાનાના હુન્નરનો આભાસ થઇ શકે છે, તેવીજ રીતે અરબ લોકોનાં પુસ્તકો તથા તેમની ઇમારતો જોઇને આપણે તેમની વિદ્યાઓ, હુન્નરો તથા કારીગરીઓનો ખ્યાલ કરી શકીએ છીએ. અફસોસ છે કે તેમના ગ્રંથો અને તેમણે બનાવેલી ચીજોમાંથી ઘણીજ થોડી મોજુદ છે. તેઓનો થોડો ભાગ તો જમાનાના ફેરફારને લીધે નાશ પામ્યો છે. જ્યારે મોટો ભાગ ખ્રિસ્તીઓની અદેખાઇનો ભોગ થઇ પડ્યો છે. જે તેઓએ એટલાજ સારૂ નાશ કીધો કે ભવિષ્યમાં તેમની પોતાની જંગલી સ્થિતિ જાહેર થાય નહિ. એમ છતાં પણ મુસલમાનોનાં એવાં પુસ્તકો મોજુદ છે કે જે ઉપરથી જણાય છે કે ગહન વિદ્યાઓના ઉંડા તથા બારીક સવાલોની સચ્ચાઇ શોધવા તથા ખંડન કરવામાં તેમણે પોતાની મગજશક્તિ બતાવી દીધી છે.

મુસલમાનોના રાજ્યબંદોબસ્તના સંબંધમાં એ બાબત જોવા લાયક છે કે તેઓને સ્પેન કેવી સ્થિતિમાં મળ્યું હતું, અને આઠસેં વર્ષની હકુમત તથા રાજ્ય પછી તેઓએ તેને કેવી હાલતમાં છોડયું. એક યુરોપિયન ઇતિહાસકર્તા લખે છે કે જે વખતે મુસલમાનો સ્પેનની સરહદ ઉપર પહોંચ્યા ત્યારે સ્પેનની સ્થિતિ એ હતી કે એક



કોહી ગએલી સરકારે બધી જમીન પોતપોતામાં વહેંચી લીધી હતી. મોટી મોટી જાગીરોની ખેતી, વિપત્તિમાં પડેલા તથા જુલમ ભોગવનારા ગુલામોથી થતી હતી; અને શહેરના રહેવાશીઓ સઘળા તારાજ થઇ ગયા હતા. જ્યારે અરબી રાજ્ય ત્યાં કાયમ થયું તથા બંદોબસ્ત ફેલાયો ત્યારે ત્યાંની તાબે થએલી કોમોએ પોતાને પહેલાં સાથે સરખાવતાં કાંઇ માઠી સ્થિતિમાં નહિ જોયા. ઉલટું થોડા દિવસમાં તેઓની ખાત્રી થઇ કે રાજ્યના ફેરફારથી તેઓને તો ફાયદો થયો હતો. તેઓને પોતાનાજ કાયદા કાનુન ચાલુ રાખવા તથા પોતાનાજ ન્યાયાધિશ રાખવાની પરવાનગી આપવામાં આવી. તેઓનીજ કોમના હાકેમો તેઓના જીલ્લાઓના બંદોબસ્ત સારૂ મુકરર થયા. શહેરના રહેવાશીઓને સરકારના ખરચનો બોજો ઉપાડવાને બદલે માથા દીઠ એક હલકો જેવો કર આપવો પડતો. સઘળા જુના જમીનદારો તથા શહેરના રહેવાશીઓની મીલકત તેઓની પાસે કાયમ રહી દેવળોને લગતી મીલકત તથા જે લોકો ઉત્તરના પહાડોમાં નાશી ગયા હતા તેમની મીલકત જપ્ત કરી લેવામાં આવી. તો પણ તે જમીનની ખેતી કરનારા જે ગુલામો હતા તેમને તે જમીનનો કબજો સોંપવામાં આવ્યો, અને તેઓના નવા માલેકો તેઓની પાસેથી પેદાશનો એક મુકરર—૧/૬ થી ૩/૫ સુધીનો—હીસ્સો લેતા રહ્યા. તેઓના ગૉથિક રાજાઓના અમલમાં પણ તેમને મળ્યા નહોતા એવા હક તેમને બક્ષવામાં આવ્યા. તે હક જમીનોની બદલી કરવાનો હતો. જેથી તેઓને તેને ગીરો મૂકવા વેચવા તથા બક્ષિસ કરવાનો પૂરેપૂરો અખત્યાર આપવામાં આવ્યો. ધર્માંધપણા કે ધર્મ સંબંધી કોઇ પણ પ્રકારના જુલમની ફરિયાદ તેઓના વખતમાં નહોતી. જેવી રીતે ગૉથ લોકો યાહુદી લોકો તરફ વર્ત્યા હતા, જેવી

રીતે પોતાની જીતાએલી રૈયતની તરફ વર્તવાને બદલે અરબ લોકોએ તેમના ઉપર જુલમ ન કર્યો, તેમજ જબરજસ્તથી મુસલમાની ધર્મમાં વટાળ્યા નહિ, અને તેમનો ધર્મ તેમની ઇચ્છા ઉપર છોડી દીધો. તથા ધર્મ સંબંધી પ્રાર્થનાઓ કરવામાં તથા ક્રિયાઓ પાળવામાં પૂરેપૂરૂં છુટાપણું બક્ષ્યું. આવી રાજનીતિથી જીતાએલી પ્રજા તથા ખ્રિસ્તી રૈયતોને પૂરેપૂરૂં સમાધાન થયું, અને વળી તેઓ કબુલ કરવા લાગ્યા કે અમે આ મુસલમાનોની હકુમતને 'ફ્રાંક' કે 'ગૉથ' લોકોના રાજ્ય કરતાં ઘણી વધારે પસંદ કરીએ છીએ. જોકે આ મુસલમાની રાજ્યથી બધાને સામાન્ય રીતે ફાયદો થયો, પરંતુ જે ગુલામો પ્રત્યે ફ્રાંક તથા ગૉથ લોકો જુલમથી વર્તતા હતા તેમના વિશેષ કરીને નસીબ ખુલી ગયાં. જ્યારે સ્પેન દેશના ગુલામો ખ્રિસ્તીઓના કબજામાંથી નીકળીને મુસલમાનોના કબજામાં આવ્યા ત્યારે તેઓ ગુલામ મટીને નાના ખેડુત બની ગયા. અને જે ગુલામો ખ્રિસ્તીઓના કબજામાં હતા તેઓને માટે છુટાપણાનો સહેલો રસ્તો ખુલ્લો થઇ ગયો. એટલે કે ઇસ્લામી કલમો (સૂત્ર) પડવાથી તેઓ ગુલામગીરીનાં બધાં કષ્ટોથી છૂટા થતા, અને રાજ્યકર્ત્તા કોમની પેઠે તેઓને સ્વતંત્રતા મળતી. સ્પેનના સઘળા ફળદ્રુપ પ્રગણાઓમાં મુસલમાનોના રાજ્ય, મુસલમાનોની મહેનત, તથા મુસલમાનોના હુન્નરથી એવી લીલાલહેર થઇ ગઇ હતી કે જાણે આખો દેશ એક બગીચા જેવો દેખાતો હતો.*

---

* મુસલમાનોના હાથમાંથી નીકળી ખ્રિસ્તીઓના હાથમાં ગયા પછી ખ્રિસ્તી રાજનીતિ તથા રાજ્યકારભારથી સ્પેન દેશની જે દુર્દશા થઇ તે ઉપરથી તે વખતના મુસલમાનોનું ધર્માધરહિતપણું, સુધારો, રાજ્યનીતિ, ઇનસાફ તથા ઉદારતાનો કાંઇક ખ્યાલ આવી શકે છે.



મુસલમાનોની સ્પેનમાં ઘણી ચઢતી થઇ, અને તેમના રાજ્ય, સુધારા અને વિદ્યા કળાથી તે દેશને ઘણો ફાયદો થયો. તોપણ દિલગીરીની વાત છે કે જ્યારે મુસલમાનોને તે દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા અને તુર્કોએ યુરોપનો એક બીજો દેશ–તુર્કસ્તાન–જીતીને

---

જ્યારે પંદરમા સૈકામાં ખ્રિસ્તીઓએ મુસલમાનોને હરાવી તેમનું રાજ્ય જીતી લીધું ત્યારે તેમણે મુસલમાનો તરફ કેવી વર્તણુક ચલાવી તથા તેમના હાથમાં આવવાથી દેશની કેવી દુર્દશા થઇ તેનો બકલે હિસ્ટરી ઓફ સીવીલીઝેશનના બીજા પુસ્તકોમાં સારો ચીતાર આપ્યો છે. તેમાંથી થોડાક ફકરા અહીંઆં હું ટાંકું છું. તે ઇતિહાસકર્ત્તા લખે છે કે, સ્પેનના છેવટના મુસલમાન રાજાના નાશ પછી એટલે પંદરમા સૈકામાં સ્પેનના લોકોએ જીતાએલા મુસલમાનોને ખ્રિસ્તી ધર્મમાં વટાળવાનું શરૂ કર્યું. તેમનો વિચાર એ હતો કે માત્ર એજ ઉપાયથી દેશની પાયમાલી થતી અટકશે. જ્યારે એ મુસલમાનો ઉપર પાદરીઓ ઘણીજ થોડી અસર કરી શક્યા, અને તેઓએ ખ્રિસ્તીધર્મમાં વટલવાની ના પાડી ત્યારે ઉત્તેજનને બદલે જુલમ તથા બીજાં સખત સાધનો કામે લગાડવામાં આવ્યાં. આ જુલમને તેમણે છેવટની હદ સુધી પહોંચાડયો. કોઇને ધમકી આપી, કોઇને શારીરિક શિક્ષા કરી અને કેટલાકને જીવતા બાળી મૂક્યા. ઇ. સ. ૧૫૨૬ની પછી આખા દેશમાં કોઈ મુસલમાન નજરે પડતો નહોતો. સર્વેને જબરદસ્તીથી ખ્રિસ્તી બનાવવામાં આવ્યા હતા જે લોકો પહેલાં મુસલમાન હતા અને હવે ખ્રિસ્તીધર્મમાં વટલાઇ ગયા હતા (અને જેમને આપણે હવે પછી મોરસ્કુના નામથી બોલાવીશું) તેમના સંબંધમાં ફિલિપ બીજાએ ઇ. સ. ૧૫૬૬ માં એક હુકમ બહાર પાડયો. જેની રૂએ તેમના અસલ ધર્મ ઇસ્લામની લેશભર પણ યાદ

સ્પેનની ખોટ પૂરી પાડી તોપણ તેઓ કારડોવા સરખું બીજું કોઇ શહેર વસાવી શક્યા નહીં; તેમના રાજ્યથી તે દેશની કોઇ પણ રીતે ઉન્નતિ થઇ નહિ. તુરકોએ તે દેશમાં વિદ્યાકળા, સુધારા અને યોગ્યતાનો પ્રકાશ ફેલાવ્યો નહીં, તેમજ પોતાના ભાઇ મુર લોકના જેવી

---

આવે એવા કોઇ પણ કામ અથવા હીલચાલ કરવાની તેમને મનાઇ કરવામાં આવી. તેઓને હુકમ કરવામાં આવ્યો કે તેઓએ સ્પેનની ભાષા શીખવી અને આરબી પુસ્તકો જોવાં નહિ. આ હુકમ તોડનારને સારૂ ભારે શિક્ષા ઠરાવવામાં આવી હતી. એ હુકમનો અમલ એટલી હદ સુધી કરવામાં આવતો કે તે બાપડાઓને પોતાની સ્વભાષા (અરબી) માં પોતાના ઘરમાં પણ વાતચીત કરવાની મનાઇ હતી. તેમના રીવાજો તથા રમતગમતો પણ બંધ કરવામાં આવ્યાં. તેમના બાપદાદા જે પોશાક પહેરતા હતા અને તમાશા જોતા હતા તે પોશાક પહેરવાની અને તમાશા જોવાની પણ તેમને પરવાનગી નહોતી; તે એટલે સુધી કે તેમની સ્ત્રીઓને બુરખો પહેરવાની પણ મનાઇ કરવામાં આવી. હમામમાં તેઓને નાહાવાની બંધી કરવામાં આવી, અને તેમના ઘરમાં જે હમામો હતાં તે તોડી પાડવામાં આવ્યાં. આ સઘળા જુલમોનું પરિણામ એ આવ્યું કે મુસલમાન એટલે મુરલોકોએ છેવટનો પ્રયત્ન કરી ઇ. સ. ૧૫૬૮ માં બળવો કર્યો. તેઓની સંખ્યા ઘણી થોડી હતી અને પારકા દેશમાં બળવો કરવામાં કેટલી સફળતા મળી શકે તે સૌ જાણે છે, એમ છતાં નિરાશાથી તેમનામાં જોર આવ્યું અને ૧૫૭૧ સુધી તેઓને દબાવી શકાયા નહિ. છેલ્લું પરિણામ એ થયું કે તેમની સંખ્યા ઘટી ગઇ પરંતુ જ્યાં ત્યાં નાના નાના બળવા થવા લાગ્યા. અજ્ઞાનતાને લીધે હમેશાં વહેમો ઉત્પન્ન થયા કરે છે, અને નજીવી બાબતો ઉપર વિશ્વાસ



કીર્તિએ મેળવી નહીં. તેમનામાં એવો કોઇ પણ ગુણ અમને જણાતો નથી કે જેનું વર્ણન અમે અભિમાનથી કરી શકીએ. એથી ઉલટું અમને જણાય છે કે દેશના જે ભાગ તેમના કબજામાંથી નીકળી ગયા અથવા નીકળતા જાય છે ત્યાં તેમની હકુમત અથવા તેમના

---

બેસે છે. સ્પેનમાં અજ્ઞાનતા પ્રસરેલી હતી તેથી આ બીચારા જુલમમાં દબાયલાઓની પૂરી પાયમાલી થઇ. ઇ. સ. ૧૫૮૮ માં ઈંગ્લંડની રાણી ઇલીઝાબેથ સામે મોકલવામાં આવેલા દરીયાઇ કાફલા "આરમેડા" નો નાશ થયો અને આલ્જીરીયાની ચઢાઇમાં નિષ્ફળતા થઇ. તે વખતે પાદરીઓએ સ્પેનના રાજા ફિલિપ તરફ એવી અરજ મોકલી કે જ્યાં સુધી આ દેશમાં ડામાડોળ આકીનવાળા ખ્રિસ્તીઓ એટલે મૂરસ્કુ લોકો રહેશે, ત્યાં સુધી દેશમાં સહીસલામતી તથા શાંતિ રહેશે નહીં, અને સરકાર તથા રાજ્યની ઉન્નતિ થશે નહીં; આ અપશુકનને દેશમાંથી દૂર કરવું જોઇએ. આ દેશ ઉપર રાજ્ય કરી ગએલી પ્રજાના વંશજોના દિવસ હવે ભરાઇ ચુક્યા છે, એવું સ્પષ્ટ થયું. પાદરીઓની જુદી જુદી ટોળીઓએ ઘણાએક પ્રયત્નો કર્યા. કોઇએ કહ્યું કે એમને કત્તલ કરો, કોઇએ કહ્યું કે દેશમાંથી કાઢી મૂકો. અંતે દશલાખ મુરસ્કુ લોકો જેઓ સ્પેનમાં ખેતી, હુન્નર ધંધા તથા કારીગરીનાં કામો કરતા હતા તેમનો ૧૬૦૯ માં ફિલિપ ત્રિજાના હુકમથી જંગલી પશુઓની પેઠે શિકાર કરવામાં આવ્યો. કેટલાકને કત્તલ કરવામાં આવ્યા, કેટલાકને લૂંટી લેવામાં આવ્યા. બાકીના આફ્રિકા તરફ નાસવા લાગ્યા ત્યારે તેમનાં વહાણો ઉપર હુમલા કરવામાં આવ્યા, અને હજારોને મારી નાંખવામાં આવ્યા. સ્ત્રીઓ ઉપર જુલમ ગુજારવામાં આવ્યો, નિર્દોષ દુધ પીતાં બચ્ચાંઓને દરિયામાં ડુબાવી દેવામાં આવ્યાં. જેઓ બચી જવા પામ્યા

સુધારાની કોઇ પણ સારી યાદગારી માલમ પડતી નથી. મુસલમાનોનાં બીજાં રાજ્યોની વિદ્યાકળાના વધારાનું વર્ણન અમે સ્પેનની સાથે કરી શકતા નથી. બગદાદ, મીસર વગેરેમાં શરૂઆતરૂાં જે સુધારો થયો તેને બાજુએ મેલીને જોઇએ તો મુસલમાનોના બીજા

---

તેઓ બારબરીના કીનારા તરફ નાઠા, તો ત્યાં પણ તેઓની કત્તલ થઇ. જેઓ જંગલમાં ગયા હતા તેઓ ભૂખે મરી ગયા, અને અસંખ્ય જીવો નાશ પામ્યા. હવે પાદરીઓને શાંતિ વળી, કેમકે પીરીનીના પહાડથી લઇને જીબ્રાલ્ટરની સામુદ્રધુની સુધીમાં એક પણ અધર્મી નજરે પડતો નહોતો. તેમની મોટી આશાઓ સહીસલામતી તથા શાંતિ મેળવવાની હતી, પરંતુ તે પાર પડી નહિ ખેતીવાડીની સૌથી શ્રેષ્ઠ પદ્ધતિ મુસલમાનોને માલમ હતી અને તેઓજ ખેતીનું કામ કરતા હતા. ચોખા, ખાંડ, રૂ, રેશમ તથા બીજી સઘળી ચીજો એજ લોકો ઉત્પન્ન કરતા હતા. હાથના હુન્નર, ચિત્રકામ તથા બીજી કળાઓ આ લોકમાંજ હતી. આ લોકોને સ્પેનમાંથી હાંકી કાઢ્યા પછી ત્યાં એવી એક પણ કોમ રહી નહિ કે જે આ જરૂરી કામો કરી શકે. ખેતીવાડી તથા હુન્નરકામને ઘણો ધોકો પહોંચ્યો. કારણ કે સ્પેનના લોકો લડાઇ તથા ધર્મ સિવાય બીજા ધંધાઓ તરફ તિરસ્કારની નજરથી જોતા હતા. બાદશાહને સારૂ લડવું અથવા દેવળમાં જવું એ આબરૂદાર ગણાતું હતું. તે સિવાયનાં બધાં કામો અને આ ધંધા હલકા ગણાતા હતા. પાદરીઓને એવી આશા હતી કે મુસલમાનોને કાઢી મૂક્યા પછી આખો મુલક આબાદ થશે. પરંતુ તેને બદલે દેશમાં વેરાની ફેલાઇ. સ્પેનના લોકોએ જાણી જોઇને અથવા શરમને લીધે ફિલિપ ચોથા કે ચાર્લ્સ બીજાના વખતનો ઇતિહાસ લખ્યો નથી. પરંતુ જુદાં જુદાં સાધનો ઉપરથી માલમ



કોઇ પણ રાજ્યમાં સ્પેન જેવી ઉન્નતિ થઇ નથી; અને જો કોઇ રાજાના પ્રયત્નથી દેશના કોઇ ભાગમાં કાંઇ સુધારો થયો હોય તો તે પણ હદની અંદર અને ખાસ માણસોને માટે હતો. તેની જનસમુદાયપર જોઇએ તેટલી અસર થઇ નહીં; અને તે ઉન્નતિ ઘણી

---

પડે છે કે સ્પેનની હાલત ઉજડ હતી. ૧૭ મા સૈકાની શરૂઆતમાં માડરીડની વસ્તી ચાર લાખ માણસની હતી, અને ૧૮ મા સૈકાની શરૂઆતમાં તે ઘટીને ૨ લાખથી પણ ઓછી થઇ ગઇ હતી. સ્પેનના સૌથી દોલતમંદ ગણાતા શહેર સેવિલમાં ૧૬ મા સૈકામાં લુગડાં વણવાનાં સોળ કારખાનાં હતાં. તેમાં એક લાખ ત્રીસ હજાર માણસોને રોજી મળતી. ફીલીપ પાંચમાના વખતમાં તે સંખ્યા ઘટીને ત્રણસોથી ઓછી થઇ અને ૧૬૬૨ માં આ શહેરની વસ્તી પહેલાં કરતાં પા ભાગ જેટલી થઇ ગઇ. ૧૬ મા સૈકામાં ટોલિડોમાં ઊન વણવાનાં પચાસ કરતાં વધારે કારખાનાં હતાં. ૧૬૬૫ માં તેમાંનાં માત્ર તેર રહ્યાં હતાં. આ શહેર પહેલાં રેશમના કામ માટે પ્રખ્યાત હતું. તેમાંથી એ હુન્નર બિલકુલ નાશ પામ્યો; અને જે ચાળીસ હજાર માણસોને આ કારખાનાઓમાં રોજી મળતી હતી તેઓ દુઃખી તથા કંગાલ થઇ ગયા. કૅસ્ટિલ અને બીજાં શહેરોમાં પણ તેમજ થયું. સરકારી ખજાનો ખાલી થઇ ગયો. રૈયતની પાસે જે મિલકત હતી તે જોરજુલમથી લૂંટી લેવામાં આવતી, તે એટલે સુધી કે તેમના બીછાના તથા સામાન અને ઘરની છત સુદ્ધાંત પણ સરકારે લઇને વેચી નાંખી. તે ઉપરથી દેશ છોડીને રૈયત નાસી ગઇ, ખેતીવાડી બંધ થઇ અને લાખો માણસો ભુખમરાથી મરી ગયાં. ઘણાંખરાં શહેરોમાં એ તૃતીયાઉંસ કરતાં વધારે ઘરો ઉજડ તથા વેરાન થઇ ગયાં. આ આફતોને લીધે સ્પેનના જાતિ ઉત્સાહ તથા શક્તિ ઘટી

લાંબી મુદત સુધી કાયમ પણ રહી નહીં. હિંદુસ્તાનનોજ દાખલો લઇએ. સુલતાન મહમદ ગીઝનીના વખતથી મહમદશાહના વખત સુધી અમે મુસલમાનોએ શું કીધું ? અમારા આવવાથી આ દેશની સ્થિતિ પહેલાં કરતાં વધારે સારી થઇ અને સુધારા વધારા થયા;

---

ગયાં. દરેક ખાતામાં નબળાઇનાં ચિન્હો જણાવા લાગ્યાં. તે એટલે સુધી કે ઇ. સન ૧૬૫૬ માં વહાણોનો એક નાનો કાફલો તૈયાર કરવાની યોજના થઇ હતી; પરંતુ ખલાસી વગેરે જોઇતી સંખ્યામાં ન મળવાથી તે યોજના પાર પડી શકી નહિ. દરિયાના જે નકશા બનાવવામાં આવ્યા હતા તે સઘળા ગુમ થઇ ગયા, અને સ્પેનના વહાણવટીઓમાં અજ્ઞાનતા એટલી હદ સુધી પહોંચી હતી કે તેમનો કોઈ ભરોંસો કરતું નહિ. ઘણીખરી ફોજો પોતપોતાના વાવટા છોડીને નાસી ગઈ, અને જે લોકો વફાદારીથી તથા પ્રમાણિકપણાથી પાછળ રહી ગયા તેમને પહેરવા સારૂ એક લૂગડું પણ નહોતું. પગાર તો કાંઇ મળતોજ નહોતો અને ભૂખમરો ભોગવવો પડતો. સરહદપરનાં શહેરોમાં બચાવ સારૂ લશ્કર નહોતું. કિલ્લાઓ બીસ્માર તથા તારાજ સ્થિતિમાં હતા. દારૂખાનાના કોઠારમાં કાંઇ સામાન રહ્યો નહિ અને વહાણ બનાવવાનો હુન્નર પણ તેમના હાથમાંથી ગયો. લોકો નાનાં નાનાં ટોળામાં વહેંચાઇ જઇને ઘરોને લૂંટતા અને ધોળે દિવસે ખૂન થતાં. રાજાના ખાનગી ખજાનામાં એટલી બધી તંગી હતી કે તે પોતાના ખાનગી નોકરોના પગાર આપી શકતા નહોતા, અને તેમનો દરરોજનો ખર્ચ પણ મુશકેલીથી ચાલતો. રોટલી સારૂ રસ્તા ઉપર લડાઇ ન થઇ હોય એવો એક પણ દિવસ ભાગ્યેજ જતો. મુસલમાનોને કાઢી મૂક્યા પછી આખા સ્પેન દેશની આ દશા થઇ, અને બીજા દેશોમાંથી મદદ આવી ત્યાં સુધી બંદોબસ્ત થઇ શક્યો નહિ.



પરંતુ અકબરના વખતમાં વિદ્યાકળાની જે ઉન્નતિ શરૂ થઇ અને શાહજહાનના વખત સુધી કાયમ રહી તે સિવાય વિદ્યા કળાની કોઇ પણ એવી ચઢતી અમને માલૂમ પડતી નથી કે જેનું વર્ણન અમે અભિમાનથી કરી શકીએ. અને જે કાંઇ ચઢતી તે જમાનામાં થઇ હતી તે પણ માંહોમાંહેની લડાઇ અને ધર્માંધપણાને લીધે જલદી નાબુદ થઈ ગઈ. જેથી ન તો અમારૂં રાજ્ય રહ્યું; ને ન અમારો સુધારો રહ્યો; અલબત્ત; અમે મુસલમાનો પોતાની કોમની દુર્દશા ઉપર પરજીઆ ગાવાને જીવતા તથા અત્રે હાજર છીએ.

મુસલમાનોની રાજસંબંધી તથા વિદ્યા સંબંધી સ્થિતિનું જે વર્ણન ઉપર થઇ ગયું તે ઉપરથી તેમની ચઢતી તથા પડતીની હકીકત માલમ પડી હશે. પણ જે કારણોથી આ પરિણામો નીપજ્યાં તેની તપાસ કરવી એ ઘણા વિચાર તથા ધ્યાનનું કામ છે. ઘણા લોકો ચઢતી તથા પડતીનાં કારણોનું નામ સાંભળીને અચંબો પામશે. કેમકે દુનીઆના બનાવો તથા માણસની કે કોમની આબરૂ કે ગેર-આબરૂ સારા અથવા માઠા નશીબને લીધે થાય છે એમ માનવામાં આવે છે. લોકો એમ સમજે છે કે જેના નસીબમાં જે લખ્યું હોય તેજ પ્રમાણે થવું એ અવશ્યનું છે. કારણ શું અને સબબ શો ? આ વાત સાચી છે; પરંતુ અમને શીખવવામાં આવ્યું છે કે દુનીઆ કારણોની સૃષ્ટિ છે, અને જે ઇશ્વરે તેને પેદા કરી છે અને જે સૃષ્ટિનો કર્ત્તા છે તે કારણોનો પણ સરજનહાર માનવામાં આવે છે. તેણે એક મજબુત કાયદો ઘડયો છે કે દરેક કારણનું કાંઇ પરિણામ અને દરેક પરિણામનું કાંઇ કારણ હોવું જોઇએ; અને તે કાયદાનો અમલ અમે બધો દ્રવ્ય તથા અદ્રષ્ય ચીજોમાં જોઇએ છીએ. દાખલા તરીકે બીમાંથી ઝાડ, ઝાડમાંથી ફુલ, અને ફુલમાંથી ફળ થયા કરે છે.

એમનામાં અવ્યવસ્થા થતી નથી તેમજ કુદરતનો કાનુન તુટતો નથી. દરેક ચીજ એક ચોક્કસ કાયદા તથા બાંધેલા ધોરણ પ્રમાણે થાય છે. એવીજ રીતે દુનીઆના બનાવો અને માણસનાં કામોમાં પણ કુદરતે એક ધોરણ બાંધ્યું છે કે જેથી સઘળા બનાવો જાણે કે કારણ અને પરિણામની અનંત સાંકળ પ્રમાણે થયા કરે છે. કોઈ પણ બનાવ એવો નથી બનતો કે જેની પહેલાં તેનાં કારણ રૂપ થાય એવા બનાવો બન્યા ન હોય. બેશક કોઈ પણ પ્રજાની આબરૂ કે ગેરઆબરૂ પરમેશ્વરના અખ્તયારમાં છે, અને આ ફરમાન પર અમારી સાચી આસ્થા છે કે "જેને તે ઇચ્છે છે તેને રાજ્ય આપે છે, અને મરજીમાં આવે છે તેની પાસેથી છીનવી લે છે. તે ઇચ્છે છે તેને આબરૂ આપે છે, અને ઇચ્છે છે તેને બેઆબરૂ કરે છે" (કુરાન) પણ તેની સાથે આ પણ આસ્થા છે કે જે પરમેશ્વર રાજ્ય આપે છે અને રાજ્ય છીનવી લે છે, જે પરમેશ્વર આબરૂ તથા નામોશી આપે છે તે કદી કારણ વગર એવું કરતો નથી. કારણ અને પરિણામની સાંકળ અમે કોઈ નાસ્તિક અથવા યાહુદી અથવા ખ્રિસ્તી કે ફીલસુફ પાસેથી શીખ્યા નથી; પરંતુ અમારા સાચા પરમેશ્વરે પોતાના સાચા શબ્દોમાં, અને અમારા સાચા પેગંબરે સત્ય હુકમ અને સાચા શબ્દો તથા સત્ય કૃત્યોથી આ સિદ્ધાંત શીખવ્યો છે. બીજી દુનીયા જે ઇસ્લામી મનોરથનો છેડો છે તે પોતે શું છે? આજ કારણ અને પરિણામોની સાંકળ. "આ દુનિયા બીજી દુનિયાની ખેતી છે." (હદીસ આ વાકયોના શબ્દો કેવા છે? તેના ઉપર ચાહો તેટલી મોટી ટીકા લખો અને ઇચ્છો તેટલા લાંબા ખુલાસા લખો. કુરાન શરીફમાં આશા અને બીક એ બે મોટા શબ્દો વાપર્યા છે તેનો અર્થ શું થાય છે? કારણ તથા કર્ત્તાની સાંકળની સાબેતી. મહાન ઇમામ ધઝલીએ આશાની કેવી સારી વ્યાખ્યા આપી



છે? આશાનો અર્થ એ થાય છે કે દીલ જે ચીજ ઇચ્છતું હોય તેની ઇંતેજારીમાં ખુશ થવું; અને જો ઇચ્છેલી ચીજ મળવાનાં સાધનો તૈયાર હોય તો તે મળવાની ઇંતેજારીએ સાચી આશા કહેવાય છે. પણ આ સાધનોની ગેરહાજરીમાં જે ઇંતેજારી કરવામાં આવે તેને આશાના કરતાં બેવકુફાઈ તથા ભૂલથાપનું નામ આપવું વધારે યોગ્ય છે. "દાખલા તરીકે જો કોઈ ખેડુતે ખેતીને લાયકની જમીન પસંદ કરી હોય અને તેથી સરસ અને તાજું બી વાવ્યું હોય, અને પાણી પાયું હોય, તથા નકામા રોપાને કાઢી નાંખ્યા હોય, અને પાક તૈયાર થતાં સુધી તેની સંભાળ રાખી હોય તો—આ બધાં સાધનો એકઠાં કર્યાં પછી તથા પોતાના કાબુમાં હતા તે બધા ઉપાયો લીધા પછી—જો તે પોતાના ખેતરમાંથી પાક મળવાની આશા રાખે, અને પોતાના કાબુમાં નથી એવી આકાશી તથા જમીન પરની આફતોથી બચાવવા સારૂ પરમેશ્વના ઉપર ભરોંસો રાખે તો બેશક અમે તેની આ ઇંતેજારીને આશા કહીશું. પરંતુ જે કોઈ જમીનની શોધ ન કરે અથવા જેની જમીન ખેતીને લાયક ન હોય, અથવા તો બી ન વાવે અથવા સડેલું બી રોપે અથવા બી વાવ્યા પછી તેની સંભાળ ન રાખે, તે આવા માણસની ઇંતેજારીને આશાનું નામ નહિ આપતાં બેવકુફી તથા ભૂલથાપનું નામ આપવું જોઈએ.

"તું મુક્તિની આશા રાખે છે, પણ તેના રસ્તાપર ચાલ્યો નથી.
કોઈ દિવસ કદિ જમીન ઉપર હોડી ચાલી શકે છે?"

આશાની આ ઉમદા વ્યાખ્યા, અને આ ઉમદા દ્રષ્ટાંત, તથા આશા અને બેવકુફી વચ્ચે જે તફાવત ઇમામ સાહેબે સમજાવ્યો છે તે જાણે કે કારણ અને પરિણામની સાંકળ છે. અને આ ઉપરથી સાબીત થાય છે કે આ સાંકળ દુનિયાની દ્રષ્ટ અને અદ્રષ્ટ ચીજોમાં

જ માલમ પડતી નથી, પરંતુ દુનિયાના બધા બનાવો આ સાંકળને આધીન છે. આ કારણને લીધે કોમની ચઢતી તથા પડતીના ઐતિહાસિક બનાવોથી વાકેફ થવું એટલું અમારા સારૂં પુરતું નથી; પરંતુ તેનાં કારણો શોધવાં એ પણ અવશ્યનું છે. પણ દિલગીરીની વાત છે કે અમારા ઇતિહાસોમાં આ બાબતો વર્ણવેલી નથી, અને અમારા ઇતિહાસકર્ત્તાઓ એના તરફ બેદરકાર રહ્યા છે. પાંચસો વરસ ઉપર થઇ ગયેલા પ્રખ્યાત વિદ્વાન ઇબ્ને ખલદુને આ સિદ્ધાંત ઠરાવ્યો છે કે ઇતિહાસકર્ત્તાઓએ બીજી વાતોની સાથે બનાવોનાં કારણો પણ જાણવાં જોઇએ. પણ દિલગીરીની વાત છે કે આ સિદ્ધાંત ચોપડીઓમાંજ રહ્યો. અને અમારા ઇતિહાસકર્ત્તાઓએ તેના ઉપર ધ્યાન આપ્યું નહિ; તેથી અમારી ચઢતી તથા પડતીનાં કારણો શોધવા સારૂ અમારી પોતાની સમજશક્તિ અથવા પારકી પ્રજાઓના અભિપ્રાયોની મદદ લેવી પડશે; અને તેજ કારણથી કોમની પડતીનાં જે કારણોનું હું વર્ણન કરૂં છું તેમના ઉપર મતભેદ રહેશે.

## પડતીનાં કારણો.

જ્યારે અમે દુનિયાની બીજી કોમો તથા અમારી પોતાની કોમ તરફ નજર કરીએ છીએ ત્યારે માલમ પડે છે કે પ્રજાઓની ચઢતી અને પડતીના સંબંધમાં કુદરતે જે ધોરણ બાંધ્યું છે તેને અનુસરીને જ અમારી પણ ઉન્નતિ તથા પડતી થઇ છે પ્રજાઓનો ઉદય તથા અસ્ત નિરંતર એકજ ધોરણપર થયા કરે છે. મહેનત તથા કષ્ટ રાજ્યની આગળ ચાલે છે. બળવા તથા ફેરફાર, મોજ શોખ અને આરામની પછવાડે લાગેલા છે. કષ્ટ વેઠનારા સિપાઇઓ રાજ્ય તથા



દોલત મેળવે છે. રાજ્ય ને દોલત તેમને પહેલાં સુધરેલાં તથા કેળવણી પામેલા બનાવે છે, અને પછી મોજ શોખ તથા શારીરિક મજાહમાં નાંખે છે; તેને લીધે રાજા તથા અમીરો આરામ ચાહનારા, સુસ્ત, આળસુ તથા નામર્દો થઇને રાજ્ય, અમીરી અને અખત્યાર બધું ખોહી બેસે છે, રાજ્ય અને દોલતની સાથે વિદ્યા તથા નીતિ અને સુધારો તથા લાયકી રૂખસદ લે છે એટલુંજ નહિં પણ કોમ પણ નાબુદ થાય છે. અમારા મુસલમાનોની પણ આજ સ્થિતિ થઇ છે. પહેલાં તો એમનામાં ઉત્સાહ ઉત્પન્ન થયો જેને લીધે તેઓ પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાઇ ગયા; પૃથ્વીના મોટા મોટા ભાગોપર કબજો કીધો; એક મોટું વિસ્તીર્ણ રાજ્ય સ્થાપ્યું. વિદ્યા કળા સંપાદન કરી; નીતિ તથા લાયકી ફેલાવી; મોજ શોખ તથા દોલત હદબહાર વધી ગયાં. પછી તેઓ આરામ ચાહનારા થઇ ગયા. તેમના મગજમાં સુસ્તી અને તેમના સ્વભાવમાં આળસ પેઠું, જેને લીધે તેઓ ખલીફપદ તથા રાજ્ય ખોઇ બેઠા, વિદ્યા તથા સુધારાથી બેનશીબ થઇ ગયા, એટલે કે જે દરજ્જાઓમાંથી પસાર થઇને તેઓ ઉપર ચઢયા હતા તેજ પગથીઆં ઉપરથી ઉતરીને તેઓ નીચે આવ્યા.

અમારી ચઢતીનું પહેલું પગથીઉં ધર્મનો ઉત્સાહ અને અરબો જેવી હમદરદી તથા અરબો જેવી બહાદૂરી હતું. ત્રણ સૈકામાં અમે આ પગથીયા ઉપરથી પસાર થઇ ગયા હતા; અને ત્રીજા સૈકામાં અમારી ઉન્નતિ તથા ચઢતીની ટોચે પહોંચીને અમે સ્થિર થઇ ગયા; અને દેશની તથા ધર્મની ચઢતીનો છેડો આવ્યો. એક યુરોપિયન ઇતિહાસકર્ત્તાના શબ્દોમાં કહીએ તો જે દેશો તથા કુટુંબોમાં ઇસ્લામની શરૂઆત થઇ તેમાં જે વિચારો અને કારણો હસ્તી

ધરાવતાં હતાં, તે ઘણા કાળને લીધે કાંતો નબળાં ને ઢીલાં પડી ગયાં, અથવા જે સાધારણ હાજતો ઉપર માણસની રહેણીકરણીનો આધાર છે તેમાં ફટાઇ જઇ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ મુસલમાનો દુનિયાની શોભા તથા મોજશોખને તાબે થતા ગયા; અને શૂરવીર સિપાઇ મટીને આરામ ચાહનારા અમીર બની ગયા, રાજ્યકારભારમાં બીજા લોકો ઘુસ્યા અને ધીમે ધીમે ખલીફાઓ તથા ખલાફતપદના માલીક થઇ ગયા. બન્નેના ખાસ અને સર્વોપરી લડાઇની શક્તિઓને લીધે જે આરબ કુટુંબો મુસલમાન પાદશાહી કુટુંબોમાં ચુનંદા તથા ઇસ્લામી ધર્મ ફેલાવવામા મોટા સાધનરૂપ હતા તેઓ ત્રીજા સૈકામાં પાયમાલ થઇ ગયા. દુનિયાની બક્ષિસો તથા દોલતની મજા ચાખવાને લીધે તેમનો શરૂઆતનો ઉત્સાહ તો ચાલ્યો ગયો હતો. તે ઉપરાંત જ્યારે ખલીફાઓ પોતાના લોક એટલે આરબો તરફ અદેખાઇ અને તિરસ્કારની નજરથી જોવા લાગ્યા, તેમનો સારો લશ્કરી બંદોબસ્ત મટી ગયો, અરબ લોકોનું બળ તૂટી ગયું, તેઓ પોતાની જંગલી ટેવો તરફ પાછા ફર્યા, અને બીજી કોમના ભાડુતી સિપાઇઓ તથા ગુલામોએ તેમની જગ્યા લીધી ત્યારથી રાજદ્વારી મંડળોમાં સ્વતંત્ર બળ તરીકે તેમની નિશાની કોઇ પણ ઠેકાણે જણાતી નથી. અરબોનું બળ તૂટી જવાને લીધે ખલીફપદને ઘણું નુકસાન પહોંચ્યું; અને અંતે કુરેશી ખાનદાનની ખીલાફતનો છેડો આવ્યો. થોડા દિવસોમાં ન અરબી સેના રહી, ન અરબી રાજ્ય રહ્યું, ન અરબી ખલીફાતનો પત્તો રહ્યો, ન રહ્યું અબ્બાસીઓનું નામ કે નિશાન. જોકે તે પછી કેટલાક સૈકાઓ સુધી મુસલમાની રાજ્ય ચાલુ રહ્યું અને વખતોવખત કેટલાક પ્રમાણમાં નવી કોમોએ ઇસ્લામી ઉત્સાહ બતાવ્યો પરંતુ તે એવી



HANSA MEHTA LIBRARY

સાંકડી હદમાં રહ્યો કે દુનિયાની ઇસ્લામી હકુમત પર તેની એક સરખી અસર પડી નહિ; અને લડાઇ, ઉથલપાથલ, અંદર અંદરના કજીઆ, ખુનરેજી અને કાવત્રા વગરનો કોઇ પણ લાંબો વખત મુસલમાની રાજ્ય ઉપર જતા પામ્યો નહિ. આજ કારણોથી તેની પડતી થઇ, તેની વિગત નીચે પ્રમાણે છે.

## પહેલું કારણ

### ખલીફપદનું પ્રજાસત્તાકમાંથી બદલાઇને આપમુખત્યાર થઇ જવું. ખલીફાઓ તથા રાજાઓનું સ્વતંત્ર થઇ જવું અને ધર્મના હુકમોને તાબે ન રહેવું.

ઇસ્લામી ખલીફપદની સ્થિતિ પહેલાં પ્રજાસત્તાક રાજ્યના જેવી હતી. મુસલમાનોની ટોળી એક એવી ટોળી હતી કે જેની મતલબો અને મકસદો એકજ હતી, અને જેમના છુટાપણા તથા સ્વતંત્રતામાં કોઇ પણ કારણ વિઘ્નકર્તા નહોતું. ખલીફાઓ ધર્મના કાયદાઓને આધીન, મુસલમાનોના હકોના રક્ષણ કરનાર, તેમના છુટાપણાના બચાવનાર તથા રૈયતના ખજાનાના ટ્રસ્ટી હતા. જેવી રીતે સાર્વજનિક પ્રજા ઉપર ધર્મના હુકમોનો અમલ થતો તેવીજ રીતે તેમના ઉપર પણ થતો. પરમેશ્વરના હુકમો બજાવી લાવવાને તે બંધાયલા હતા. કોઇ લખનારે ખલાફપદની કેવી સારી વ્યાખ્યા આપી છે. " ખલીફપદ પ્રજાસત્તાક રાજ્યને કહેવામાં આવે છે; તેની મતલબ ધર્મનું જ્ઞાન સજીવન કરીને તથા ઇસ્લામના હુકમો જારી કરીને તથા ધર્મયુદ્ધની તૈયારી કરીને અને તેને લગતી ચીજો—જેવી કે

સેનાઓની ગોઠવણ, સિપાઇઓના પગાર અને જીતેલા માલની વહેં-ચણી—અદાલતો સ્થાપીને, હદો મુકર્રર કરીને, ગુન્હાઓ અટકાવીને, સારી બાબતોનો હુકમ કરીને, તથા ખરાબ કામોનો અટકાવ કરીને, ધર્મને મજબુત કરવાની હોય અને ખલીફા આ બધું કામ હઝરત પયગમ્બર સાહેબની જગ્યાપર બેસનાર તરીકે કરતો હોય.” ખલીફ-પદની આ વ્યાખ્યા પહેલા ચાર ખલીફાઓને માત્ર લાગુ પડે છે. જેમણે કદી આપઅખત્યારીનો વિચાર સરખોએ કર્યો નહીં, અને નિર્દોષ તથા નિરઅપરાધી હોવાનો દાવો એ કર્યો નહિ. તેઓ બેશક આ હુકમોને તાબે તથા આ શરતોને અનુસરીને ચાલનારા હતા. હઝરત અબુબકર સિદ્દીકે પોતાના ખલીફપદની શરૂઆતમાં જે વ્યા-ખ્યાન કર્યું છે તે વાંચો. “ અરે મુસલમાનો ! હું પણ તમારા જેવો જ એક માણસ છું; નથી હું ગુનાહોથી બચેલો તેમજ નથી હું ભૂલોથી રહીત. હું તમો સઘળાથી વધારે સારો તથા શ્રેષ્ઠ નથી એ માટે તમે મને સંભાળજો. મારી જે વાતો પરમેશ્વર તથા તેના પે-ગંબરના હુકમોને અનુસાર હોય તેમાં મારી તાબેદારી કરજો, અને જેમાં મને ભૂલ કરતો જુઓ તેમાં મને સંભાળી લેજો.” અફસોસ કે ત્રીસ વર્ષથી વધારે આ ઇસ્લામી ખલીફપદ ચાલ્યું નહિ. પહેલા ચાર ખલીફાઓ પછી જે ખલીફા થયા તેઓ આ હુકમોને તાબે રહ્યા નહિ. મુલકન અઝુઝની ભવિષ્ય વાણી સાચી ઠરી અને ખલીફ-પદ બદલાઇને આપઅખ્તયાર તથા નિરંકુશ રાજ્ય થઇ ગયું. રાજાઓ અને સુલતાનો સ્વતંત્ર થઇ ગયા, અને જાતિ મોજ શોખમાં ગરક બની ગયા. તેમને ન તો કોમની બીક રહી કે ન તો ધર્મની રહી; તેમણે ન તો ધર્મનો વિચાર રાખ્યો કે ન ઇન્સાફનો. એક ખલીફા હઝરત અલી એવા હતા કે જેમણે પોતાના ભાઇ અકીલને મુકરર



કરેલા હિસ્સા કરતાં એક દિરમ પણ વધારે ન આપ્યું. અને એક એવો પણ ખલીફા થયો કે જેણે ઘોડા ઉપરથી ઉતરતામાં તો ખુશામદીઆઓને એક એક પ્રગણાની ઉપજ ઇનામમાં આપી દીધી. હઝરત ઉમર જેવા પણ એક ખલીફા હતા કે જેમની પાસે જ્યારે રૂમનો એલચી આવ્યો ત્યારે જમીન ઉપર પાથરણું પણ નહોતું, જ્યારે મુક્તદીર બિલ્લાહ જેવો પણ એક ખલીફા થયો કે જેની સવારીમાં સાત હજાર માણસો અને જેના મહેલ આગળ સાત હજાર ચોકીદારો હતા, અને જેના મહેલમાં આડત્રીસ હજાર સોનેરી ભરતકામના પડદા હતા. જો ખલીફપદનાં શરૂઆતનાં ધોરણો કાયમ રહ્યાં હોત અને આપમુખત્યારી રાજ્યનો પાયો ઇસલામમાં જલદી ન પડી ગયો હોત તો બેશક મુસલમાની રાજ્ય દુનિયાના સૌથી સુધરેલા રાજ્યોમાંનું એક થાત, અને ઘણી મુદત સુધી ચાલુ રહ્યું હોત. આપમુખ્ત્યારીને લીધે ઇસ્લામી રાજ્યને મોટો ધોકો પહોંચ્યો અને બાદશાહો નિરંકુશ થઇ જવાને લીધે રાજ્યનો અંત જલ-દીથી આવ્યો.

ત્રીસ વર્ષની મુદત છોડીને જો ઇસ્લામી ખલીફપદ અને મુસ-લમાની જય ઐતિહાસિક નજરે જોવામાં આવે તો આ આપ-અખત્યાર રાજ્યની જુદી જુદી હાલતો અને નુકસાનકારક વિગતો માલમ પડશે. કોઇ ખલીફા તો ઘણાજ ક્રૂર, ઘાતકી અને જુલમ-ગાર માલમ પડશે કે જે કતલ થએલાઓની લાશો આગળ સ્વાદિષ્ટ પકવાનો ખુશીથી ખાઇ રહ્યા છે, તથા જુલમ પામેલા નિર્દોષ યતીમો અને વિધવાઓના વિલાપના દુઃખજનક અવાજ સાંભળી તેને સુસ્વર ગાનારાઓના ગાયનની બરાબર ગણે છે. વળી કોઇ ખલીફા એવા પણ જણાશે કે જે ઇનસાફની ખુરશી પર બેસીને ન્યાય

આપી રહ્યા છે; અદલનાં ત્રાજવાં તેના હાથમાં છે. વિધવા તથા યતીમોની દાદ માટે દરવાજા ઉઘાડા છે. હઝરત ઉપરના જેવો દબદબો તથા ત્રાસ તેના ચહેરા ઉપર પ્રકાશે છે. ન્યાયાધીશો, કાજીઓ, વિદ્વાનો તથા ધર્મગુરૂઓની પ્રતિષ્ટા સારી છે, જાણે કે બકરી તથા વાઘ એકજ આરે પાણી પીએ છે. પછી કોઇ વખતનો રાજા વિદ્યાકળાનો કદરદાન માલમ પડશે, જેની મદદથી વિદ્યાકળાનાં કીરણો દેશમાં ફેલાઇ રહ્યાં છે, જ્ઞાન તથા હુન્નરની ચર્ચા ચાલી રહી છે, નિશાળો તથા કોલેજો સ્થાપવામાં આવી છે, વિદ્વાન તથા ફીલસુફો એકઠા મળ્યા છે, વિદ્યા હુન્નરમાં પ્રવીણ એવા માણસોથી દરબાર ભરેલુ છે અને બાદશાહ તેમની વચ્ચે બેસીને વિદ્વત્તા સંબંધી વાદવિવાદ કરી રહ્યા છે. અને તેનીજ પછી એવા પાદશાહ માલમ પડશે કે જેની અજ્ઞાનતા અને ધર્માંધપણાને લીધે દેશમાં અંધારૂં ફેલાઇ રહ્યું છે, નિશાળો ઉજડ તથા મઠો વેરાન પડયા છે; વિદ્વાનો અપકીર્તિમાં તથા પ્રવીણ પુરૂષો નામોશીમાં આવ્યા છે. ટૂંકમાં કોઇપણ એક સૈકામાં, એક દેશમાં કે એક વંશમાં પણ એક સરખી હાલત સારી કે નરસી આપણને જણાશે નહિ. ઉલટું દેશની સ્થિતિ તે વખતના રાજાના વિચાર પ્રમાણે નિરંતર બદલાતી માલમ પડશે. ખરેખર આપમુખત્યાર હોવાને લીધે તથા કોઇપણ કાયદાનો અંકુશ ન હોવાને લીધે ઇસ્લામી સૃષ્ટિએ હજારો રંગ બદલ્યા, તથા બાદશાહોના સ્વભાવ તથા વલણપ્રમાણે જુદી જુદી ઓડવાળી સ્થિતિઓ ઉત્પન્ન થતી રહી. જો તે વખતનો રાજા મોજશોખમાં પડયો તો ગવૈયા તથા ગાનારા એકઠા થયા, દારૂપીનારા તથા ખુશામદીયા ભેગા થયા, શીસા તથા પ્યાલાના સરોદ આકાશ સુધી પહોંચ્યા, સિતાર તથા તંબુરાના અવાજ ઉંચે ચઢવા લાગ્યા, ઇંદ્ર-



રાજાની સભા જમીન ઉપર ઉતરી આવી, નમરૂદના સ્વર્ગનો ચિતાર નજર આગળ ઉભો થયો. જો ખલીફાનો સ્વભાવ ધાર્મિકપણું તથા ભક્તિ તરફ રજુ હોય તો કાજીના ફતવાઓ તથા મુતસફના ચાબખાઓ ચાલુ થયા, નાસ્તિકો શૂળીએ ચઢયા, દારૂના કુંજા તુટયા, દારૂ પીનારાઓને હદપાર કરવામાં આવ્યા, ગાનતાનના વાજીંત્રો બાળી મૂકવામાં આવ્યાં; દારૂનાં પીઠાંઓ ઉજડ થઇ ગયાં, ધાર્મિક લોકોને તડાકો પડયો, દારૂ વેચનારાઓની ખરાબી થઇ. ટૂંકમાં જે તરફ બાદશાહનો સ્વભાવ વળ્યો તેવીજ અસર આખા દેશમાં માલમ પડતી; અને જે તરફ રાજાનું વલણ થતું તેજ તરફ આખી પ્રજા વળતી. જો તે સારો હોત તો બધા સારા થાત અને જો તે ખરાબ હોત તો બધા ખરાબ થાત. આ આપમુખત્યારીપણું અને રાજની બદલાતી સ્થિતિને લીધે હમેશાં ઇસ્લામી ભૂમિ ધરતીકંપની હાલતમાં રહેતી; અને રાજ્ય કદી પણ મજબુત પાયા ઉપર સ્થપાવા પામ્યું નહિ. વળી ગાદીવારસા સંબંધી ચોક્કસ ધોરણ ન હોવાને લીધે તથા વરસોની માંહોમાંહેની લડાઇ તથા દરબારની ખટપટો અને તડો પડી જવાને લીધે દુનિયાને કદી સુલેહશાંતિનો વખત મળ્યો નહિ. તેમજ કોઇ પણ દેશમાં કે કોઇ પણ કાળમાં એક પુરો સૈકો સુલેહશાંતિમાં પસાર થવા પામ્યો નહિ. રાજાઓની આપમુખત્યારી ટકી શકે એવું કોઇ પણ બળ રહ્યું નહોતું. તેમના ઉડાઉપણા અને નકામા ખર્ચનો અટકાવ કોઇ પણ કાયદા કાનુનથી થઇ શકતો નહોતો. આપમુખત્યાર હોવાને લીધે દોલત તથા બાદશાહી ખજાનો વગર વિચારે ઉડાવવા તેઓ તૈયાર થતા; દોલત તથા પૈસાને લીધે તેઓ દુનિયાની મોજશોખથી લલચાતા, અને ઉડાઉપણું તથા નકામા ખર્ચને લીધે તેઓને રંડીબાજી તથા મોજમજાહના ચાહની

રેલ પડતી. મુસલમાન રાજાઓના સંબંધમાં કોઇ ઇતિહાસકર્ત્તાએ શું સરસ કહ્યું છે ? ‘જે લોકો પોતાની ઉંચી શક્તિઓને લીધે આત્મિક સુખ મેળવત અને શ્રેષ્ઠ વિચારો ઉત્પન્ન કરી શકત, તેમણે પોતાના જુસ્સાને તથા કુરસઃને નકામી રમતગમતમાં ગાળી નાખ્યા. બહાદૂર તથા હિમ્મતવાનોના ઇનામો સ્ત્રીઓ તથા જનાનાના ઉપ-રીઓને મળવા લાગ્યા. સિપાઇ તથા શૂરવીરોના બદલામાં બાદશાહી ફોજમાં ખુબસુરત સ્ત્રીઓ તથા છોકરાઓની ભરતી થવા લાગી.” આવા ખલીફા તથા આવા રાજાઓની રૈયતના સ્વભાવ પણ તેવાજ થઇ ગયા. તેમનો ધાર્મિક જુસ્સો તથા અંતઃકરણનો ઉભરો પસાની રેલછેલને લીધે ઠંડો પડી ગયો; અને પોતાના પૂર્વજોથી ઉલટી રીતે મહેનતના કામમાં તેઓ દોલત ઇચ્છવા લાગ્યા, અને વિદ્યા સંપાદન કરવામાં યશની ઇચ્છા રાખવા લાગ્યા, તથા ઘરસંસારી કામોમાં તેઓ મોજશોખ શોધવા લાગ્યા. આવી સ્થિતિમાં મુસલમાની રાજ્યની પાયદારી અને મજબુતીની શી આશા રાખી શકાય ? અને તે એવા તો કયા મજબુત પાયા ઉપર રચાયું હતું કે લાંબી મુદત સુધી પડતીની આફતો સામે ટકી શકે ? તેની પડતીથી આ-શ્ચર્ય પામવા જેવું નથી, પરંતુ આટલા બધા ફેરફારોમાં તથા આવી સ્થિતિમાં આટલી મુદ્દત સુધી તે કેમ ટક્યું, એ વાત અચંબો પમાડે છે નવસો વર્ષ થયાં આ ઇમારત હાલી રહી હતી, પણ હમણાંજ યુરોપની રેલે તેને બિલકુલ તારાજ કરી દીધી છે, અને ત્યાંની હુન્નરકળાના બળને લીધે તેના કડકેકડકા થઇ ગયા છે. આની પહે-લાંની ઉથલપાથલ ઇસ્લામી હદોની અંદરજ સમાઇ રહેતી, તેથી અને એક ઇસલામી વંશની જગ્યાએ બીજો કોઇ મુસલમાની વંશ બાદ-શાહીના આસન ઉપર આવતો તેથી તેની ખુલ્લી અસર ઇસલામ



ઉપર થઇ નહિ. અને ખ્રિસ્તી પ્રજાઓની નબળાઇને લીધે આટલા વર્ષ સુધી આ નબળી ઇમારત ટકી શકી. અંતે યુરોપની વ્યવહારિક રેલની સામે તે ટકી શકી નહિ અને કેટલાક ઓરડાઓ સિવાય તેનો કોઇ વિશાળ કે સુંદર ભાગ પડવાથી બચ્યો નહિ.

---

## બીજું કારણ.

—×✳×—

### ઇસ્લામમાં કુસંપનું ફેલાવું અને મુસલમાનોના જુદા જુદા પંથો થવા.

મુસલમાનોમાં કુસંપનું ફેલાવું તથા તેઓમાં જુદા જુદા પંથો થઇ જવા એ પણ અમારી પડતીનાં મોટાં કારણોમાંનું એક મુખ્ય કારણ છે. અમારામાં સૌથી મોટો કુસંપ ધર્મ સંબંધી બાબતોમાં છે, જેનું બી શરૂઆતના કાળમાંજ રોપાયું. તેનું કારણ એ થયું કે ઇમામપદ સંબંધી તકરાર જામી. આનું પરિણામ એ થયું કે મુસલ-માનો કે જેઆના સંબંધમાં ઇશ્વરે ફરમાવ્યું હતું કે “ તમે પરમે-શ્વરની મહેરબાનીથી એક બીજાના ભાઇ થઇ ગયા ” તેઓ એક બીજાના શત્રુ થઇ ગયા, અને કાફરોને છોડીને માહોમાહે લડવા લાગ્યા. ખરેખરૂં પૂછો તો ઇમામપદ સંબંધી તકરારને લીધે જે અદે-ખાઇ તથા કાવાદાવાનું બી અરબસ્તાનની ભૂમિમાં તથા મુસલમા-નોનાં અંતઃકરણમાં રોપાયું તેણે પોતાનાં ઘણાં ખરાબ, કડવાં તથા ઝેરી ફળ નીપજાવ્યાં. તેણે મુસલમાનોના લોહીની નદીઓ વહેતી કરી; ઇસ્લામના મજબુત પાયાને હલાવી નાખ્યા; પારકાઓને ઇસ્લામ ઉપર હુમલો કરવાની તથા હરાવવાની હિમત આપી, અને માંહો-

માંહેના હેત, સંબંધ તથા દીલસોજીનું નામ પણ ન રહ્યું. આને લીધે મુસલમાનોના એકત્ર રાજ્ય તથા મુલક ઉપર લડાઇઓ થઇ. એટલુંજ નહિ પણ તેની નાશકારક અસર દરેક કુટુંબમાં, ખાનદાનમાં બલકે દરેક ઘરમાં જણાવા લાગી, અને અત્યાર સુધી પણ તે પૂર્ણ જોશથી હસ્તી ધરાવે છે. આ ઝગડો આટલેથીજ અટક્યો નહિ, પણ અન્યરૂપ તથા ભિન્ન આકારમાં દેખાવ દેવા લાગ્યો. નાની નાની વાર્તા તથા નજીવા સવાલો ઉપર એટલો બધો મતભેદ થઇ ગયો કે ઇસ્લામી મંડળની છબી કોઇ પણ ઠેકાણે જણાતી નથી, અને મતભેદ તથા વાદવિવાદ સિવાયની એકત્રતાનો પત્તો પણ લાગતો નથી. આખી ઇસ્લામી ભૂમિમાં કોઇ પણ ઠેકાણે સંયુક્ત શક્તિનો પછડાયો પણ નજરે પડતો નથી. ધર્મના પ્રતાપેજ સંપ ફેલાયો હતો, અને એજ પરમેશ્વરની અમને મોટી દેણગી હતી, અને એજ મોટો ઉપકાર શરૂઆતમાં અમારા ઉપર તેણે કર્યો હતો, જે વિષે તે પોતેજ ફરમાવે છે કે “ આ લોકોનાં અંતકરણમાં હેત આપ્યું. જો તેણે આખી દુનિયાની ચીજો ખર્ચ કરી હોત તોપણ અંતઃકરણમાં હેત પેદા કરી શકત; પરંતુ પરમેશ્વરેજ આ હેત તેમનામાં ઉત્પન્ન કર્યું નહિ ” ( કુરાન ) છવટે ધર્મના મતભેદને લીધેજ કુસંપનો પાયો નંખાયો, અને આ બક્ષિસ પરમેશ્વરે અમારી પાસેથી છીનવી લીધી; અને અમને મતભેદ, ઝગડા તથા ટંટામાં નાંખીને અમને ના દુનિઆના રાખ્યા કે ના રાખ્યા ધર્મના. મુલકોની વાત એક કોરે મુકીએ, રાજ્યોની વાત છોડી દઇએ, પ્રગણા તથા શહેરો ઉપર ધુળ નાંખીએ, તોપણ મુસલમાનોનાં એવાં કોઈ પણ બે કુટુંબ, અથવા બે ઘર કે બે અંતઃકરણ બતાવી આપો કે જેમાં સંપ હોય, અને જેઓ એક બાજા પ્રત્યે દુશ્મનાવટ, શત્રુવટ અથવા



અદેખાઇ નહિ રાખતા હોય. અને ધર્મની કે દુનિયાની, ખાનગી કે અભિપ્રાય સંબંધી બાબતોને લીધે આ કમનસીબ કુસંપ તથા મતભેદના કારણથી બે મુસલમાનો એક બીજાની વિરૂદ્ધ માલમ નહિ પડતા હોય. પ્રસિદ્ધ ઇતિહાસકર્ત્તા ગિબન પોતાના ઇતિહાસમાં પહેલાના વખતના મુસલમાનોના અનુપમ સ્વદેશાભિમાનની સાબિતીમાં લખે છે કે જ્યારે ગ્રીક લોકો તથા આફ્રિકાના લોકોના એકત્ર બળવાને લઘે ઉકવાને ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપરથી પાછા ફરવાની ફરજ પડી ત્યારે તેની સેનામાં એક મુસલમાન કેદી હતો, જેણે ખુદ ઉકવાની જગ્યાએ નીમાવાની અરજ કરી હતી, અને તે ઉકવાનો કટ્ટો શત્રુ હતો. બળવાખોરોએ તેના વેર ઉપર આધાર રાખીને તેની સાથે મળીને જઇ ખટપટ કરવા ઇચ્છયું. તેણે ઘણા તિરસ્કાર સાથે તેમની માગણીઓ નાકબુલ કરી, તથા તેમનાં કાવતરાં તથા ઇરાદા ખુલ્લા કરી દીધા. ખરેખરા એખમના વખતમાં જ્યારે તેને પોતાના જીવની બીક હતી ત્યારે સરદાર ઉકવાએ તેની બેડીઓ તોડી નાંખી અને તેને ચાલ્યા જવાની સલાહ આપી. તેણે પોતાના હરીફના વાવટા તળે મરવાનું પસંદ કર્યું; મિત્રની પેઠે તેની સાથે ભળ્યો અને તેની સાથેજ મરવાની ઇચ્છા બતાવી. બેઉએ પોતાની તલવારો મ્યાનમાંથી બહાર કાઢી અને પોતાના સઘળા સ્વદેશીઓ માર્યા ગયા અને પોતે પણ માર્યા જઇને એક બીજાના પાસે તેઓની લાશો ઉપર પડ્યા ત્યાંસુધી દ્રઢતાથી લડતા રહ્યા. શું આજના જમાનામાં આના જેવો દાખલો કોઇ બતાવી શકશે ? ખરેખર તેઓ એક બીજાના અવયવો હતા, જ્યારે અમે એક બીજાના શત્રુઓ છીએ. અમારી આપમતલબી ઇચ્છાઓ તથા સ્વાર્થી દાવાઓને લીધે અમને કોમની ફીકર નથી, તેમજ ધર્મની કાળજીઓ

નથી. મુસલમાનો ઉપર એવી કઇ આફત આવે છે કે જેનો પાયો તેઓના માંહોમાંહેના કુસંપ ઉપર રચાયલો નહિ હોય? એવી કઇ નામોશી મુસલમાનોને માથે છે કે જેનું મૂળ કારણ ખુદ તેમનોજ મતભેદ ન હોય? ગયા સૈકામાં દિલ્હીના રાજ્યને કોણે પાયમાલ કર્યું? નાદીરશાહને પાણીપતથી કોણે પાછો જવા ન દીધો? તેને દિલ્હીમાં કોણ લાવ્યું? અને સાર્વજનિક કતલ કોણે કરાવી? તુર્કોને આજ છેલ્લી લડાઇમાં રૂશીયાને હાથે કોણે હાર ખવડાવી? અને સુલેમાનને ઉસમાન પાશા સાથે કોણે મળવા નહિ દીધો? હાલમાં મુસલમાનોની ઉન્નતિ સારૂ જે પ્રયત્નો કરવામાં આવે છે તેની આડે કોણ આવે છે? અને કોણ તેના નાશનાં સાધનો એકઠાં કરે છે? આ કળજુગના વખતમાં જે પ્રયત્નો અમારો બહાદુર સર સૈયદ અહમદખાન કરે છે તેની નિષ્ફળતા હમણાં કોણ ઇચ્છે છે? તેના રસ્તામાં કોણ વિઘ્નો નાખે છે? તેનાજ મુસલમાન ભાઇઓ. શા માટે તેઓ એમ કરે છે? માત્ર તેજ મતભેદને લીધે કે જેનું બી સામાન્ય રીતે મુસલમાનોના અંતઃકરણોમા રોપાયેલું છે. "પછી જે બાબતોમાં તેમને મતભેદ છે તેનો ફેસલો ઇશ્વર કયામતના દિવસે કરશે." ( કુરાન. )

---

## ત્રીજું કારણ.

### મુસલમાનોમાં કોમી સ્વતંત્રતાની હાજરી.

આ પણ મુસલમાનોની પડતીનું નજીવું કારણ નથી કે તેઓ કદી એકત્ર પ્રજા ન થાય, અને ધર્મથી એકત્ર થએલા ગ્રંથોએ પણ



પોતાને એકત્ર તથા સ્વતંત્ર કોમ ન બનાવી. ખરી રીતે જોતાં તો "નેશન" (પ્રજા) એ શબ્દ કોઇ પણ દેશના કે કોઇ પણ પંથના મુસલમાનોને લાગુ પડ્યો નથી તેમજ લાગુ પાડી શકાતો નથી. તેમણે પોતાના હકોની માગણી કરી નહિ. પોતાની કોમી સ્વતંત્રતા સારૂ તેઓ એકત્ર થયા નહિ કે જેથી કરીને આપમુખત્યાર રાજાઓના હદ ઉપરાંતના દોર ઉપર અંકુશ રાખી શકત અને મુસલમાનો એકજ કોમ હોવાને લીધે એક બીજાના મદદગાર થઇ શકત.

ઇતિહાસ તરફ જરા નજર કરો. જેટલી અંદર અંદરની લડાઇઓ થઇ તેમાંની કોઇ પણ હક અથવા સ્વતંત્રતા મેળવવાને થઇ હતી? જેટલી લડાઇઓ થઇ તે કાંતો ધર્મનાં કારણોને લીધે અથવા સ્વાર્થી કે કોમી દુશ્મનીને લીધે થઇ હતી. પણ દરેક વખતે પરિણામ એકજ આવતું કે કોઇ ચોક્કસ વંશને ગાદીપર લાવવા સારૂ લડાઇ કરવામાં આવતી, અને જીતનારાઓ હારનારાઓ પ્રત્યે વેર લેવામાં નિરંતર ઘાતકી અને જુલમગાર વર્તણુક ચલાવતા. કોઇ પણ બાબતમાં આ વાત જણાતી નથી કે કોમે એકમત થઇને પોતાના હકો તથા પોતાની સ્વતંત્રતા મેળવવાને પ્રયત્ન કર્યો હોય. ઇંગ્લાંડના રનીમિડ સ્થળે બનેલા બનાવ જેવો કોઇ પણ બનાવ ઇસ્લામી ઇતિહાસમાં દેખાતો નથી. સૌ કોઇ જાણે છે કે ઇંગ્લાંડની પ્રજાએ પોતાના અમીરોની સરદારી નીચે આ સ્થળે પોતાની સ્વતંત્રતાના લેખ ઉપર જોરજબરીથી પોતાના રાજાની સહી લીધી હતી.

જે કોમી સંપ અમે આજકાલ યુરોપમાં જોઇએ છીએ તેવો અમારી કોમમાં કદી જણાયો નથી. એક કુટુંબ અને એક વંશે કેટલીક મુદત સુધી રાજ્ય કર્યું ત્યાર પછી બીજાએ તેની જગ્યા લીધી. સ્પેન તથા ઇંગ્લાંડ બન્નેની નવસો વરસ પહેલાં જે સ્થિતિ

હતી તેનો મુકાબલો કરીએ. સ્પેન દેશને પહેલાં આફ્રિકાના લોકોએ અને પછી અરબોએ જીત્યો. તેમનામાં ઘણા મુસલમાનો–મુખ્યત્વે કરીને ત્યાંનાજ રહેવાશીઓ સામેલ થયા. તેવીજ રીતે આફ્રિકાના લોકો ત્યાં આવતા તથા વસતા ગયા. પરંતુ આ બધા લોકોમાં માંહોમાંહે દુશ્મનાવટ શત્રુતા તથા ધર્મ સંબંધી ઝગડા કાયમ રહ્યા. ઈંગ્લાંડમાં પણ નવસો વર્ષ ઉપર આજ સ્થિતિ હતી કે ત્યાંના અસલ રહેવાશીઓ ‘ ડેન લોકો ’ અને ‘ સૅકસનો ’ અંદર અંદર લડયા કરતા હતા. એ પછી નોરમન્ડીથી વિલ્યમે તે દેશ ઉપર હુમલો કરીને તેને જીતી લીધો. પણ બે સૈકા થયા નહિ એટલામાં તો આ બધા લોકો એક બીજા સાથે હળીમળીને એક એવી પ્રજા બની ગયા કે જેમની મતલબો એક સરખીજ, ઇચ્છાઓ એક સરખીજ અને સ્વતંત્રતાના વિચારો એક સરખાજ હતા. આજ તરેહની રહેણી કરણીને લીધે ઈંગ્લાંડ આટલી મોટાઇએ પહોંચ્યું છે. ત્યાંની સઘળી રૈયત એકસંપી છે. પરંતુ જુદા જુદા માણસોના સંપનો આથી વધારે સારો દાખલો અમેરિકામાં મળે છે. અંગ્રેજ, આયરિશ, સ્કોચ, જર્મન, ડચ, સ્વિસ, આસ્ટ્રિયન, ફ્રેંચ, સ્વીડ તથા ડેન એ હરેક પ્રજાના માણસો અમેરિકામાં છે અને હજી પણ જાય છે. પણ નવાઇ જેવું એ છે કે અમેરિકાની હવા લાગતાં વારજ વિચારમાં તથા ઇચ્છાઓમાં તેઓ અમેરિકન રહેવાશીઓ બની જાય છે. ધર્મો ભલે જુદા હોય પરંતુ કોમી વિચારો તો એકજ છે. જુદી જુદી રાજ્યદ્વારી ટોળીઓમાં અંદર અંદર ભલે તેટલો ઝગડો હોય; પરંતુ બીજા દેશનું નામ આવ્યું કે તરતજ બધા મળી જઇને એક પ્રજા બની જાય છે. આવા ઉત્સાહે કોઇ પણ દિવસ અમારા કોમની છાતીમાં ઉછાળા માર્યા નથી. મુસલમાનોની જુદી જુદી કોમોમાં



જો કોઇ પણ સામાન્ય વિચાર હોય તો તે ધર્મ સંબંધી છે. જો કે બધા મુસલમાનો કહેવાય છે; પરંતુ તેઓ એક પ્રજા થયા નથી. પ્રજાની નજરે જોઇએ તો આરબ આરબ છે, તુર્ક તુર્ક છે, તાર્તારી તાર્તારી છે. ઇરાની ઇરાની છે, અફ્ગાન અફ્ગાન છે અને મુગલ મુગલ જ છે. એકને બીજા સાથે કાંઇ પણ દીલસોઝી જણાતી નથી.

---

## ચોથું કારણ.

### કેળવણી તથા સુધારાની ઉન્નતિના દોરનું બંધ પડી જવું.

મુસલમાનોએ કેળવણી તથા સુધારામાં જે અનુપમ અને વખાણવા લાયક ઉન્નતિ કીધી તેનાથી બધા દેશ અને બધી જાતના મુસલમાનોને ફાયદો થવાને બદલે તે એક હદમાંજ રહી. તે ઉન્નતિનો દોર બરાબર ચાલુ રહ્યો નહિ, તેમજ તે એટલી ટોંચે ન પહોંચી કે જ્યાંથી પાછળ હઠવું એ ઇસ્લામી પંથોને સારૂ અશકય વાત. વિદ્યાની વૃદ્ધિ લીધે કેટલાક દેશો, કેટલાક પંથો અને કેટલાક કાળના લોકોમાં વિદ્વત્તાભરેલા વિચારો, મનની સ્વતંત્રતા, અંતઃકરણનો ઉત્સાહ અને સામાન્ય ભૂમંડળ તરફ દીલસોઝીની લાગણી ઉત્પન્ન થયાં હતાં. પરંતુ તે વૃદ્ધિ એટલી હદ સુધી ન વધી કે જેથી આ સારા ગુણો આખી પ્રજાને ટેવ સમાન થઇ પડે, અને અજ્ઞાનતાનું ઝેરી ઝાડ–જેના વહેમ અને શંકા એ ફળફુલ છે તેને ઇસ્લામી જમીનમાં ઉગતાં અટકાવે, અને તેનાં જે માઠાં પરિણામો ઇસ્લામને સોસવાં પડયાં તેમાંથી તેને બચાવે. એનાથી ઉલટું અમારી વિદ્યા સંબંધી ચઢતી તથા માનસિક ઉન્નતિ એક હદમાંજ અટકી રહી. જો

કોઈ જમાનામાં, કોઈ દેશમાં કે કોઈ પંથમાં ખલીફાકે બાદશાહના ઉત્તેજન તથા આશરાથી ફિલસુફી તથા વિદ્યાની શરૂઆત થઈ, ફિલસુફો તથા વિદ્વાનો એકઠા થવા લાગ્યા, પુસ્તકોની રચના તથા વિદ્યાના વધારાનો આરંભ થવા લાગ્યો, લોકોના અંતઃકરણમાં શોખ ઉત્પન્ન થયો, મગજશક્તિઓ ગતિમાં આવી, તો થોડા દિવસ જવા ન પામ્યા કે તેનાથી ઉલટા વિચારો ધરાવનારો તેનો ગાદીવારસ ગાદીએ આવ્યો. ધર્મગુરૂઓએ તેના ઉપર કાબુ મેળવ્યો અને તેના મનોવિકારો બદલાઈ ગયા. પછી શું થયું ? તે બધા પ્રયત્નો બંધ થયા અને વિદ્યાની ઉન્નતિ આડી પડી. વિદ્યાકળાના ફેલાવાનો સા- રામાં સારો જમાનો લો. અને ઇતિહાસનાં પાનાં ઉથલાવવા માંડો. એક પાનમાં જણાશે કે રૂમના અલેકઝાંડીયાથી સેંકડો ઉંટો ગ્રંથોથી લાદેલા ચાલી આવ્યા જાય છે. તેમના ભાષાંતરો થઈ રહ્યા છે, ફિલસુફી તથા વૈદકશાસ્ત્રની ચર્ચા ચાલી રહી છે, શાળાઓ સ્થપાતી જાય છે, વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં આવતાં જાય છે, ઇશ્વરજ્ઞાન સૃષ્ટિ- વિદ્યાઓ, તર્કશાસ્ત્ર, ખગોળવિદ્યા, અને ગણિતશાસ્ત્રની કેળવણી અ- પાતી જાય છે, પુસ્તકાલયો ફિલસુફીના ગ્રંથોથી ભરેલાં છે, અને વૈદ્યકશાસ્ત્રનાં પુસ્તકો સોનેરી કબાટોમાં રાખેલાં છે. બીજું પાનું ફેર- વતાજ આ બધું ઉલટાઈ ગએલું નજરે પડશે, બીજું જ ચિત્ર દેખાવ દેશે. કોઈ મુફતી કે મુલાં સાહેબ મિંબર ( ઉપદેશાસન ) પર બેસીને ફિલસુફી ધર્મ વિરૂદ્ધ હોવાનો ઉપદેશ આપી રહ્યા છે, વૈદ્યકશાસ્ત્ર શીખનારા અધર્મી તથા નાસ્તિક ને એવા ઠરાવો બહાર પડતા જાય છે, પુસ્તકોનો નાશ કરવામાં આવે છે, ફિલસુફીનું દફતર ઉલટાવી નાંખવામાં આવ્યું છે, તર્કશાસ્ત્રના તથા સૃષ્ટિવિદ્યાઓનાં અપ્રાપ્ય ગ્રંથોનાં પાનાંઓ ફાડીને હવામાં ઉડાડી દેવામાં આવે છે. ફિલસુફોને



શહેર બહાર કાઢી મૂકવામાં આવે છે. અને જ્ઞાનશાસ્ત્રીઓ ઉપર ચાબકાઓનો માર પડી રહ્યો છે. ટૂંકામાં કયારે એટલો અવકાશ મળ્યો કે મગજશક્તિઓની ઉન્નતિનો દોર લાંબા કાળ સુધી ચાલુ રહ્યો હોય, અને વહેમો તથા શંકાઓની સખત તથા મજબુત બે- ડીઓ વિદ્યા તથા સુધારાના પગમાં નાંખવામાં ન આવી હોય ? પ્રકાશિત અંતઃકરણ તથા ઉદાર મનના જે મુસલમાનો વિદ્યાનો સ્વાદ ચાખી ચૂકયા હતા, તેઓ વિદ્યાને કાયમ રાખવાને પ્રયત્ન કરતા રહ્યા, અને જે વિઘ્નો વિદ્યા કળાની આડે આવતાં હતાં તેમને બાળવાને શ્રમ કરતા રહ્યા. તોપણ ઘણે ભાગે વહેમનું બુદ્ધિ ઉપર, શંકાનું જ્ઞાન ઉપર અને ધર્મગુરૂઓનું જ્ઞાની પુરૂષો ઉપર પ્રબળ રહ્યું, અને ફિલસુફી તથા શાસ્ત્રની ઉન્નતિ થવા પામી નહિ. આ વખતે મારા હાથમાં એક નિબંધ છે જેમાં પાછલાં જમાનામાં અ- રબી મદ્રેસાઓમાં શીખવવામાં આવતી ચોપડીઓનાં નામ આપેલાં છે. તેમાં જોવાથી જણાય છે કે બગદાદ, નિશાપુર તથા દમાસ્કસ વગેરેની મોટી મોટી ઇસ્લામી વિદ્યાશાળાઓ તથા મદ્રેસાઓમાં કેવી જાતની ચોપડીઓનું શિક્ષણ આપવામાં આવતું હતું. મને અફસોસ સાથે કહેવું પડે છે કે તે શિક્ષણની ચોપડીઓમાં ફિલસુફીની ચો- પડીઓનાં ઘણાંજ થોડાં નામ છે. બગદાદની નીઝામીઆ મદ્રેસાની શિક્ષણ ચોપડીઓનાં ૩૬ નામ છે. તેમાં માત્ર બેજ ચોપડીઓ તર્કશાસ્ત્ર તથા ફિલસુફીની છે, અને તે પણ સાધારણ જ છે. નિશા- પુરની નીઝામીઆ મદ્રેસાની ૧૨ ચોપડીઓનાં નામ છે, જે બધી ધર્મ સંબંધી છે, એવીજ રીતે ૩૭ જુદા જુદા મદ્રેસાઓમાં ચાલતી ૨૪૬ ચોપડીઓની ટીપ છે, જેમાંની એક પણ ચોપડી ખરી રીતે જોતાં એવી નથી કે જે ફિલસુફી કે શાસ્ત્રથી ભરેલી હોય. વળી

લંડનમાં છપાએલું એક બીજું મોટું દળદાર પુસ્તક મારી પાસે મોજુદ છે જેમાં ૫૪૦ પાનાં છે. મીસરમાં હાલ જે ૨૮ પુસ્તકાલયો છે તેમાંનાં પુસ્તકોની ટીપ તેમાં આપેલી છે. તેમાં ૬૧૦૦૦ પુસ્તકોનાં નામ છે, પરંતુ તેમાંનાં માત્ર ૪૭૭ પુસ્તકો તર્કશાસ્ત્ર વગેરે વિષયો ઉપરનાં છે, અને તે પણ સાધારણ પંક્તિનાંજ છે, જેની કુતબી અને સદરા જેવા સાધારણ પુસ્તકોના વાંચનારાઓને પણ માહિતી છે. પ્રખ્યાત મુસલમાન ફિલસુફોએ જે પુસ્તકો રચ્યાં હતાં અને જેમાંનાં કેટલાંક હાલ જર્મની, લંડન તથા પેરીસનાં પુસ્તકાલયોમાં મળી આવે છે તેમાંનાં એક પણ પુસ્તકનું નામ તેમાં નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મુસલમાનોની પાઠશાળાઓમાં શાસ્ત્ર તથા ફિલસુફીની કેળવણી સાર્વજનિક પાયા ઉપર આપવામાં આવી નથી. તેમજ સામાન્ય લોકોમાં એ વિદ્યાઓ માટે શોખ ઉત્પન્ન થયો નથી. એ વિદ્યાઓની કેળવણી ખાનગી રીતે આપવામાં આવતી અને ખાસ ખાસ કુટુંબો કે ખાસ ખાસ આસામીઓ આ વિદ્યાઓથી વાકેફ થતા. આ વિદ્યાઓ ધર્મ સંબંધી આકીનોને હાની પહોંચાડશે, તથા તે બીનફાયદાકારક છે, એવા વિચારોથી તેમનો ફેલાવો થવા પામ્યો નહિ. જે વિદ્યાઓથી ધર્મ સંબંધી આકીનોને હાની પહોંચતી નહોતી અને જે લાભકારક પણ હતી તે સઘળા મુસલમાની દેશોમાં પ્રસરી ગઇ. જેવી કે વૈદકશાસ્ત્ર અને અંકગણિત તથા ભૂમિતિ. પરંતુ જે વિદ્યાઓ કઠણ, ગહન અને કલ્પિત હતી, જે મગજશક્તિ તથા સફાઇ સારૂ ઘણી ઉપયોગી હતી પણ જેથી કાંઇ લાભ નહોતો તેનો સાર્વજનિક ફેલાવો થવા પામ્યો નહીં. કેટલાક લોકો એમ ધારે છે કે તે જમાનામાં વિદ્યાઓના પ્રચારની એવી સામગ્રીઓજ એકઠી થઇ નહોતી કે જેથી



વિદ્યાઓના સાર્વજનિક ફેલાવાની આશા રાખી શકાય. કેમકે વિદ્યાઓનો પ્રસાર તો છાપવાના યંત્રથી શરૂ થયો. આ વાત તો સાચી છે કે જેવો ફેલાવો આ જમાનામાં થયો છે તેવો તે જમાનામાં થવો અશક્ય હતો, પણ જે વિદ્યાઓનો મુસલમાનોને શોખ હતો કે જે અગત્યની હતી તે તે જમાનામાં બહુ પ્રસરી અને ધર્મજ્ઞાન વગેરેનાં દળદાર પુસ્તકો દરેક પુસ્તકાલય બલકે દરેક આબરૂદાર મુસલમાનના ઘરમાં નજરે પડતાં. જો શાસ્ત્ર સંબંધી વિદ્યાઓનો પણ તેવોજ શોખ હોત તો ખરેખર તે વિદ્યાઓનો પણ તેવોજ પ્રસાર થાત. આ વિદ્યાઓનો સાર્વજનિક ફેલાવો નહિ થવાથી એમ પણ કહી શકાય છે કે ગહન તથા મુશ્કેલ વિદ્યાઓ કોઇપણ કાળમાં એવી સાધારણ થઇ નથી કે તેમની અસર સામાન્ય લોકો ઉપર પહોંચે. એવી વિદ્યાઓ તો હમેશાં ખાસ વર્ગો કે ખાસ કુટુંબોમાં કે બલ્કે ખાસ આસામીઓમાં જ મળી આવે છે. આ વિદ્યાઓ સાર્વજનિક ન થવાની હું ફરિયાદ કરૂં છું તેમાં મારી મતલબ એમ નથી કે એવી વકી રાખવામાં આવે કે દરેક મુસલમાન તેમાં પ્રવીણ થાત, અને દરેક આસામી વિદ્વાન તથા ફિલસુફ થઈ જાત. પણ જો આ વિદ્યાઓને વિઘ્ન ન નડત અને જો વળી તે ફાયદાકારક હોત અને જે લોકો વિદ્યાભ્યાસી હતા તેઓ ધર્મને લગતી વિદ્યાઓની પેઠે આ વિદ્યાઓ પણ સંપાદન કરત અને તેમનો ફેલાવો કરત તો ખરેખર મગજશક્તિઓની ગતિ કાયમ રહેત. દૃષ્ટિ દીર્ઘ, મગજ પ્રૌઢ તથા વિચારો ખીલેલા રહેત, અને શોધખોળનો શોખ બાકી ન રહેત, અને બીજાઓની તાબેદારી કરવાનો જે કીડો મુસલમાનોનાં ભેજાંઓને ખાવા લાગ્યો તે લાગુ ન પડત. આ વિદ્યાઓનો અટકાવ થયો તથા તેને સારૂ શોખ ન હોવાને લીધે તેનો

પ્રસાર થયો નહિ તેથી લોકોની મગજશક્તિઓની જોઇએ તેટલી ખીલવણી થઇ નહિ, તેથી ધર્મ સંબંધી બાબતોમાં આંધળી નકલ કરવાનો વિચાર ઉત્પન્ન થયો. તેની અસર અક્કલને લગતી વિદ્યાઓ ઉપર પણ થઇ, અને શાસ્ત્રને લગતી વિદ્યાઓની કેળવણી પણ નકલી કાયદાઓ પ્રમાણે અપાવા લાગી. અને જેમ જેમ વખત પસાર થતો ગયો તેમ તેમ રૂઢી તથા નામ સિવાય તે વિદ્યાઓની જે મૂળ મતલબ હતી તે નાશ પામી.

ગત સદીઓ ઉપર નજર નાંખો. તેમાં કોઇ એવા વિદ્વાનો બતાવી શકશો કે જેઓ શાસ્ત્રવિદ્યામાં પ્રવીણ હોય ? પોતાના પૂર્વજોની માફક તેઓએ કોઇ વાતની શોધ કીધી અથવા કોઇ નવી વાત મેળવી છે ? કોઇ પણ માણસનું નામ બતાવી શકશો કે જેણે મોહમ્મદ બીન મુસાની પેઠે બીજગણિત તથા ત્રિકોણમિતિમાં વધારો કર્યો હોય ? અબુઅલી અલહસન સમાન કોઇ આસામી થયો છે કે જેણે દર્શનશાસ્ત્રમાં ઘણીજ બારીક તથા ગહન શોધખોળોથી યુરોપના વિદ્વાનોની સોનેરી ટીપમાં જગ્યા મેળવી હોય ? બગદાદના હેબતુલ્લાહે પ્રકાશના વેગનું પ્રમાણ કાઢ્યું અને તેને દલીલેથી સાબીત કરી આપ્યું તેની બરાબરી કરી શકે એવા કોઇ વિદ્વાનનું નામ તમે લઇ શકો છો ? અબદુર રહેમાન સુફીનો બરોબરીઓ બતાવો કે જેણે ગ્રહો તથા તારાઓની છબી પાડવામાં ચઢતી કીધી હોય ? અબુબ કાસમ જેણે વેપારના નિયમો ઉપર સારા ગ્રંથો રચ્યા છે તેના જેવો શોધખોળ કરનારો બીજો કોણ થઇ ગયો છે ? અબુર રૂશ્દ અને અબુતુ ફેલ સમાન થવું તો એક બાજુએ રહ્યું પણ તેમના નામથી જાણીતા અને તેમનાં પુસ્તકોનો લાભ લેનારા કેટલા થયા છે ? ઇશ્વરને હાજર જાણી ઇનસાફ કરશો અને જણાવશો કે



શાસ્ત્ર તથા ફિલસુફીની કેળવણી જારી રહેવા છતાં, અને માનસિક વિદ્યાઓ શીખવા છતાં તથા જ્ઞાની પંડિતો કહેવડાવ્યા છતાં, મુસલમાનોમાંથી શોધખોળની શક્તિ કેમ જતી રહી ? અને તેઓ પોતાના પૂર્વજોની પેઠે શોધખોળ કરનારા કેમ થયા નહિ ? એનું કારણ એજ કે નકલ કરવાની ટેવ પડી જવાથી શાસ્ત્ર તથા ફિલસુફીમાં પણ શોધખોળની રૂચી એમને રહી નહિ, અને શોધખોળ તથા નવી નવી બાબતો મેળવવા માટે જે સાધનો જરૂરનાં હતાં તે તેઓએ સંપાદન કર્યાં નહિ; અને જેવી રીતે ધર્મના સવાલોમાં મતનું છુટાપણું છોડી દીધું તેમજ માનસિક વિદ્યાઓમાં પણ થોડાંક ચોક્સ પુસ્તકો વાંચી અને ચોક્સ સવાલોનો અભ્યાસ કરી તેમને એક સાંકડા તથા અંધારા ચક્રમાં ઘુમતાં છોડી દેવા ઉપર સંતોષ પકડાયો. એમજ આગલા જમાનામાં વિદ્યા નબળી પડી ગઇ એ કાંઇ આજ કાલની વાત નથી. હવે તો વાત એટલી હદ સુધી વધી ગઇ છે કે શંકા ઉઠાવનાર માણસને ઘેલાની ઉપમા આપવામાં આવે છે, માટે બહેતર તો એ છે કે " માણસ પોતાને કામે વળગે અને ચૂપ રહે. "

---

## પાંચમું કારણ.

---

આ કારણને હું મુસલમાનોના ધર્મ, સંસાર, વિદ્યા તથા સુધારા, રાજ્યદ્વારી તથા વ્યવહાર—ટુંકમાં સઘળી બાબતોનું મૂળ કારણ સમજું છું; અને આ કારણ પણ એવું સામાન્ય છે કે તેથી કોઇ દેશ કે કોઇ પંથ બચ્યો નથી, અને તે હજુ સુધી પણ અમને

દુર્ભાગ્ય અને નિર્ધનતાની અંધારી ગુફામાંથી બહાર નીકળવા દેતું નથી.

જો અમે પૃથ્વીપરના જૂદા જૂદા ભાગો ઉપરના જૂદા જૂદા પંથોના મુસલમાનો તરફ નજર કરીએ છીએ તો બીજી બાબતોમાં ફેર તેઓમાં માલમ પડવા છતાં, પોતાની ઉન્નતિ નહિ કરવાની બાબતમાં આપણે તેઓ સઘળાને એકસંપી તથા એકમત જોઇએ છીએ. ચારે દિશાએ જરા નજર ફેરવો. અને જ્યાં જ્યાં મુસલમાનો વસેલા છે ત્યાં ત્યાં તેમની સ્થિતિનું અવલોકન કરો. સઘળા એકજ હાલતમાં માલમ પડશે. રાજ્ય તથા અધિકાર તેમના હાથમાંથી જતાં રહ્યાં છે, અને જ્યાં કોઇ નામનાં જુજ બાકી છે ત્યાં "જો રહેશે તો એક રાત રહેશે. બીજી રાત નહિ રહેવા પામે" એવી સ્થિતિનું ચિત્ર નજરે પડે છે. નિર્ધનતા તથા ભાગ્યહીનતા ચારે તરફથી ઘેરો ઘાલી રહ્યાં છે; દોલત તથા આબરૂ દિવસે દિવસે ઘટતી જાય છે, વિદ્યા તથા હુન્નરમાં દુનિયાની સઘળી કોમો કરતાં તેઓ પછાત છે; સુધારા તથા લાયકાતમાં સુધરેલી પ્રજાઓની ટીપમાંથી જાણે કે તેમનું નામજ નીકળી જવા લાગ્યું છે. કોઇ પણ ઠેકાણે જમાનાના વેગ સાથે ચાલતા તેઓ જણાતા નથી. બુદ્ધિની શરતોમાં બીજી કોમો સાથે દેખાવ દેતા નથી. વળી આ સ્થિતિ એવી સામાન્ય છે કે દરેક ઠેકાણાના અને દરેક મતના મુસલમાનોમાં તે માલમ પડે છે. પછી તેઓ ઇરાની હોય કે અરબ, તુર્ક હોય કે મિસરી. આ સામાન્ય પરિણામ જે આપણે દરેક સ્થળે એક સરખું જોઇએ છીએ, તેનું કારણ પણ સામાન્ય હોવું જોઇએ. તે શું છે ? મુસલમાનોના ધર્મ સંબંધી વિચારોનું બગડી જવું, ખોટા વહેમ તથા રીવાજો અને માણસાઇ ખ્યાલોની ભેળસેળને લીધે



પવિત્ર કેળવણીનું મૂળ સ્થિતિપરથી ખશી જવું. આ વિષય એટલો મોટો તથા વિશાળ છે કે તેનું સવિસ્તર વર્ણન કરવું અવશ્યનું છે. પહેલાં તો ધ્યાનમાં રાખવું જોઇએ કે જે વખતે ઇસલામ પૃથ્વી ઉપર જાહેર થયો તે વખતે દુનિયામાં ઘણા એક ધર્મો હસ્તી ધરાવતા હતા. અગ્નિપૂજકો અને મૂર્તિપૂજકોને છોડી દઇએ તો પણ તેલ્મુદ અને બાઇબલનાં ઇશ્વરી પુસ્તકોને માનનારા યાહુદી તથા ખ્રિસ્તીઓ મોજુદ હતા. આ ધર્મો હસ્તીમાં હોવા છતાં ઇસલામના આમંત્રણની શી જરૂર થઇ, અને હઝરત મહમદ પેગંબર ( ખુદાના સલામ તેમના પર હોય ) ને શા સારૂ મોકલવામાં આવ્યા ? અને ભવિષ્યકાળ માટે પેગંબરી તે પવિત્ર પુરૂષ ઉપર કેમ સમાપ્ત થઇ ગઈ ? તેનું કારણ એ હતું કે તે જમાનામાં કોઇ ધર્મ પોતાની અસલ સ્થિતિ ઉપર કાયમ રહ્યો ન હોતો કે જે ઇશ્વરીજ્ઞાન હઝરત મુસા તથા હઝરત ઇસાએ શીખવ્યું હતું, તેમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો. ધર્મના અગ્રેસરો અને જગતના આગેવાનો તથા સ્વાર્થી માણસોએ રીતભાત, વહેમો તથા સ્વાર્થથી ધર્મને બગાડી નાખ્યો હતો; અને ધર્મ માણસના ઉદયની આડે આવતો હતો. આત્મિક ભલાઇઓ બાકી રહી નહોતી અને તપાસ કરીને તથા સમજીને કામ કરવાની ટેવ બાકી રહી નહોતી. આંધળી નકલ કરવા તથા પૂર્વજોની વાતો માની લેવા ઉપર ધર્મનો પાયો રહી ગયો હતો. કોઈ સન્યાસી થઇ ગયો હતો અને કોઇને મઠવાસી થવાની ઘેલછા લાગી હતી. ટુંકમાં એક સામાન્ય અંધારૂં લોકોનાં અંતઃકરણો ઉપર પ્રસરી રહ્યું હતું. અને આત્મિક શિક્ષણનો અભ્યાસ બાકી રહ્યો નહોતો. આવે સમયે પરમેશ્વરે તે ખરાબીઓના સુધારા તથા અજ્ઞાનપણાના અંધકારને દૂર કરવાને અરબ પેગંબર હઝરત મોહમ્મદને મોકલ્યા, કે

જેથી કરીને સાચો ધર્મ ઇશ્વરના દાસોને શીખવવામાં આવે અને ઇબ્રાહીમી મઝહબ ચાલુ કરવામાં આવે. તે સાચો ધર્મ અને ઇબ્રાહીમી મઝહબ શું હતો ? ઇસલામ, આ શબ્દનો ઇશ્વરે શો અર્થ બતાવ્યો અને શી વ્યાખ્યા આપી ? "જે કુદરતી નિયમો ઉપર ઇશ્વરે માણસ જાતને પેદા કરી છે તે" તે ધર્મ મનુષ્યના સ્વભાવને અનુસરતો હતો. અને માણસોથી સમજી ન શકાય એવા કોઇ ભેદ કે છુપી વાત તેમાં નહોતાં; તેમજ જનસમૂહની ઉન્નતિને રોકે એવી અડચણ કે નડતર નહોતી તે ઉપરથી તેની પ્રસિદ્ધિ સામાન્ય તથા સાર્વજનિક થઇ. પરમેશ્વરે વચન આપ્યું હતું કે "અમે કુરાન નીચે ઉતાર્યું છે અને અમે જ તેના રક્ષક છીએ." તે ઉપરથી તે પુસ્તક કાંઇ પણ ફેરફાર વગર મોજુદ રહેવાનું તેથી ફરીથી કોઈ પણ પેગંબર મોકલવાની જરૂર બાકી રહી નહિ. તેના પછી જો ઇસલામમાં ભૂલો તથા ખોટા વિચારો અને નિરર્થક ભ્રાંતિઓ ભેળસેળ થઇ જાય તો તેને સુધારવાનું કામ સુધારકો તથા વિદ્વાનો ઉપર છોડવામાં આવ્યું. જો ઇસલામ માણસ જાતની ઉન્નતિમાં વિઘ્નકર્તા હોત અને વખતના વેગની સાથે ચાલી ન શકત, અને માનસિક તથા બુદ્ધિવિષય ઉન્નતિઓને વધારવાને બદલે તેઓની નડતર તથા અડચણ સમાન હોત અને રેતાળ તથા જંગલી દેશની પ્રજાનો ઉદય કરનાર તેમજ સુધરેલા મુલકોની ચડતીઓનો મદદગાર તથા રક્ષક નહોત અથવા તેના મૂલકી શિક્ષણની સચ્ચાઇ શોધવાનું અમારી પાસે કોઇ સાધન ન હોત તો તેનું આમંત્રણ સામાન્ય થાત નહિ; તેમજ પેગંબરી સાંકળનો છેડો આવત નહિ. હવે સાચો ઇસલામ શું છે તે આપણે તપાસવું જોઇએ. જે તત્વ પરમેશ્વરે માણસ જાતમાં રાખ્યું છે તેને ઉપયોગમાં લાવવું તે ઇસલામ



છે. તેજ કારણને લીધે દરેક માણસ ઉપર ધર્મ સંબંધી બોજો નાંખવામાં આવ્યો છે. તે તત્વ શું છે ? સમજશક્તિ કે જેને જ્ઞાની પુરૂષો અક્કલ કહે છે અને ધાર્મિક લોકો ઇમાન કહે છે. બન્ને એકજ ચીજ છે. ઇમામ ધઝલી સાહેબે શું સરસ કહ્યું છે કે દરેક માણસના સ્વભાવમાં આ વાત દાખલ છે કે મહાન પરમેશ્વર ઉપર આસ્થા રાખ, તેમજ ચીજોની ખરી હકીકત જાણે. તેમણે ઇમાનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. "દરેક ચીજની ખરી સ્થિતિ સમજવી તેજ ઇમાન છે." અને પેગંબર સાહેબના આ અમૃતવચનોનો પણ આજ અર્થ થાય છે; "સઘળા આસામીઓ ઇસલામની પ્રકૃતિ ઉપર પેદા થાય છે; પછી તેમનાં માબાપો તેમને યાહુદી, ખ્રિસ્તી કે અગ્નિપૂજક કરી નાંખે છે. આજ બળને લીધે માણસ નેકી તથા બદી અને સારા તથા નરસાને ઓળખી શકે છે. આ બળનો ઉપયોગ કરવાથી તે ફિરિસ્તાઓ કરતાં વધારે પણ પવિત્ર થાય છે અને એને નિરૂપયોગી રાખવાથી તે ઢોરથી પણ વધારે ખરાબ થાય છે. સફળ છે તે માણસ કે જેણે તેને પવિત્ર કીધું, અને અફળ છે તે કે જેણે તેને તુચ્છ ગણ્યું." આજ તત્વના બળથી રાની તથા જંગલી માણસ માત્ર આકાશ તથા જમીન દેખીને ઇશ્વરના ઐક્યને માનવા લાગે છે; અને આજ તત્વથી એક વિદ્વાન ફિલસુફ ઇશ્વરની કુદરતની બારીકીઓ અને તેના હુન્નરના નવાઇ જેવા ચમત્કારો સમજી જઇને પોકારી ઉઠે છે કે, હે ઇશ્વર તેં કોઇ ચીજ નકામી પેદા કરી નથી. હવે જ્યારે ઇસલામ ઇશ્વરની કુદરતના નિયમોને અનુસરી છે અને દરેક ચીજની ખરી સ્થિતિ જાણવી એ તેની વ્યાખ્યા અને હેતુ છે ત્યારે સમજવું જોઇએ કે જે કોઇ ચીજ કુદરતના નિયમોની વિરૂદ્ધ હોય અને જે મનુષ્યની

માનસિક શક્તિઓ તથા આત્મિક હર્ષો તથા દુનિયાદારીની ઉન્નતિઓને રોકે, તેનો ઇસલામ કદી પણ રક્ષક થશે નહિ, અને હું ખાત્રીથી કહું છું કે તે કદી હતો પણ નહિ અને થશે પણ નહિ, એમ છતાં પણ આપણે જોઇએ છીએ કે વિદ્યાઓ સંપાદન કરવામાં, તેમ પ્રવીણતા મેળવવામાં, અને મગજશક્તિઓનો ઉપયોગ કરવામાં, તેમજ દુનિયાદારીની ઉન્નતિઓ મેળવવામાં ઇસલામનોજ ખ્યાલ આડે આવે છે. વિદ્યાની ચઢતીઓ એજ બહાનાથી રોકવામાં આવી. માનસિક વિદ્યાઓ તથા ફિલસુફીનો ફેલાવો એજ ખ્યાલને લીધે સંગીન પાયા ઉપર થયો નહિ. દરેક જણસની શોધખોળ હમેશાં આજ બહાનાથી અટકી પડી. એજ બહાને બીજાની સારી વાતો શીખવા દીધી નહિ, રાજ્યદ્વારી કે સંસારી કોઈ પણ ચઢતીમાં જમાનાના પ્રવાહ સાથે તેણે અમને ચાલવા દીધા નહિ; કોઇ વાત—પછી તે ગમે તેટલી ફાયદાકારક કેમ ન હોય—કોઇએ મુસલમાનોમાં જારી કરવા ઇચ્છી, અને તે ચાલુ ખ્યાલ, ચાલતી રસમ કે કોમના રિવાજથી જરા પણ ઉલટી હોય તો તરત તે હરામ હોવાનો હુકમ જારી કરવામાં આવે છે, અને તે નવી વાત દાખલ કરનારને "કાફર" ઠરાવનારા મોટી મોટી કાળી મોહોર સાથના ફતવા તૈયારજ હોય છે. જો રાજ્ય ઇસ્લામી હોય તો દેશનિકાલની તથા કતલની સજા પણ મોજુદ હોય છે, તો હવે આપણે વિચાર કરવો જોઇએ કે ધર્મ સંબંધી વિચારો આપણા ઉદયને નડે છે કે નહિ, અને જે ધર્મ સંબંધી ખ્યાલો ઉન્નતિની આડે આવે છે તે અસલ ધર્મના છે, અથવા તે ખોટા તથા જુઠા વિચારો છે, અને ઇસલામ એવા ખ્યાલોથી ચોખ્ખો તથા પવિત્ર છે.

જો કોઇ માણસ એમ કહે કે ધર્મના ખ્યાલો હમેશાં ઉન્નતિને



રોકનારા થયા છે તો આમ બોલવા સારૂ તે માણસને શકય હશે તો તો કતલનો હુકમ કરવામાં આવશે નહિ તોપણ તેને " કાફર " તો જરૂર ઠરાવવામાં આવશે. પરંતુ ખરી હકીકત કોઇ બદલી શકતું નથી. પાછલા જમાના અને પાછલાં ઇસ્લામી રાજ્યોને જવા દો. આ ૧૯ મા સૈકામાં મુસલમાનોની જે પડતી થઇ તેનાં મુખ્ય કારણોની તપાસ કરશો તો આજ વિચારો મૂળ કારણ તરીકે માલમ પડશે. મુસલમાનોની સૌથી મોટી પડતી એ થઇ કે તેમના હાથમાંથી રાજ્ય ગયું. મુસલમાનોની જેવી સ્થિતિ આ સદીમાં થઇ તેવી હજાર વર્ષના ગુજરેલા જમાનામાં કદી થઇ નહોતી. તેનું મુખ્ય કારણ ધર્મ સંબંધી ખોટા વિચારો છે. આખી મુસલમાન દુનિયા ઉપર નજર નાંખો અને બુખારાથી ટયુનિસ સુધી નજર દોડાવો. મુસલમાન વસ્તીનો એવો કયો ખંડ કે કયો ભાગ છે કે જ્યાં વિદ્યાઓ તરફ અભાવ, હુન્નરોની બેપરવાઇ, નવી બાબતો જારી કરવાની બીક, નવી વાતો શીખવાનો ભય નહોતો કે હવે નથી. જો કે એનું કારણ કોઇ જગ્યાએ ગફલત પણ હોય, તોપણ બીજી બાબતોમાં મુસલમાનો જે ચંચળતા, ચતુરાઇ તથા ચાલાકી હજુ સુધી બતાવે છે તેનો વિચાર કરતાં શું આપણે માની શકીશું કે માત્ર ગફલત જ એનું કારણ છે ? કદી નહિ; બલકે મગજશક્તિઓનું સ્થિર થઇ જવું, આંધળી નકલનું જોર પર ચઢવું, હલાલ તથા હરામના ઝગડા, અને મુલ્લાંઓના કુફર વિષેના ફતવા, એનાં મૂળ કારણો છે.

જમાનામાં તો એવો ફેરફાર થઇ ગયો; કે તલવારને બદલે વિદ્યા રાજની માલેક થઇ, પરાક્રમની જગ્યાએ હુન્નરે રાજ્યઅમલને પોતાના કબજામાં લીધો. વિદ્યા કળાના જોરથી એવી એવી ચીજો

શોધી કાઢી છે કે કુદરતનો આશ્ચર્યકારક તમાસો નજરે પડી રહ્યો છે. યુરોપની સઘળી પ્રજાઓએ તેમાંથી કાંઇને કાંઇ ફાયદો મેળવ્યો. અને આ વિદ્યા સંબંધી દોલતનો હિસ્સો લીધો. પણ મુસલમાનો તો પોતાની બહાદુરી તથા શૌર્ય ઉપર મિથ્યાભિમાની રહ્યા, અને વખતના ફેરફારનો વિચાર કરી શક્યા નહિ. તેઓ દરેક નવી ચીજને હરામ તથા દરેક નવી વાતને ખરા ધારા વિરૂદ્ધ સમજ્યા. અને મુલ્લાંઓ તથા મુફ્તિઓનાં ફતવાઓની વાટ જોતા રહ્યા. અને ઇશ્વ-રના આ ભલા સેવકો દુનિયાની ચાલથી બેખબર તથા વખતના પ્રવાહથી અજાણ્યા, દરેક નવી વાતથી ડરાવતા અને રોકતા રહ્યા. તેઓએ ન તો વિદ્યા શીખવા દીધી કે ન કોઇ હુન્નર ચાલુ થવાની ખુશી બતાવી. તુર્કસ્તાન તરફ જુઓ. તે ખુદ યુરોપનો એક ભાગ છે. યુરોપમાં જ્યારે ચારે દિશાએ વિદ્યા તથા હુન્નરની રોશની ફે-લાઇ રહી હતી અને ત્યાંનું નાનામાં નાનું રાજ્ય અને જંગલીમાં જંગલી સંસ્થાન ઉદય કરી રહ્યું હતું ત્યારે આ જબરદસ્ત તથા જોરાવર સલતનત, અનુપમ બહાદુરી તથા ઇશ્વરે બક્ષેલા શૌર્ય છતાં પણ દિવસે દિવસે ડુબતી અને પડતી ચાલી. તે એટલે સુધી કે એક ફુલવાડી સિવાય કાંઇ પણ તેના હાથમાં ન રહ્યું. રૂશિઆ જે સૌથી જંગલી હતું, તેણે આ સલતનત ઉપર કાબુ મેળવી લીધો. જ્યારે એક સૈકા ઉપર એજ તુર્કસ્તાન તેના ઉપર દરેક વાતે જોરાવર તથા બલિષ્ટ હતું. તેનું કારણ એજ છે કે રૂશિઆએ દરેક જાતના સુધારા કર્યા, દરેક પ્રકારના હુન્નરો ચાલુ કરવાની કોશેષ કરી, ત્યારે તુર્ક-સ્તાન ખોટા ધર્મ સંબંધી ખ્યાલો તથા વિદ્વાનોના ફતવાઓને લીધે કાંઇ કરી શક્યું નહિ; અને જ્યાં સુધી હજારો સિપાઇઓ અને સેંકડો ધર્માંધ લોકો જેઓ તેનો ઉપયોગ ધર્મ વિરૂદ્ધ સમજતા હતા,



તેઓ માર્યા ગયા નહિ ત્યાં સુધી નવા ડ્રેસ તથા નવાં હથિયારો ચાલુ કરી શકાયાં નહિ. જો આ એક બનાવ જેવા બીજા કેટલા-એક બનાવો બન્યા હોત અને વિદ્વાન સુલતાન મહમુદ અને તેના પ્રૌઢ મનના પ્રધાનના કહ્યા પ્રમાણે ચાલી ઓછામાં ઓછું રૂશિયાની માફક દેશમાં સુધારા દાખલ કર્યા હોત, તો આજે આ કાળો દિવસ તેમના નસીબમાં કેમ આવત અને અમને તમના ઉપર મરસીયા ગાવાની જરૂર શા માટે રહેત? તુર્કસ્તાનને પણ જવા દો અને આપણા પોતાના દેશ હિંદુસ્તાનને લો, અને આપણી કોમ ઉપર નજર કરો કે મુસલમાનોનું દિવસે દિવસ નખોદ વળતા જવાનું કારણ શું થયું? અંગ્રેજી રાજ્યમાં તેઓ બીજી કોમોની પેઠે ચઢતી કરી શકત, અને આ સરકારની માયાળુ છાયા હેઠળ જે જે લાભો બીજી કોમોએ સંપાદન કર્યા તે તેઓ પણ સંપાદન કરી શકત. પણ તેમ ન થવાનું કારણ શું થયું? ફરી તેજ કહેવું પડશે કે ધર્મ સંબંધી ખોટા વિચારોને લીધે અંગ્રેજી શીખવું હરામ સમજતા રહ્યા, વિદ્યાઓ ધર્મના આકીનોમાં ખલેલ કરનારી છે એવું સમજતા રહ્યા. ખ્રિસ્તી ધર્મમાં વટલાઇ જવાની બીકને લીધે કોલેજો તથા મદ્રેસા-ઓમાં ગયા નહિ. કુફરના ફતવાઓને લીધે નવી વિદ્યાઓ તથા હુન્નરો શીખ્યા નહિ, શું તે જમાનો ભૂલી ગયા કે જ્યારે આપણા ધર્મ ઉપર ફીદા અને કોમના આશક ઇસ્લામના ભક્ત સર સૈયદ એહેમદનું હયું મુસલમાનોની સ્થિતિ જોઇને બળ્યું અને તેઓની હેરાનગતીઓ તેનાથી જોઇ શકાઇ નહિ, તેથી તે પોતાના ડુબતા ભાઇઓને બચાવવા સારૂ વમળવાળા તથા ઉંડા દરિયામાં કૂદી પ-ડયો; અને એક ઘેલા માણસની પેઠે તેઓમાં કેળવણી તથા શિક્ષણ ફેલાવવાના કામમાં તે મંડયો. તેની કોશેશોને કયી વાતે રોકી તથા

કયા વિચારોને લીધે તે ખરા મિત્રને કોમે શત્રુ ગણ્યો ? માત્ર ધર્મ સંબંધી ખોટા વિચારોને લીધે. તે પવિત્ર નિર્દોષ સૈયદે શું ગુન્હો કર્યો હતો કે જેની સજામાં તે કાફર ઠર્યો ? આ દિલોજાન ફિદા કરનારે શું વાંક કર્યો હતો કે જેના બદલામાં કોમની નજરમાં તે કતલને લાયક ઠર્યો ? એજ કે તે તેઓની ઉન્નતિ ચાહતો હતો, અને જે ચીજો ઉન્નતિને રોકતી હતી તેને માર્ગમાંથી દૂર કરતો હતો. આને જ લીધે તેના કાફરપણા તથા નાસ્તિકપણા વિષેના ફતવા મક્કા તથા મદીનાથી મંગાવવામાં આવ્યા હતા. શું મારૂં એમ કહેવું ખોટું છે કે જો અંગ્રેજી રાજ્ય અમલ ન હોત તો સર સૈયદ ઉપર પેલા ફતવા જરૂર અમલમાં મેલવામાં આવત, અને કતલને બદલે ફકત દેશનિકાલની સજા આવા મહાન ગુન્હા માટે કદી પુરતી ગણવામાં આવી ન હોત. આ વાતનો કોણ ઇનકાર કરી શકશે કે જ્યાં સુધી સર સૈયદે પોતાને ઇશ્વરે બક્ષેલી શક્તિ, પોતાની અતુલ્ય સ્વતંત્રતા, મનની અનુપમ પ્રૌઢતા, અંતઃકરણનો આશ્ચર્યકારક પ્રકાશ, અને ઇસ્લામના ખરા હિત તથા નિષ્કપટી દાઝથી તે ભૂલભરેલા વિચારોનું ખોટાપણું ન બતાવ્યું ? અને રસમોનાં મજબુત બંધનો કે જેમાં આપણે જકડાઇ ગયા હતા, અને જેને આપણે ભૂલથી ધર્મનાં બંધનો સમજતા આવ્યા હતા તે નહીં તોડ્યાં ત્યાં સુધી કેળવણી, શિક્ષણ અને સાંસારિક ઉન્નતિના રસ્તા ઉપર આપણે કદમ સુદ્ધાં પણ મૂક્યો નહોતો ? જો ભૂલભરેલા વિચારો કાયમ રહેત અને સર સૈયદના અંતઃકરણ ઉપર અસર કરનારા બલકે હૈયાને કંપાવી નાંખનારાં લખાણોથી કોમનો સ્વભાવ બદલાઇ ન ગયો હોત તો મુસલમાનોના શિક્ષણ સંબંધીના કૉન્ફરન્સો જે હાલમાં ઠેર ઠેર ભરવામાં આવે છે તે કદી ભરાત, અને કોમના આગેવાનો ઠેકાણે ઠેકાણે



એકઠા મળી પોતાના જાતિ બંધુઓની સ્થિતિ સુધારવા જે ઉપાયો યોજે છે તે યોજાત ? કેવા કેવા પ્રૌઢ મનના અને પ્રકાશિત અંતઃકરણવાળા વિદ્વાનો તથા પ્રવીણ પુરૂષો, નીતિવિવેચકો તથા કવિઓ, સુંદર લખાણો તથા છટાદાર ભાષણો કરનારા મુસલમાનો આવા મેળાવડાઓમાં મળે છે અને તેઓની માનસિક તથા પ્રફુલ્લિત ખ્યાલોવાળી શક્તિઓથી કોમને કેવા ફાયદાઓ પહોંચી રહ્યા છે ? જો સર સૈયદે ખોટા વિચારોનું ખોટાપણું સાબીત કરી ન આપ્યું હોત તો આજે આ શક્તિઓ ગતિમાં આવત ? મારૂં તો એમ ધારવું છે કે જે પ્રકાશિત વિચારો આજે કોમના હૈયાઓને દીપાવી રહ્યાં છે તે મગજના ફાનસોમાંજ ઓલવાઇ જાત, અને તેનાં તેજોમય કિરણો મન તથા અંતઃકરણથી બહાર નીકળવા ન પામત.

ટુંકમાં આ વાતની કોઇ ના પાડી શકતું નથી કે ધર્મ સંબંધી ખોટા વિચારો અમારા ઉદયની આડે આવ્યા અને આવતા જાય છે. હવે એ જોવું જોઇએ કે આ વિચારો મૂળ ધર્મના સાચા વિચારો છે અને ઇસ્લામે તે અમને શીખવ્યા છે ? અથવા તો ઇસ્લામ તેઓથી પવિત્ર તથા ચોખ્ખું છે ? હું પોકાર કરીને કહું છું, બલકે જે આ વાતની ના પાડે તેની સાથે વાદવિવાદ કરવાને તૈયાર છું કે ઇસ્લામ એવા વિચારોથી પવિત્ર, ઇસ્લામ એવી બેહુદી વાતો[illegible] ચોખ્ખું, ઇસ્લામ એવી વાતોથી બેખબર છે. એમ ન સમજ[illegible] કે આ મારો એકલાનો જ અભિપ્રાય છે; એજ અભિપ્રાય છે તે[illegible] ઘણા સાચા અને પવિત્ર મુસલમાનોના કે જેમનાં મગજ ઇશ્વ[illegible] રોશનીથી પ્રકાશિત હતા. એજ મત છે તે ઇમામો તથા આગે[illegible]નોનો કે જે ઇસ્લામના આગેવાનો તથા ધર્મના પેશવાઓ હતા. જે

માણસ કહે છે કે માનસિક વિદ્યાઓ ધર્મશાસ્ત્રનું ઉલ્લંઘન કરે છે
પોતેજ ભૂલ કરે છે કે નવી વાતોની શોધખોળ ધર્મની વિરૂદ્ધ
તે પોતેજ ઇશ્વરના શબ્દો સમજતો નથી. હઝરત ઇમામ ધ
ફરમાવે છે કે, " કેટલાક લોકો એમ સમજે છે કે માનસિક
દ્યાઓ ધર્મ વિદ્યાઓની વિરૂદ્ધ છે; અને એઉનું ભેગું મળવું અ
છે. પણ આવો ખ્યાલ ઉત્પન્ન થવાનું કારણ એ છે કે તે
અવલોકન કરવાની આંખ આંધળી છે. ઇશ્વર એવા લોકોથી અ
રક્ષણ કરો." ઇમામ ફખરૂદીન રાઝી પોતાની તફસીરમાં લ
કે, " ઇશ્વરે ચિંતન કરવાનો હુકમ આપ્યો." પછી તેણે કહ્યું કે
લોકો વિચાર નથી કરતા ? શું તેઓ આકાશ તથા પૃથ્વીના
રાજ્યોને દેખતા નથી ?" અને આ સઘળી બાબતો આ વ
સાબિતી છે કે અવલોકન, તર્ક અને મનન એ જરૂરનાં છે,
આંધળી નકલ કરવી એ ઠપકાને પાત્ર છે. જે માણસ અવ
મ તથા તર્ક કરવાની તરફ બોલાવે છે તે કુરાન અને નબી
સ્લા માર્ગને અનુસરે છે, અને જે માણસ નકલ કરવા તરફ તેડે
રોતું કુરાનની વિરૂદ્ધ અને કાફરોના ધર્મને અનુસરે છે. ઇબ્નેકીમ
આપક્કુ, " જે કાંઇ મુતકલ્લેમીન પંથના તથા બીજા લોકો વર્ણવે
ધનો કુરાનમાં વધારે શુદ્ધ રીતે વર્ણવેલું છે, અને વધારે ખુબીથી
શિક્ષણ હું છે." ઇમામ ધઝાલીની શિખામણોમાંની એક આ છે કે,
પણ આમાં માણસનો ભરોસો પોતાની સમજ અને ચેતનશક્તિ
સર સૈયદ જોઇએ, એટલે કે અંતઃકરણની ખાતરી ઉપર, નહિ કે
નાંખનારે ઓ તથા પુસ્તકો ઉપર, તેમજ પારકાઓ પાસેથી સાં
લમાનો વાર્તાઓ ઉપર પણ નહિ."
આતે

સમાપ્ત.

G. 12312.

NOT TO BE ISSUED

This book may be kept 15 days

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

SHML
G12312

NOT TO BE ISSUED

7 D
199.3
.K2

G.12312